ઉત્થાન ગ્રંથાવલિ : સંખ્યા ૯

# લઘુ વાસુદેવમનન

(સંસ્કૃત ગ્રન્થનો અનુવાદ)

અનુવાદક:

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

પ્રકાશક :-

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
જ્ઞાનસાધન આશ્રમ
પો. મુક્તમૂપુર-જિલ્લા:ભરૂચ

બીજી આવૃત્તિ
પ્રત ૭૫૦
કીમત રૂ.૧-૨૫
ઈ. સ. ૧૯૬૨
વિ. સં ૨૦૧૮

મુદ્રક :

ભાલ મલજી; લિપિની પ્રિન્ટરી,
૩૮૦ ગિરગામ રોડ, મુંબઇ ૨

# પ્રસ્તાવના

(બીજી આવૃત્તિની)

લઘુવાસુદેવમનન નામનો કેવલાદ્વૈત સિદ્ધાન્તનો આ એક પ્રકરણગ્રન્થ છે. આ ગ્રન્થને લઘુ નામ લાગેલું હોવાથી અનુમાન થઇ શકે કે કોઇ બૃહત્‌વાસુદેવમનન નામના ગ્રન્થનું આ સંક્ષિપ્ત રૂપાંતર હશે. એવો મોટો ગ્રન્થ હજુ સુધી સંસ્કૃત વાઙ્‌મયમાં ક્યાંય છપાયેલો જોયો–સાંભળ્યો નથી, એમ આ નામના સંસ્કૃત ગ્રન્થના પ્રકાશક–વાણિવિલાસ પ્રેસ–શ્રીરંગમ્‌–ઇ. સ. ૧૯૨૮માં છપાયેલી પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાંજ લખે છે. તદુપરાંત આ ગ્રન્થના લેખકનાં નામઠામ વિષે પણ કશી માહિતી ઉપલબ્ધ નથી. હસ્તલિખિત પ્રતો ઉપરથી સંશુદ્ધ કરીને વાણીવિલાસ પ્રેસ-વાળાઓએ એ ગ્રન્થ છાપ્યો છે અને વાસુદેવ-નામપરથી અનુમાન તારવે છે કે આ ગ્રન્થના લેખક બ્રહ્મલીન સ્વામીશ્રી વાસુદેવાનન્દ યતિ, જેઓ નર્મદાતટે નિવાસ કરતા હતા, તેમનો લેખપ્રસાદ હોય ! પણ આ નરી અનુમાનની જ વાત હોય એમ લાગે છે.

મરાઠી ભાષામાં ઈ. સ. ૧૯૧૦માં ખંડોકૃષ્ણ ઉર્ફે બાબા ગર્દેએ કરેલો અનુવાદ પ્રકટ થયેલો છે; તેમને એક હસ્તલિખિત પ્રત મળેલી, અને મુંબઇના વેંકટેશ્વર પ્રેસવાલાએ સંસ્કૃત મૂલ છાપેલું, તે પણ તેમણે મેળવીને, તેને આધારે મરાઠી પુસ્તક છપાયું છે એવી હકીકત છે. ત્યાર પછી મરાડી ભાષાનું "વેદાન્ત વિચાર" નામનું એક પુસ્તક જોવામાં આવ્યું જેના લેખક તરીકે શ્રી. વિષ્ણુ નરસિંહ જોગ છે. પ્રસ્તાવનામાં તેઓ લખે છે કે જ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતાના પ્રસિદ્ધ વક્તા શ્રી. નાના મહારાજ સાખરે આ ગ્રન્થની એક હસ્તલિખિત સંસ્કૃત પ્રતિને આધારે કથાશ્રવણ કરાવતા હતા, ત્યાં કથા શ્રવણના પ્રસંગે આ ગ્રન્થની ઉપયોગિતા સમજાતાં શ્રી જોગે એ હસ્તલિખિત પ્રત મેળવીને એના ઉપર

સ્વતંત્ર પુસ્તક લખ્યું. મૂલના બાર વર્ણકને બદલે એમણે સોળ પ્રકરણ કર્યાં, અને આ પુસ્તકના અક્ષરશઃ અનુવાદની વચ્ચે વચ્ચે પોતાના લેખો ગોઠવીને વેદાન્ત-સિદ્ધાન્તનો એક મૂલથી ત્રણેક ગણો મોટો ગ્રન્થ લખીને પૂનાના ચિત્રશાળા પ્રેસ દ્વારા પ્રસિદ્ધ કરાવ્યો.

અનુવાદકની પાસે આ સંસ્કૃત ગ્રન્થ હૃષીકેશના નિવાસ દરમ્યાન ઈ. સ. ૧૯૨૯-૩૦માં આવ્યો. શ્રીરંગમ્‌ના વાણીવિલાસ પ્રેસ તરફથી ભ. શંકરાચાર્યના સમસ્ત લેખસંગ્રહનું પ્રકાશન ચાલુ છે; તેજ છાપખાનાએ અન્ય લેખકોના બીજા નાના પ્રકરણગ્રન્થો પણ છાપ્યા છે; પુસ્તકને જોતાં, વાંચતાં અને વિચારતાં લાગ્યું કે આ ગ્રન્થમાં વેદાન્તના જીજ્ઞાસુને સામાન્ય રીતે જેટલી અને જેવી રીતે જેને પ્રક્રિયાઓ જાણવા-સમજવાની અનિવાર્ય આવશ્યકતા છે, તે બધીનો પ્રાયઃ સમાવેશ કર્યો છે, એટલુંજ નહિ પણ સમજાવવાની પદ્ધતિ તથા પ્રક્રિયાશબ્દોની વ્યાખ્યા વગેરેને વિશેષ સરલ બનાવી છે. વેદાન્તનો અધિકારી, વિવેકાદિ સાધન-ચતુષ્ટય, શ્રવણાદિ ત્રણ સાધન, અધ્યારોપ અપવાદ, કર્મવિચાર, આત્મા–અનાત્માવિવેક, અધ્યાસ, કર્મમાં પ્રેરણા કરનાર રાગદ્વેષ, ત્રણ શરીર, ત્રણ અવસ્થા, ત્રણ અભિમાની, પંચકોશ, સચ્ચિદાનન્દ મીમાંસા, અજ્ઞાનવિચાર, જ્ઞાનાજ્ઞાનવિચાર, આત્મવિચાર, ભાગત્યાગ-લક્ષણા વગેરે અત્યંત સરલતાથી સમજાવ્યાં છે. એટલું છતાં પણ ગ્રન્થ સ્વમુખે વાચન કરવા કરતાં ગુરુમુખે શ્રવણ કરવાથી એની સાર્થકતા સિદ્ધ થાય એમ છે. વેદાન્તનો અભ્યાસ સૂક્ષ્મ-બુદ્ધિ જિજ્ઞાસુને માટે પરમ ઉપકારક છે. સામાન્ય જનસમૂહ માટે પ્રમાણ અને પ્રમેય ગ્રન્થોમાં હમેશાં પ્રમેયપ્રધાન ગ્રંથોજ વિશેષ ઉપકારક છે. પ્રમાણોની આંટીઘૂંટી અને તર્કવિતર્કની જાળ

ગુંથતાં તો જેનો અંત નથી એવી ભાવની શુષ્કતાના ભોગ બની જવાનો ભય રહે છે. આ ગ્રન્થમાં એવું બહુ ઓછું છે. આત્માની, અનુભવની, જીવન્મુકિતની, મોક્ષની વારંવાર વિવેચના કરતાં કરતાં સાધન–સાધ્યની એવી અભેદ ભરી સમજણ આપે છે કે ભકિતપ્રધાન જિજ્ઞાસુને એનો અભ્યાસ, મનન, નિદિધ્યાસન અને એને જ અનુસરતી આત્માકારવૃત્તિનો સહજ–સરળ સમાધિલાભ પણ પ્રાપ્ત થાય એવી શ્રદ્ધા છે.

પ્રથમ આ અનુવાદ 'ઉત્થાન' માસિકપત્રમાં છપાયો હતો; ઇ. સ. ૧૯૪૫માં એ પુસ્તકાકારે છપાવીને ઉત્થાનના ગ્રાહકોને ભેટ તરીકે આપ્યો હતો. પણ તે વખતે એમાં ઘણી અક્ષમ્ય ભૂલો રહી ગઈ હતી. સત્તર વર્ષ પછી એ બધું યથાશકિત સુધારીને આ બીજી આવૃત્તિરૂપે પ્રકટ થાય છે.

અનુવાદ ગુરુશિષ્યના સંવાદરૂપે ગોઠવેલો છે. પ્રક્રિયાના શબ્દો સંસ્કૃત ભાષામાં છે તેવાજ રાખ્યા છે. એ શબ્દોની સમજણ તો તે સ્થળે ગ્રન્થકાર પોતેજ આપે છે, છતાં શબ્દોની વિશેષ વ્યાખ્યા માટે "વેદાન્ત સંજ્ઞાર્થસંગ્રહ" નામનો આ આશ્રમ તરફથી છપાયેલો ગ્રન્થ એમાં અત્યંત ઉપકારક થાય એવો છે, એવી સહજસ્વભાવે ભલામણ કરવાનું મન થાય છે.

યોગ્ય અધિકારીઓ આ ગ્રંથનો પૂરેપૂરો લાભ લે એવી શુભેચ્છાઓ સાથે હરિઃ ૐ તત્સત્

**જ્ઞાનસાધન આશ્રમ**
પો. મુકતમ્પુર
જિલ્લા–ભરૂચ
શ્રા.પૂર્ણિમા ૨૦૧૮

**સ્વા. સ્વયંજયોતિ તીર્થ**

# અનુક્રમણિકા


| વર્ણક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | માયા અને અવિદ્યા તથા ત્રિગુણાત્મક પ્રકૃતિનો વિચાર | ૧ |
| ૨ | સાધન ચતુષ્ટય અને અધિકારી વિચાર | ૯ |
| ૩ | પ્રપંચના ભેદ | ૧૩ |
| ૪ | દુઃખની કાર્યકારણ પરમ્પરાનો વિચાર | ૧૭ |
| ૫ | કર્મવિચાર | ૨૯ |
| ૬ | રાગદ્વેષાદિ વૃત્તિવિચાર | ૪૪ |
| ૭ | આત્મા-અનાત્મા વિચાર | ૫૮ |
| ૮ | આત્માનાં તટસ્થ અને સ્વરૂપ લક્ષણ | ૬૯ |
| ૯ | આત્માનું ત્રણ અવસ્થામાં સાક્ષીપણું | ૮૬ |
| ૧૦ | આત્માનું પંચકોશથી પૃથક્પણું | ૯૩ |
| ૧૧ | સત્-ચિત્-આનન્દનાં ત્રણ પદનો વિચાર | ૧૦૨ |
| ૧૨ | આત્માના અખંડ-અર્થનો વિચાર | ૧૧૬ |

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૧ | સત સ્વરૂપ | સત્ સ્વરૂપ |
| ૨ | ૧૭ | શ્રતિનું | શ્રુતિનું |
| ૪ | ૬ | અવ્યાકત | અવ્યાકૃત |
| ૪ | છેલ્લી | મલપ્રકૃતિ | મૂલપ્રકૃતિ |
| ૫ | ૧૨ | સૂક્ષ્મ ત, | સૂક્ષ્મભૂત |
| ૫ | ૧૬ | શ્રાત્ર | શ્રોત્ર |
| ૭ | ૧૫ | આવરણશકતિના | આવરણશકિતના |
| ૨૮ | છેલ્લી | આવિભવિ | આવિર્ભાવ |
| ૨૯ | ૪ | પ્રકારનાં છે, | પ્રકારનાં છે ? |
| ૩૧ | ૧૦–૧૧ | હોય પણ | (ન જોઈએ.) |
| ૩૧ | ૨૧ | શ્રુતિને | શ્રુતિની ઉકિતઓને |
| ૩૧ | ફુટનોટ–૨ | ચેતો | ચેતા |
| ૩૨ | મથાળું | સ્પષ્ટીકરણમાં "ક" ઉંધો છે. | સ્પષ્ટીકરણ |
| ૩૨ | ૧૮ | કર્ત્તૃત્વના | કર્તૃત્વ |
| ૪૫ | ૧૬ | અશ્વર્યના | ઐશ્વર્યના |
| ૪૮ | ૧૧ | હોવાપણું | હોવાપણું ) |
| ૪૮ | ૨૦ | તેવી | તેથી |
| ૪૮ | ૨૨ | અવલંબેન | અવલંબન |
| ૫૦ | ૫ | સંઘાતને | સંઘાતનો |
| ૫૦ | ૧૩ | સાથી | શાથી |
| ૫૩ | ૨૩ | ધતાં | થતાં |
| ૫૫ | ૨૨ | થઇને | થયેલા |
| ૫૭ | ત્રીજું મથાળું | કમ | કર્મ |

| પૃષ્ટ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫૮ | ૧૮ | ઠીક | ઠીક |
| ૬૬ | ફુટ નોટ–૨ | અધિકરણવાળ<br>ાકહેવાય | અધિકરણવાળા<br>કહેવાય |
| ૬૯ | ૧૩ | વ્યકતરેકતા | વ્યતિરેકતા |
| ૭૨ | છેલ્લી | ફ્રરણ | કરણ |
| ૭૫ | ૧૦ | લક્ષ્ય | (૧) લક્ષ્ય |
| ૭૬ | ૫ | આવકાશને | અવકાશને |
| ૭૭ | ૧૧ | કઈ છે. | કઈ છે ? |
| ૭૯ | ૧૩ | ગમન) | ગમન |
| ૮૨ | ૨ | લક્ષ | લક્ષણ |
| ૮૩ | ૬ | સત | સત્ |
| ૮૩ | ૮ | ચિત | ચિત્ |
| ૯૩ | ૧૪ | તથા | થતા |
| ૧૦૭ | ૧૮ | અવસ્થઓનાં | અવસ્થાઓનાં |
| ૧૧૧ | ૧૨ | પદર્થોને | પદાર્થોને |
| ૧૨૨ | ૧૯ | ( ધક | ધિક |
| ૧૧૮ | ૨૨ | હશો | હશે |
| ૧૨૦ | ૨૨ | પ્રથક્ | પૃથક |
| ૧૨૨ | ૧૭ | સ્વાગત | સ્વગત |
| ૧૨૩ | ૪ | સ્વાગત | સ્વગત |
| ૧૨૩ | ૧૬ | બુાદ્ધ | બુદ્ધિ |
| ૧૨૪ | પહેલું મથાળું | યુકતિમાણ | યુકિતપ્રમાણ |

ॐ

# લઘુવાસુદેવમનન

## પ્રથમ વર્ણક

### મંગલાચરણ

सर्वतन्त्रस्वतन्त्राय सदात्माद्वैतवेदिने ।
श्रीमते शंकरार्याय वेदान्तगुरवे नमः ॥१॥
योऽवतीर्णइहाचार्यरुपेण यतिनां मुदे ।
श्रीमन्नारायणं वन्दे तं हरिं करुणानिधिम् ॥२॥
मननाख्यं प्रकरणं वासुदेव यतीश्वरैः ।
रचितं विस्तरेणायं संग्रहेण प्रकाश्यते ॥३॥
बालानामुपकाराय मम विज्ञानसिद्धये ।
तत्र श्रीबालगोपालकृष्णः संनिहितो भवेत् ॥४॥

અર્થ:-સર્વ શાસ્ત્રોમાં નિષ્ણાત, સતસ્વરૂપ અદ્વૈત આત્માને જાણનાર, અને વેદાન્તશાસ્ત્રના આચાર્ય શ્રીમદ્ શંકરાચાર્યને નમસ્કાર.

જે શ્રીમન્ નારાયણે આ લોકમાં આચાર્યરૂપે અવતાર ધારણ કરીને યતિઓને આનંદ આપ્યો, એવા કરુણાના સાગર શ્રી હરિને હું વંદન કરું છું.

શ્રી વાસુદેવ યતીન્દ્રના વિસ્તારથી લખેલા મનન નામના ગ્રંથનું જિજ્ઞાસુઓના હિતના માટે અને મારા વિજ્ઞાનની સિદ્ધિ માટે સંક્ષિપ્ત વિવેચન કરું છું; શ્રી બાલગોપાલ કૃષ્ણ એમાં (ફલીભૂત થવા માટે) મારી સમીપે રહો!

**ચાર પુરુષાર્થ**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે ય પુરુષાર્થ આ જગતમાં ખરા, પણ પરમ પુરુષાર્થ તો મોક્ષ જ છે; કારણ કે એ નિત્ય છે. "[1]તે (બ્રહ્મવિદ્) ફરી જન્મતો નથી; તે (બ્રહ્મવિદ્) ફરી અવરતો નથી," એવું શ્રુતિ કહે છે. અન્ય ત્રણ પુરૂષાર્થ તેવા નથી, કારણ કે તે અનિત્ય છે; અને "[2]આ લોકમાં જેમ કર્મનું ફલ નાશ પામે છે, તેમ પરલોકમાં પણ પુણ્યકર્મનું ફલ નાશ પામે છે" એવું એમાં છાંદોગ્ય શ્રુતિનું પ્રમાણ છે.

એ મોક્ષ બ્રહ્મજ્ઞાનથી જ સિદ્ધ થાય છે. "[3]તે (બ્રહ્મ)ના જ્ઞાનથી જ મૃત્યુને મટાડી શકાય છે. મોક્ષને માટે એ (બ્રહ્મજ્ઞાન)ના વિના અન્ય માર્ગ (સાધન) નથી" એમ શ્વેતાશ્વતર શ્રુતિ કહે છે. "[4]બ્રહ્મવિદ્ બ્રહ્મને પ્રાપ્ત કરે છે" એવું તૈત્તિરીય શ્રુતિનું વાકય છે.

---

(૧) न च पुनरावर्तते, न च पुनरावर्तते । (છાં. ઉ. ૮–૧૫–૧)

(૨) तद्यथेह कर्मचितोलोकःक्षीयत एवमेवामुत्र पुण्यचितो लोकः क्षीयते । (છાં. ઉ. ૮–૧–૬)

(૩) तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय । (શ્વે. ઉ. ૬–૫)

(૪) ब्रह्मविदाप्नोतिपरम् । (તૈ. ઉ. ૨–૧)

એ બ્રહ્મજ્ઞાન અધ્યારોપ અને અપવાદ વડે પ્રાપ્ત કરવું જોઈએ, કારણ કે અધિષ્ઠાન ( મૂલવસ્તુ–બ્રહ્મ )–ના જ્ઞાનનો ઉદય થવાથી એ મૂલ વસ્તુમાં આરોપિત થયેલા સંસારની નિવૃત્તિ થાય છે. "તત્ત્વનો નિર્ણય અધ્યારોપ–અપવાદ વડે કરવો જોઇએ." "[૫]કર્મથી, પ્રજાથી, કે ધનથી નહિ, (પણ) કેવલ ત્યાગથી જ ઋષિઓએ અમૃત (મોક્ષપદ) પ્રાપ્ત કર્યું" એવું કૈવલ્ય ઉપનિષદ્‌ની શ્રુતિ કહે છે. એટલા માટે મુમુક્ષુએ અધ્યારોપ અને અપવાદ અવશ્ય સમજવાં જોઈએ.

**અધ્યારોપ અને અપવાદ**

છીપમાં રૂપાની, દોરીમાં સર્પની અને થાંભલામાં જેમ પુરુષની ભ્રાન્તિ થાય છે, તેમ નિષ્પ્રપંચ આત્મવસ્તુમાં ( થયેલી ) પ્રપંચ-વિશ્વવિસ્તારની ભ્રાન્તિ અધ્યારોપ કહેવાય છે. આ અધ્યારોપ (આત્મ) વસ્તુના અજ્ઞાનથી થયેલો છે અને જે અજ્ઞાનને (શાસ્ત્રમાં) અવિદ્યા, તમસ્, મોહ, મૂલપ્રકૃતિ, પ્રધાન, ગુણસામ્ય, અવ્યક્ત અને માયા પણ કહે છે. ધોળા,રાતા, અને કાળા રંગના દોરાના વળવાળી દોરીના જેવી એ મૂલપ્રકૃતિ સત્ત્વ ( શ્વેત ), રજસ્, ( રક્ત ), અને તમો ( કૃષ્ણ )ગુણના સમુદાયરૂપ છે. પ્રલય અને મહાસુષુપ્તિ એવાં પણ એનાં નામ છે. પોતપોતાનાં પૂર્વ કર્મ અને વાસનાઓને લીધે અનન્ત પ્રકારના જીવો, લાખના કકડામાં સુવર્ણની રેખાઓ ચોંટી હોય તેમ સૃષ્ટિની પૂર્વે એ મૂલપ્રકૃતિમાં લીન થઇને પડેલા હોય છે. સુષુપ્તિ અવસ્થામાં આવો અનુભવ બધા મનુષ્યોને થાય છે. સૃષ્ટિની ઉત્પત્તિનો સમય

**માયા અને પ્રપંચની ઉત્પત્તિ. અધ્યારોપ–અપવાદની સમજણ.**

---

(૫) न कर्मणा न प्रजया धनेन त्यागेनैकेऽमृतत्वमानशुः । (कै. उ. २)

આવે છે, ત્યારે જીવોનાં કર્મ પરિપક્વ થયાં હોવાથી એ મૂલપ્રકૃતિ માયા, અવિદ્યા અને તામસી એમ ત્રણ પ્રકારની બને છે.

**માયા, અવિદ્યા અને તામસી પ્રકૃતિ; માયાપ્રકૃતિ**

માયામાં વિશુદ્ધ સત્ત્વ–ગુણ પ્રધાન (મુખ્ય) હોય છે; અને સૃષ્ટિની પૂર્વે જે બ્રહ્મચૈતન્ય એમાં પ્રતિબિંબિત થઇને રહે છે, તે ઇશ્વર કહેવાય છે; એનાં અવ્યાકૃત અને અન્તર્યામી એવાં પણ નામ છે. એ જ જગત્સ્રષ્ટા છે; એ જ પરિપૂર્ણ બ્રહ્મચૈતન્ય છે.

**તામસી પ્રકૃતિ; ઉપાદાન અને નિમિત્તકારણ**

તામસી (પ્રકૃતિ) થી અવચ્છિન્ન (મર્યાદિત) થઇને એ (પોતે જ) જગતનું ઉપાદાન કારણ બને છે. કરોળિયો જેમ જાળની વસ્તુ (ઉપાદાન કારણ) પોતાનામાંથી જ ઉત્પન્ન કરીને જાળને (નિમિત્તકારણ થઇને) પોતે જ બનાવે છે, તેમ એ (બ્રહ્મચૈતન્ય) પોતાની ઉપાધિ જેમાં પ્રધાન છે તેનાથી ઉપાદાન કારણ અને જેમાં પોતે પ્રધાન છે. છે, તેનાથી નિમિત્ત કારણ કહેવાય છે.

**જીવ અને ઇશ્વરનાં કારણ–શરીર; કારણ સૃષ્ટિ; અવિદ્યા પ્રકૃતિ**

એ ઇશ્વરે કેવી રીતે જગતની રચના કરી એનું વિવેચન સાંભળો. પ્રથમ જે અવિદ્યા કહી એમાં રજોગુણ પ્રધાન (મુખ્ય) છે. અને એ અનેક પ્રકારની તથા અનંત છે. એ અવિદ્યામાં પ્રતિબિંબિત થયેલા ચૈતન્યવાળા જીવો પણ અનન્ત છે. આ જીવ અને ઈશ્વરનાં વ્યષ્ટિરૂપ અવિદ્યા અને સમષ્ટિરૂપ મૂલપ્રકૃતિ, એમ અનુક્રમે બે કારણ શરીરો છે. જીવ

અને ઈશ્વર જ્યારે આ બે કારણ શરીરોમાં હોય છે, ત્યારે એ સુષુપ્તિ અને પ્રલય અવસ્થા કહેવાય છે; તેઓનાં પોતપોતાનાં એ કારણ શરીરોનું નામ આનન્દમય કોશ છે. આવી રીતે આ કારણ–પ્રપંચની સૃષ્ટિનું વર્ણન થયું.

**સૂક્ષ્મસૃષ્ટિ; આવરણ અને વિક્ષેપશક્તિનું કાર્ય**

હવે સૂક્ષ્મસૃષ્ટિનું વર્ણન સાંભળો. ઇશ્વરના ઈક્ષણ (દૃષ્ટિ, સંકલ્પ, ઇચ્છા) વડે કરીને એ તમોગુણરૂપી પ્રકૃતિ બે પ્રકારની બને છે; એક આવરણશક્તિ અને બીજી વિક્ષેપશક્તિ. એમાંથી વિક્ષેપશક્તિ સૂક્ષ્મ આકાશ બની. આકાશમાંથી વાયુ; વાયુમાંથી અગ્નિ; અગ્નિમાંથી જલ અને જલમાંથી પૃથ્વી બની છે. એ પાંચ ભૂતોનાં સૂક્ષ્મ ભૂત, અપંચીકૃત અને તન્માત્રા એવાં પણ નામ છે.

કારણ અજ્ઞાનમાંથી એને સત્ત્વ, રજસ્, અને તમોગુણ પ્રાપ્ત થાય છે. એ આકાશ વગેરેના પૃથક્ પૃથક્ સત્ત્વગુણના અંશમાંથી શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા અને ઘ્રાણ એમ અનુક્રમે પાંચ જ્ઞાનેન્દ્રિયો ઉત્પન્ન થઇ; એ જ આકાશ વગેરેના સત્ત્વગુણના સમષ્ટિ અંશમાંથી અંતઃકરણ બન્યું; જે મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એવા ભેદ વડે ચાર પ્રકારનું કહેવાય છે. તેમાં બુદ્ધિમાં અહંકારનો અને મનમાં ચિત્તનો અંતર્ભાવ પણ ગણાય છે.

એવી જ રીતે એ આકાશ વગેરેના રજોગુણના અંશમાંથી વાચા, હસ્ત, પાદ, મલદ્વાર, અને જનનેન્દ્રિય એમ પાંચ કર્મેન્દ્રિયો ઉત્પન્ન થઈ. આકાશ વગેરેના રજોગુણના સમષ્ટિ અંશમાંથી

પાંચ પ્રાણ ઉત્પન્ન થયા; પ્રાણ, અપાન, વ્યાન, ઉદ્દાન અને સમાન એમ એના પાંચ ભેદ છે. એ જ્ઞાનેન્દ્રિયપંચક ( ૫ ), કર્મેન્દ્રિય-પંચક ( ૫ ), પ્રાણપંચક ( ૫ ), મન અને બુદ્ધિ મળીને સત્તર અવયવવાળું સૂક્ષ્મ શરીર લિંગ શરીર નામથી ઓળખાય છે. એ જ (સુખદુઃખના) ભોગનું સાધન છે. જીવ અને ઇશ્વર જ્યારે આ સૂક્ષ્મશરીરમાં હોય છે, ત્યારે એ સ્વપ્ન અવસ્થા કહેવાય છે; એમાં વિજ્ઞાનમયકોશ, મનોમયકોશ અને પ્રાણમયકોશ છે; આ સૂક્ષ્મ સૃષ્ટિનું વર્ણન થયું.

**સ્થૂલસૃષ્ટિ**

હવે સ્થૂલસૃષ્ટિ કહીએ. જેમાં તમોગુણ પ્રધાન છે, એવાં પ્રત્યેક અપંચીકૃત આકાશ વગેરે પાંચે ભૂતોના સરખા બે ભાગ થયા; તેમાંથી પ્રત્યેકના અર્ધ ભાગના ચાર ભાગ પડયા પછી પ્રત્યેક પોતાનો અર્ધ ભાગ છોડીને બીજા ભૂતોના અર્ધ ભાગની સાથે મળી ગયું, એ મિશ્રક્રિયા પંચીકરણ કહેવાય છે. એવી રીતે પાંચ તત્ત્વો પાંચ પ્રકારે વિભક્ત થયાં. એ પંચીકૃત ભૂતોમાંથી બ્રહ્માંડ, તેની અંદરનાં ચૌદ ભવન ( લોક ), તેમાં અંડજ, જરાયુજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ એમ ચાર પ્રકારનાં સ્થૂલ શરીરો, તથા અન્ન વગેરે ભોગ્ય વસ્તુઓ ઉત્પન્ન થઇ. જીવ અને ઇશ્વર જ્યારે આ સ્થૂલ શરીરમાં હોય છે, ત્યારે જાગ્રત અવસ્થા કહેવાય છે. આ સ્થૂલ ( શરીર ) જ અન્નમય કોશ છે; એમ સ્થૂલ સૃષ્ટિનું વર્ણન થયું.

**વ્યષ્ટિસમષ્ટિભેદ**

આ કારણશરીર, સૂક્ષ્મશરીર અને સ્થૂલશરીર, એ પ્રત્યેક વ્યષ્ટિ અને સમષ્ટિના ભેદ વડે બે પ્રકારનાં છે. જેમ વન અને ગ્રામ વગેરે સમષ્ટિ છે અને વૃક્ષ અને ગૃહ

વગેરે વ્યષ્ટિ કહેવાય છે, તેવી જ રીતે સમસ્ત શરીરો સમષ્ટિ અને એક શરીર વ્યષ્ટિ કહેવાય છે. તેમાં સમષ્ટિની ઉપાધિવાળો ઇશ્વર છે, અને જીવની ઉપાધિ વ્યષ્ટિ છે. તેમાં પણ વળી કારણ-સમષ્ટિને લીધે ઈશ્વર અને કારણવ્યષ્ટિને લીધે જીવ; સૂક્ષ્મ સમષ્ટિ વડે હિરણ્યગર્ભ અને સૂક્ષ્મવ્યષ્ટિ વડે તૈજસ; તથા સ્થૂલ સમષ્ટિ વડે વૈશ્વાનર, અને સ્થૂલ વ્યષ્ટિ વડે વિશ્વ; આવા જીવ અને ઈશ્વરના અવાન્તર ( પેટા ) ભેદ છે.

**ત્રિગુણ અને એના અધિષ્ઠાતા**

આ ઈશ્વર જ સત્ત્વ, રજસ્ અને તમોગુણની ઉપાધિવડે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રરૂપ ધારણ કરીને ( જગતનાં ) સૃષ્ટિ, સ્થિતિ (રક્ષા) અને સંહાર ( લય ) કરે છે; બ્રહ્માનો વિરાટ ( વૈશ્વાનર ) પુરુષમાં, વિષ્ણુનો હિરણ્યગર્ભમાં અને રુદ્રનો ઇશ્વરમાં અંતર્ભાવ મનાય છે. આવી રીતે પ્રપંચની ઉત્પત્તિ સમજાવી. એનું નામ જ અધ્યારોપ; એ વિક્ષેપશકિતનું કાર્ય છે.

**આવરણશકિતનું કાર્ય**

હવે આવરણશકિતના કાર્યનું વર્ણન કરીએ; ઈશ્વર અને આત્મજ્ઞાનીઓ એ બે વિના બીજા બધા જીવોને, આ આવરણશકિત અંધકારની પેઠે પાંચ કોશ અને આત્માના ભેદને ઓળખવા દેતી નથી. એ આવરણ (ઢાંકણ, પડદો) બે પ્રકારનું છે, એક અસત્ત્વ આવરણ અને બીજું અભાન

**અસત્ત્વ અને અભાન આવરણ**

આવરણ ( ૧ ) “ વસ્તુ નથી ” એવા વ્યવહારનું કારણ અસત્ત્વ આવરણ છે, અને ( ૨ ) “ વસ્તુ દેખાતી નથી” એવા વ્યવહારનું કારણ અભાન આવરણ કહેવાય છે. આ આવરણ-

શકિતનું કાર્ય જ સંસારવૃક્ષનું મૂળ છે, વિક્ષેપશકિતનું કાર્ય નહિ. મોક્ષસિદ્ધિમાં પણ એ જ હેતુ (બાધકરૂપ) છે.

આ બંને પ્રકારના આવરણનો તત્ત્વજ્ઞાનથી નાશ થઈ શકે છે.

**પરોક્ષ અને અપરોક્ષ જ્ઞાન**

એ તત્ત્વજ્ઞાન પણ પરોક્ષ અને અપરોક્ષ એમ બે પ્રકારનું છે. શ્રી ગુરુ-મુખથી વેદાન્તશાસ્ત્રદ્વારા પ્રાપ્ત કરેલું જ્ઞાન પરોક્ષ કહેવાય છે; એ જ શ્રવણ છે. એનાથી જ્યારે "વસ્તુ નથી" એવી જાતનું અસત્ત્વ આવરણ નાશ પામે છે ત્યારે "વસ્તુ છે" એવો વ્યવહાર શરૂ થાય છે.

શ્રવણથી સંશય, મનનથી અસંભાવના અને નિદિધ્યાસનથી વિપરીત ભાવનાની નિવૃત્તિ થઈને "હું શરીર છું" એવા જ્ઞાનના જેવું "હું બ્રહ્મ છું" એવું જ્ઞાન ઉત્પન્ન થાય, એ અપરોક્ષ જ્ઞાન કહેવાય છે. એનાથી "વસ્તુ દેખાતી નથી" એવા વ્યવહારનું કારણ જે અભાન આવરણ હતું તેનો નાશ થાય છે. આવી રીતે જ્યારે પરોક્ષ અને અપરોક્ષ જ્ઞાનથી "બ્રહ્મ નથી," અને "બ્રહ્મદર્શન થતું નથી" એવા વ્યવહારના કારણ-રૂપ બન્ને પ્રકારના આવરણનો નાશ થાય છે, ત્યારે અનર્થ (સંસાર)ની નિવૃત્તિ અને આનંદની પ્રાપ્તિ થાય છે.

**શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી નાશ પામતાં અનુક્રમે સંશય અસંભાવના અને વિપરીત ભાવના**

તેમાં આ પ્રમાણે સાત અવસ્થાઓ સિદ્ધ થાય છે. તેનાં નામ: (૧) અજ્ઞાન (૨) આવરણ (૩) વિક્ષેપ (૪) પરોક્ષ જ્ઞાન (૫) અપરોક્ષ જ્ઞાન (૬) શોકનિવૃત્તિ અને (૭) નિરંકુશ તૃપ્તિ.

**મોક્ષ પર્યંતની સાત અવસ્થાઓ**

ઉપર પ્રમાણે આકાશના જેવી નિર્મલ ચૈતન્યવસ્તુમાં જે મિથ્યાભૂત પ્રપંચની કલ્પના થઈ છે એનું નામ અધ્યારોપ.

**અપવાદવિચાર: માયા અને અવિદ્યાનો શબ્દાર્થ**

હવે અપવાદનું વિવેચન કરીએ. "કારણ વિના કાર્ય હોતું નથી" એ ન્યાયે જેમ છીપમાં રૂપું નથી, અને રજ્જુમાં સર્પ નથી; તેમ "બ્રહ્મમાં પ્રપંચ નથી" એવા જ્ઞાન વડે એનો નિષેધ થાય તે અપવાદ કહેવાય છે. " ( या ) જે ( मा ) નથી તે (माया) માયા, ( न=अ વિદ્યતે ) જે વિદ્યમાન નથી તે ( અવિદ્યા ) અવિદ્યા; આવી એ શબ્દોની વ્યુત્પત્તિને લીધે માયાનું કલ્પિતપણું સિદ્ધ થાય છે. આ પ્રમાણે બ્રહ્મ વિના અન્ય કાંઇ છે જ નહિ, તે " બ્રહ્મ હું જ છું " એમ વિચાર કરીને જે જ્ઞાન પ્રાપ્ત કરે છે, તે જ જીવન્મુક્ત છે એવો વેદાન્તનો સિદ્ધાન્ત છે.

## દ્વિતીય વર્ણક

**અનુબંધ ચતુષ્ટય; વિષય, પ્રયોજન, સંબંધ, અધિકારી**

આ દ્વિતીય વર્ણકમાં અનુબંધ ચતુષ્ટય કહેવાશે. (૧)વિષય, ( ૨ ) પ્રયોજન, ( ૩ ) સંબંધ અને ( ૪ ) અધિકારી, એ ચાર અનુબંધ છે. આ વેદાન્તશાસ્ત્રમાં બ્રહ્મ વિષય છે. મોક્ષ જ એમાં પ્રયોજન છે;

પ્રતિપાદ્ય (જે વિષય પ્રતિપાદન કરવો છે તે) અને પ્રતિપાદક (એ વિષયને પ્રતિપાદન કરનાર ગ્રંથ) ભાવ અથવા બોધ્યબોધક-ભાવ એ સંબંધ છે. અને ચાર સાધન જેણે સંપાદન કર્યાં હોય તે (વ્યક્તિ) અધિકારી છે. બૃહસ્પતિ સવન (યજ્ઞ)માં બ્રાહ્મણ અને રાજસૂયયજ્ઞમાં જેમ ક્ષત્રિય (અધિકારી છે) તેમ વેદાન્ત-શાસ્ત્રમાં સાધનચતુષ્ટયસંપન્ન અધિકારી મનાય છે.

**અધિકારી અને સાધનચતુષ્ટય**

(૧) નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક, (૨) આ લોક અને પરલોકના વિષય, (કર્મ)ફલ, અને ભોગમાં વિરાગ, (૩) શમ વગેરે છ ગુણ અને (૪) મુમુક્ષુત્વ એ સાધનચતુષ્ટય છે.

**વિવેક**

બ્રહ્મ જ સત્ય છે અને જગત અનિત્ય છે, એવું શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોના શ્રવણદ્વારા સ્વાભાવિક ઉત્પન્ન થયેલું જ્ઞાન, નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક કહેવાય છે.

**વિરાગ**

આ લોકમાં પુષ્પચંદનાદિ અને પરલોકમાં અપ્સરાવનિતાદિ વિષયોના ભોગ એ બન્ને અનિત્ય છે, તેથી શ્વાનની ઉલટી, મૂત્ર કે વિષ્ટાની પેઠે એ વિષયોપ્રતિની વૈરબુદ્ધિને લોકપરલોકના ફલભોગનો વિરાગ કહેવામાં આવે છે.

**શમાદિષટ્ક**

શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન અને શ્રદ્ધા, એ શમાદિષટ્ક છે. (૧) શમ એટલે (શાસ્ત્ર) શ્રવણાદિ સિવાય અન્ય વિષયોમાંથી મનને નિવૃત્ત કરીને આત્મવિષયક શ્રવણ વગેરેમાં સ્થિર કરવું, (૨) દમ એટલે જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોનો નિગ્રહ; (૩) ઉપરતિ એટલે (કર્મ)સંન્યાસ, નિષ્કામ કર્મનું અનુષ્ઠાન, અથવા (પ્રાપંચિક)

વ્યવહારનો લોપ, (૪) તિતિક્ષા એટલે પ્રારબ્ધને લીધે આવી પડેલા શીત અથવા ઉષ્ણ ભોગોને સહન કરવાની શકિત; (૫) સમાધાન એટલે શ્રવણ વગેરે અનુકૂળ વિષયમાં મનની એકાગ્રતા; (૬) શ્રદ્ધા એટલે ગુરુ અને વેદાન્તનાં વાકયોમાં વિશ્વાસ; આ શમ વગેરે છ ગુણો થયા.

**મુમુક્ષા**

આગ લાગેલા ઘરમાંથી બળતો પુરુષ જેમ સ્ત્રીપુત્રાદિકનો ત્યાગ કરીને, પોતાની બળતરાની શાંતિને માટે બહાર નીકળી ગરમીની ઉપશાંતિ કરવા ઈચ્છે છે, તેવી રીતે સર્વ એષણાઓ ( વાસનાઓ )નો ત્યાગ કરનાર સાંસારિક તાપમાંથી શાંતિ મેળવવા માટે બ્રહ્મમાં તાદાત્મ્ય ( એકતા )ભાવ રૂપી મોક્ષપ્રાપ્તિની તીવ્ર ઇચ્છા કરે તે મુમુક્ષા.

**ચારેય સાધનોની આવશ્યકતા**

સંસારમાં ઘણાઓને નિત્ય અને અનિત્ય વસ્તુઓનો વિવેક હોવા છતાં પણ તેમનામાં વૈરાગ્ય દેખાતો નથી, તેથી લોકપરલોકના ફલભોગમાં વિરાગ અવશ્ય હોવો જોઈએ એમ કહેલું છે. એ બન્ને ( વિવેક અને વિરાગ ) હોવા છતાં પણ કેટલાએક મહાન ઋષિઓમાં ક્રોધ, સંતાપ વગેરે જોવામાં આવે છે, તેથી શમાદિષટ્ક હોવાં જોઈએ એમ કહ્યું છે; અને એ ત્રણે સાધન હોવા છતાં પણ કેટલાએક ભકિતદ્વારા ઈશ્વરની ઉપાસના કરનારાંઓમાં જ્ઞાનનો અધિકાર દેખાતો નથી, તેથી મુમુક્ષા હોવી જોઈએ એમ નિયમ રાખ્યો છે.

**ગુરુ ?રણવિધાન અને એની આવશ્યકતા**

આવા સાધનસંપન્ન અધિકારીએ હાથમાં ઉપહાર ( પત્ર, પુષ્પ, ફલાદિ યથાશકિત સત્કાર-સૂચક ભેટ ) અને સમિધા લઇને સદ્ગુરુની સમક્ષ જવું જોઈએ; ત્યાં શ્રદ્ધા અને વિનયપૂર્વક નમસ્કાર

કરીને "હે સ્વામી! હે ભગવન્! હે ગુરુ!" એવા સંબોધનપૂર્વક "જીવ કોણ? ઇશ્વર કોણ? જગત શું છે? એ ત્રણે ક્યાંથી ઉત્પન્ન થયાં? ક્યાં જશે?" એવા પ્રશ્ન કરવા જોઈએ. એ વિષયમાં મુંડકઉપનિષદ્ (૧–૨–૧૨) ની શ્રુતિ કહે છે કે:– [૬](કર્મથી પ્રાપ્ત થયેલા લોકોને (નાશવંત છે એમ) જાણીને બ્રાહ્મણોએ વૈરાગ્યયુક્ત થવું: કર્મવડે નિત્ય (અકૃત) બ્રહ્મ (પ્રાપ્ત થાય) નહિ. તે બ્રહ્મના જ્ઞાન માટે તેણે (અધિકારીએ) હાથમાં સમિધા લઇને શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જવું જોઈએ." વળી ભગવદ્‌ગીતા (અ. ૪–૩૪)નું પણ વચન છે કે: [૭] "તત્ત્વદર્શી જ્ઞાનીઓ તને જ્ઞાનનો ઉપદેશ કરશે; પ્રણામ, વારંવાર પ્રશ્ન, અને સેવા કરીને તું એ (બ્રહ્મ)જ્ઞાન પ્રાપ્ત કર."

આવી રીતે શિષ્ય પ્રાર્થના કરે એટલે શ્રી સદ્‌ગુરુ દયાપૂર્વક સત્ત્વ, રજસ્, અને તમોગુણ વડે, જીવ, ઈશ્વર અને જગતના આવિર્ભાવના પ્રકારનું રહસ્ય સમજાવીને, હાથમાં પ્રત્યક્ષ જણાતા આમળાની પેઠે, આત્મસ્વરૂપનું જ્ઞાન ઉપદેશે છે: અનેક જન્મનાં પુણ્યકર્મના સંચયના ઉદય વડે ઈશ્વરનો અનુગ્રહ થાય, ત્યારે આવા (શ્રવણના) અધિકારીને સાધનચતુષ્ટય પ્રાપ્ત થાય છે એમ સમજવું જોઈએ.

---

(૬) परीक्ष्यलोकान् कर्मचितान् ब्राह्मणो निर्वेदमायान्नास्त्यकृतः कृतेन ।
तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥
(मु. उ. १–२–१२)

[७] तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया । उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिन स्तत्त्व दर्शिनः [भ. गी. ४–३४]

એ તત્ત્વજ્ઞાનનું દાન કરનાર ગુરુને સાક્ષાત્ ઈશ્વર જ માનવા જોઈએ. આવી રીતે જે અધિકારી શ્રી ગુરુમુખથી જીવાત્મા અને પરમાત્માનો અભેદ વિચારીને જ્ઞાન પ્રાપ્ત કરે છે તે જ મુક્તિ પામે છે એવું સિદ્ધ છે.

**ગુરુમાં ઈશ્વરબુદ્ધિ**

# તૃતીય વર્ણક

શિષ્ય :–આ પ્રપંચમાં પ્રકાર કેટલા છે ?

ગુરુ :–એમાં આત્મા અને અનાત્મા એમ બે પ્રકાર છે. પ્રપંચથી અતીત ( પર ) આત્મામાં આ પ્રપંચ કેવી રીતે ઉત્પન્ન થયો છે એમ શંકા કરવાની નથી.

**પ્રપંચના પ્રકાર આત્મા અને અનાત્મા**

શિષ્ય :–કેમ, શા માટે ?

ગુરુ :–આ પ્રપંચ ચેતન તથા અચેતન એમ બે ભેદવાળો છે અને આત્મા ચેતનરૂપ છે તેથી આત્મા વિના પ્રપંચનો સંભવ જ નથી, એટલા માટે આત્માનો પણ પ્રપંચમાં અંતર્ભાવ કહેવો જોઈએ.

શિષ્ય:–ત્યારે એ ચેતન શું તેમ જ અચેતન શું ?

ગુરુ: સમસ્ત જંગમ પદાર્થ ચેતન અને સર્વ સ્થાવર પદાર્થ અચેતન છે.

**ચેતન અને અચેતન વિચાર**

શિષ્ય:—એ ચેતન તથા અચેતનના પ્રત્યેકના અનેક પ્રકાર છે છતાં પ્રપંચના બે જ પ્રકાર કેમ કહ્યા?

ગુરુ:—સાંભળ; અનાત્મા છે તો એક જ પણ કાર્યરૂપે તે અનેક રૂપે થાય છે; તેમ આત્મા પણ એક જ છે, અને તે પણ અનાત્મ કાર્યોની ઉપાધિઓ વડે અનેક જીવો અને અનેક ઈશ્વરો રૂપે દેખાય છે.

શિષ્ય:—ઈશ્વર તો એક જ છે; છતાં જીવોની પેઠે એને અનેકપણું કેવી રીતે સંભવે છે?

**ઇશ્વર અને જીવની અનેકતા**

ગુરુ:— પવિત્ર તીર્થોમાં, ગામોમાં અને ઘરોમાં (પૂજાતી) શિવ, વિષ્ણુ વગેરે મૂર્તિઓના ભેદોને લીધે એનું અનેકપણું કહ્યું છે.

શિષ્ય:—એ મૃત્તિકા તથા શિલાની મૂર્તિઓનું કેવી રીતે ઇશ્વરપણું માની શકાય?

**મૂર્તિઓમાં ઇશ્વર-ભાવના**

ગુરુ:- અનેક (ધર્માત્માઓ) અત્યંત દ્રવ્યનું ખર્ચ કરીને એ મૂર્તિઓનું અભિષેક અને નૈવેદ્ય વગેરેથી પૂજનકર્મ કરે છે, તેથી એમાં ઈશ્વરપણું માન્યું છે, જે લોકોનો શાસ્ત્રમાં વિશ્વાસ નથી, એવા મ્લેચ્છાદિ લોકોનું મૂર્તિપૂજનસંબંધે ઉદાહરણ ન લેતાં હંમેશાં શ્રદ્ધાવાનનું જ દૃષ્ટાંત ગ્રહણ કરવું જોઈએ. સર્વ પ્રકારે ત્યાગ કરવા જેવા મલમૂત્રાદિથી ભરપૂર આ દેહમાં આત્મબુદ્ધિ કરનારા જીવાત્માઓને અત્યન્ત શુદ્ધ મૂર્તિઓમાં ઈશ્વરબુદ્ધિ કરવામાં શું દોષ આવે છે?

શિષ્ય :–આવી રીતે એક જ અનાત્માની એનાં કાર્યપરત્વે અનેકતા, અને એક જ આત્માની અનેક અનાત્મકાર્યોની ઉપાધિ વડે અનેકતાનાં કાંઈ દૃષ્ટાન્ત છે ખરાં ?

**આત્મા તથા અનાત્માની અનેકતા**
**( અવચ્છેદવાદ )**

ગુરુ :–જેવી રીતે એક જ પૃથ્વી (તત્ત્વ) અનેક કાર્યરૂપે પરિણામ પામી પર્વત, વૃક્ષ, દરવાજો, ભીંત, કોઠાર, ઘર, ઓરડો, ઘડો, કોડિયું, વગેરે ભેદ ધારણ કરે છે, તેવી જ રીતે અનાત્મારૂપી મૂલપ્રકૃતિ એક જ હોવા છતાં પણ, કાર્યશરીર-રૂપે પરિણામ પામીને અનેક બને છે. વળી જેમ એક જ આકાશ પૃથ્વીનાં કાર્યોની ઉપાધિઓમાં પ્રવિષ્ટ થયેલું હોય, ત્યારે જેવી રીતે “આ ઘટાકાશ છે, આ મઠાકાશ છે” એમ અનેકરૂપે દેખાય છે, તેવી જ રીતે આત્મા સ્વયં એક જ હોવા છતાં પણ, અનેક શરીરોની ઉપાધિઓમાં પ્રવિષ્ટ થયો હોય તેમ દેવ, મનુષ્ય, રામ, કૃષ્ણ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, પશુ, પક્ષી, કૃમિ, કીટ, એમ અનેક પ્રકારે દેખાય છે. આ અવચ્છેદવાદના પક્ષનું દૃષ્ટાન્ત છે.

**( પ્રતિબિંબવાદ )**

પ્રતિબિમ્બવાદના પક્ષનું વર્ણન સાંભળ. જેવી રીતે એક જ જલ ( તત્ત્વ ) સમુદ્ર, નદી, તળાવ, કૂવો, ઘડા વગેરેમાં પડીને અનેક ( નામવાળા ) પ્રકારનું બને છે, તેવી જ રીતે એક જ અનાત્મા અનેક પ્રકારે ઉત્પન્ન થાય છે. ઉપરાંત એ સમુદ્ર વગેરેના જળમાં એક જ સૂર્ય પ્રતિબિમ્બિત હોવા છતાં જેમ અનેકરૂપે ( પ્રતિબિંબિત ) જણાય છે, તેમ એક જ આત્મા જ્યાં જ્યાં અંતકરણ છે એવાં શરીરોમાં પ્રતિબિંબિત થઈને અનેક બને છે. આવી રીતે આ બન્ને પક્ષનાં દૃષ્ટાન્તો સમજવાનાં છે.

જેવી રીતે શીતલતા, તરલતા વગેરે જળના ધર્મો તે જલમાં પડેલા પ્રતિબિમ્બમાં જણાય છે, પણ બિમ્બભૂત સૂર્યને સ્પર્શ કરતા નથી, તેવી જ રીતે જ કર્તૃત્વ, ભોકતૃત્વ વગેરે વિકારો, જે અંતઃકરણના ધર્મો છે, તે અંતઃકરણનિષ્ઠ ચિદ્દાભાસમાં હોય તેમ દેખાય છે, પણ બિમ્બભૂત આત્મા (ચિત્) ને તે સ્પર્શ કરતા નથી. આથી જીવાત્મા એ જ પરમાત્મા અને પરમાત્મા એ જ જીવાત્મા છે (એવો સિદ્ધાન્ત છે.)

**જીવાત્મા અને પરમાત્માનો અભેદ**

શિષ્ય :–તે કેવી રીતે ?

ગુરુ :–જેવી રીતે ઘટાકાશ જ મહાકાશ છે અને મહાકાશ એ જ ઘટાકાશ છે તેવી રીતે એ પણ સમજજે.

શિષ્ય :–પણ જીવાત્મા તો કલ્પિત છે; જે કલ્પિત હોય તે અસત્ય હોય છે, તો પછી એનો સત્ય પરમાત્માની સાથે કેવી રીતે અભેદ સંભવે ?

ગુરુ :–પારમાર્થિક, વ્યાવહારિક અને પ્રાતિભાસિક એમ જીવના ત્રણ ભેદ છે: અને સુષુપ્તિ, જાગ્રત અને સ્વપ્ન અવસ્થાના એ ત્રણે જીવો અનુક્રમે અભિમાની ગણાય છે. જેવી રીતે જળમાં તરંગ કલ્પિત છે, અને તરંગમાં ફીણ કલ્પિત છે, તેવી રીતે પારમાર્થિક (જીવ)માં વ્યાવહારિક (જીવ) કલ્પિત છે, અને વ્યાવહારિક (જીવ)માં પ્રાતિભાસિક (જીવ) કલ્પિત છે. જેમ મધુરતા, પ્રવાહીપણું અને શીતલતા વગેરે પારમાર્થિક જળમાં રહેલાં છે, તે જ તરંગમાં દેખાય છે અને તેના દ્વારા ફીણમાં

**જીવના પારમાર્થિક વ્યાવહારિક, અને પ્રાતિભાસિક ભેદ**

પ્રતીત થાય છે, તેમ પારમાર્થિક કૂટસ્થમાં રહેલા સત્, ચિત્ અને આનંદ વ્યાવહારિકમાં દેખાય છે અને વ્યાવહારિક દ્વારા પ્રાતિભાસિકમાં પણ પ્રતીત થાય છે. જેમ તરંગ વિના ફીણ હોવાનો સંભવ નથી, અને જળ વિના જેમ તરંગ હોઇ શકે નહિ, કેવલ જલ એમાં પારમાર્થિક છે, તેમ વ્યાવહારિક વિના પ્રાતિભાસિકનું અસ્તિત્વ નથી, અને પારમાર્થિક વિના વ્યાવહારિકનો સંભવ નથી. વળી જેમ પરમાર્થ દૃષ્ટિએ વિચારતાં ઘટાકાશ જ મહાકાશ છે, તેવી જ રીતે પારમાર્થિક કૂટસ્થ જ પરમાત્મા છે એવો સિદ્ધાન્ત છે.

આમ "નેતિ નેતિ–એ નહિ, એ નહિ" એવા શ્રુતિ- (ના નિષેધ) વાક્યથી દેહાદિ પંચકોશથી પારમાર્થિક કૂટસ્થને પૃથક્ કરીને, એ પારમાર્થિક કૂટસ્થ હું છું એમ જે જાણે, અને "अहंब्रह्मास्मि હું બ્રહ્મ છું" એવા શ્રુતિના વિચાર, યુક્તિ અને દૃઢ નિશ્ચય વડે જે (વ્યક્તિ) સાક્ષાત્કાર કરે છે, એ જ પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપ છે; તેને પુણ્ય કે પાપકર્મો સ્પર્શ કરતાં નથી, એમ સમસ્ત ઉપનિષદો એક જ તાત્પર્યથી ઘોષણા કરે છે.

## ચતુર્થ વર્ણક

**દુઃખાદિસપ્તકનો વિચાર**

હવે આ જીવને આવી મળેલાં (૧) દુઃખ, (૨)જન્મ,(૩) કર્મ. (૪) રાગદ્વેષાદિ, (૫) અભિમાન, (૬) અવિવેક અને (૭) અજ્ઞાન, એ સાત ઉત્તરોત્તર એક બીજાનાં કારણ છે; તેમાં દુઃખ, જન્મ, કર્મ અને રાગદ્વેષાદિ એ ચારનું ચતુર્થ અને પંચમ વર્ણકમાં વિવેચન કર્યું છે.

શિષ્યઃ—જીવાત્માને થતું દુઃખ સ્વાભાવિક છે કે આગન્તુક?

**દુઃખાદિ સ્વાભાવિક કે આગન્તુક?**

ગુરુ:—એ આગન્તુક છે એમ જણાય છે; કારણ કે સ્વાભાવિક માનવામાં ઘણા દોષ ઉત્પન્ન થાય છે.

શિષ્ય:—તે કેવી રીતે?

ગુરુ:—આ જીવાત્માનું દુઃખ સ્વાભાવિક માનીએ તો દુઃખનું નિવારણ કદી પણ થઇ શકે જ નહિ; અને કોઇને સુખ જ ન પ્રાપ્ત થાય. તેમ દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિને માટે કોઈ કર્મ જ કરે નહિ; સત્કર્મ, યોગ, ધ્યાન અને ઉપાસનામાં કોઇનો પ્રયત્ન જ સંભવે નહિ; ઉપરાંત વેદો, શાસ્ત્રો અને પુરાણોને પણ વ્યર્થ માનવાં પડે એમ સમજ.

શિષ્ય:—દુઃખ સ્વાભાવિક હોય તો પણ એની નિવૃત્તિ માટે પ્રયત્ન કરવો જોઇએ એમ ન કહેવાય?

**સ્વભાવ અને સ્વરૂપ**

ગુરુ:—એમ કદાપિ સંભવે જ નહિ; કારણ કે જે સ્વાભાવિક હોય તે તો પોતાનું સ્વરૂપ હોવાથી પોતાના સ્વરૂપનો નાશ કરવા માટે કોઇ પ્રયત્ન કરે ખરો કે? અને પોતાના સ્વરૂપનો નાશ થયા પછી પુરુષાર્થના ફલનો ભોક્તા કોણ રહેશે?

શિષ્ય:—જે સ્વાભાવિક હોય તે પોતાનું જ સ્વરૂપ કેવી રીતે કહેવાય?

ગુરુ:—સાંભળ; ગોળનો મધુર ગુણ એનો સ્વભાવ કહેવાય. એના એ મધુર ગુણનો નાશ થાય તો ગોળનો પણ નાશ થાય

છે. તેવી રીતે જીવાત્માનું દુઃખ સ્વાભાવિક હોય તો દુઃખનો નાશ થતાં આત્મસ્વરૂપનો પણ નાશ થઇ જાય ! પણ આત્માનો નાશ થતો નથી: એ તો અવિનાશી અને નિત્ય છે. [૮] "હે (મૈત્રેયી) આત્મા અવિનાશી છે." [૯] "આકાશની પેઠે એ સર્વવ્યાપક અને નિત્ય છે." [૧૦] "આ જ્ઞાનસ્વરૂપ આત્મ જન્મતો નથી, મરતો નથી; એ (પોતાનાથી ભિન્ન એવા બીજા) કોઈથી ઉત્પન્ન થતો થથી; એ કદી થયો પણ નહોતો; એ અજન્મા, નિત્ય, ક્ષયરહિત (શાશ્વત), વૃદ્ધિરહિત (પુરાણ) છે. શરીર હણાતાં છતાં પણ એ હણાતો નથી." આમ અનેક શ્રુતિઓ વર્ણવે છે; એથી આત્માનું દુઃખ સ્વાભાવિક નહિ, પણ આગન્તુક છે એમ તું નક્કી જાણજે.

શિષ્ય :–શું સ્વાભાવિક નાશ પામવા છતાં સ્વરૂપ રહી શકે એમ ન બને ?

ગુરુ :–એ અસંભવિત છે.

શિષ્ય :–શા માટે નહિ ? અગ્નિની સ્વાભાવિક ઉષ્ણતા મણિમન્ત્રાદિ વડે દૂર થાય છે ત્યારે એના સ્વરૂપનો નાશ થતો નથી, અને શીતળતા આવે છે. તેવી જ રીતે દુઃખ ભલે જીવાત્માને

---

(८) " अविनाशी वा अरेऽयमात्मा "

(बृ. उ. ४,५,१४)

(९) " आकाशवत्सर्वगतश्च नित्यः "

(१०) " न जायते म्रियते वा विपश्चित्
नायंकुतश्चिन्न बभूव कश्चित् ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ (कठ. उ. २–१८)

સ્વાભાવિક હોય, પણ તે ઉત્કૃષ્ટ કર્મ, ઉપાસના અથવા યોગબલ વડે નાશ પામે અને સુખ પ્રાપ્ત થાય એમ કેમ ન કહેવાય ?

ગુરુ :–પણ એ નિવૃત્તિ તો તાત્કાલિકી છે; આત્યન્તિકી નહિ.

**દુ:ખની તાત્કાલિકી અને આત્યન્તિકી નિવૃત્તિ**

શિષ્ય :—એ કેવી રીતે !

ગુરુ:–કર્મથી ઉત્પન્ન થયેલું સર્વસ્વ (ફલ) કર્મનો નાશ થતાં નાશ પામે છે. તારાં કહેલાં અગ્નિ અને આત્માનાં દૃષ્ટાન્ત. તેમ જ દાર્ષ્ટાન્તમાં ઉષ્ણતા અને દુઃખ મણિમંત્રાદિ તેમ જ ઉત્કૃષ્ટ કર્મ, ઉપાસના, અથવા યોગબલદ્વારા નીકળી જાય છે, તો પણ મણિ-મંત્રાદિનો પ્રભાવ અને કર્માદિનો ક્ષય થતાં શીતળતા અને સુખ પણ ચાલ્યાં જાય છે; અને સ્વાભાવિક ઉષ્ણતા અને દુઃખ વળી પાછાં આવે છે. વળી એમ માનીએ તો પણ સમસ્ત જીવોને તાત્કાલિક મુકિત થશે, પણ પુનર્જન્મ વિનાની નિત્યમુકિત નહિ મળે. ઉપરાંત મોક્ષની ઉત્પત્તિ માનશું તો એમાં અનિત્યપણું આવશે. એમ માનવામાં "એ (મુકત) ફરી અવતરતો નથી." "એ અખંડ આનંદરૂપ અને અદ્‌ભૂત છે" એવું મુકિતનું નિત્યત્વ પ્રતિપાદન કરનારી શ્રુતિઓનો વિરોધ થશે.

વળી આત્મામાં દુઃખની સ્વાભાવિકતા માનીએ તો સુષુપ્તિ અવસ્થામાં, મૌનભાવમાં અને યોગીની સમાધિમાં દુઃખની જ પ્રતીતિ થવી જોઈએ, પણ એમ દેખાતું નથી. ઉલટું એ ત્રણે અવસ્થાઓમાંથી વ્યુત્થાન પામ્યા (ઊઠયા) પછી "આટલો વખત હું સુખમાં હતો." એમ (સૂઇ ઊઠનારને) કેવળ સુખનું જ સ્મરણ રહે છે. એથી આત્મામાં સુખ જ સ્વાભાવિક છે અને દુઃખ આગન્તુક છે એમ જાણજે.

**દુઃખનું કારણ શરીરપરિગ્રહ**

આ સુખસ્વરૂપ આત્મામાં શરીરપરિગ્રહને લીધે દુઃખ આવ્યું છે, કારણ કે "જ્યાં જ્યાં શરીરપરિગ્રહ છે ત્યાં ત્યાં દુઃખ છે" એવો સામાન્ય નિયમ ( વ્યાપ્તિ ) છે.

શિષ્ય :–સંસારમાં રાજા મહારાજા વગેરેને શરીરપરિગ્રહથી દુઃખ થતું હશે કે નહિ ?

ગુરુ :–હા, તેમને પણ થાય છે; શત્રુના ત્રાસથી, રાજ્યના ભારથી, ધનધાન્યના નાશથી, સ્ત્રીપુત્રાદિના મરણથી, વૃદ્ધાવસ્થા વગેરેથી અને મૃત્યુથી દુઃખ થતું હોય એમ જોવામાં આવે છે. સંસારમાં "કોઇ કોઈ તો સુખે રહે છે" એમ માનવું એ વૃથા મોહ છે.

**દુઃખમાં સુખબુદ્ધિનું કારણ મોહ**

શિષ્ય :–કેવલ મોહથી જ દુઃખમાં સુખીપણાની માન્યતાનો વ્યવહાર કેમ થતો હશે ?

ગુરુ :–અનેક ગાઉ સુધી કામ ધંધા માટે ત્વરાથી દોડતો જતો ભાર ઉપાડનાર મજૂર, તથા ખેતી તેમ જ અન્ય કામકાજ કરનારા ધંધાર્થીઓ બધા પોતપોતાના કર્મમાં દુઃખ હોવા છતાં પણ કેવલ મોહને લીધે જ કામ કરતી વખતે સુખ માનીને સંતોષ પામતા પામતા, ગાતા ગાતા અને ઉત્સાહભર્યા રહે છે, તેથી મોહને લીધે દુઃખ જ સુખ જેવું જણાય છે, એમ જાણવું જોઇએ.

શિષ્ય :–ત્યારે વિવેકીઓને પણ શરીરપરિગ્રહને લીધે દુઃખ થાય છે કે નહિ ?

ગુરુ :-તેઓને પણ ભૂખ-તરસ, ટ્હાડ -તડકો, (શરદી-ગરમી), રોગ તેમ જ સર્પ, વીંછી, વાઘ વગેરે દ્વારા દુઃખ તો આવી પડે છે.

**વિવેકી અને અવિવેકીના સુખદુઃખના ભેદાભેદ**

શિષ્ય :-તો પછી વિવેકી અને અવિવેકીમાં વિશેષતા (તફાવત-ફેર) શી રહી ?

ગુરુ :-તેમના બાહ્ય વ્યાપાર ( વર્તન ) માં નહિ પણ આન્તર-વ્યાપાર (ચિત્તવૃત્તિ)માં વિશેષતા હોય છે. "બધાં દુઃખ અંતઃકરણનાં (ધર્મ) છે; આત્માનાં નથીઃ સત, ચિત, આનંદ સ્વરૂપ આત્માનો અનૃત ( અસત્ ) જડ (અચેતન) અને દુઃખસ્વરૂપ અંતઃકરણના ધર્મો સાથે અણુમાત્ર પણ સંબંધ નથી, એમ વિવેકી મહાત્મા શ્રુતિ, યુક્તિ અને અનુભવદ્વારા વિચાર કરીને સમજે છે અને સ્વસ્થ ( સ્વરૂપમગ્ન ) રહે છે.[૧૧] " આ આત્મા અસંગ જ છે" એવું શ્રુતિવાક્ય છે. એના નિરવયવપણા અને સત્યપણા વગેરેની યુક્તિઓ છે; અને સુષુપ્તિ, મૌનભાવ અને સમાધિ વગેરેનો અનુભવ સમજવાનો છે. તેથી ઉલટું અવિવેકી દુરાત્મા એ આત્મ-સ્વરૂપનો વિચાર ન કરતાં દેહ વગેરેને જ આત્મા માનીને અના-ત્માના ધર્મોનું આત્મામાં અને આત્માના ધર્મો સત, ચિત્ અને આનંદનું અનાત્મામાં આરોપણ કરે છે, અને એવી રીતે અન્યોન્ય ( પરસ્પર ) અધ્યાસ કરતો "હું દેવ છું" "હું મનુષ્ય છું" "હું ગુજરાતી છું "હું મરાઠી છું" "હું બ્રાહ્મણ છું" "હું ક્ષત્રિય છું" "હું વૈશ્ય છું" "હું શૂદ્ર છું" "હું બ્રહ્મચારી છું" "હું ગૃહસ્થ છું" "હું વાનપ્રસ્થ

**આત્મા અને અનાત્માનાધર્મો**

(૧૧) असंगो ह्ययं पुरुषः (बृ. उ. ४-३-१५)

છું” “હું સંન્યાસી છું” એવી જાતનું જાતિ, વર્ણ અને આશ્રમનું અભિમાન ધારણ કર્યા કરે છે. આવી રીતે વિવેકી અને અવિવેકીમાં બહુ ભેદ હોય છે. વળી વિચાર કરી જોતાં તેઓના બાહ્ય વ્યાપારમાં પણ સમાનતા હોતી નથી એમ જણાય છે.

શિષ્ય :–તે કેવી રીતે ?

**વિવેકીની વ્યવહારદૃષ્ટિ**

ગુરુ :–સમસ્ત પ્રપંચ મિથ્યા છે એવો નિશ્ચય રાખીને વિવેકી પ્રારબ્ધ ભોગને પણ સ્વપ્નના ભોગ જેવા સમજે છે; અને અવિવેકી તો પ્રપંચ સત્ય છે; તેમજ આત્માના સુખદુઃખના અનુભવ પણ સત્ય છે એવું માને છે. આવી રીતે વિવેકીને પણ શરીરપરિગ્રહ હોવાથી દુઃખ તો હોય છે.

**દેવોને પણ શરીર-પરિગ્રહને લીધે દુઃખ**

દેવોને પણ શરીરપરિગ્રહ હોવાથી દુઃખ હોય છે, એવું “वज्रहस्त पुरन्दरः” વજ્રના જેવા હાથવાળો પુરન્દર (એવાં શરીર જણાવતાં) વેદનાં વાક્યો પરથી જણાય છે.

શિષ્ય :–કેવી રીતે ?

ગુરુ :–પરસ્પર યુદ્ધ કરે છે તેથી, ક્રોધ તથા શાપના ભયથી, અસુર અને રાક્ષસોના ઉપદ્રવથી, તેમ પુણ્યકર્મનાં ફળનો નાશ થતાં ભવિષ્યમાં થનારા અધઃપતનના ભયથી તેઓને પણ દુઃખ સંભવે છે.

શિષ્ય :–જ્યારે તેઓ પોતે દુઃખી છે તો પછી અન્ય

**દેવો ઉપાસ્ય છે; પોતે દુઃખી છતાં પણ ઉપાસકને સુખદાતા છે**

(મનુષ્ય) ના ઉપાસ્ય કેવી રીતે હોઇ શકે ? તેમજ એ અન્યને સુખદાતા પણ કેવી રીતે થાય ?

ગુરુઃ– આ લોકમાં રાજા મહારાજાઓ પોતે દુઃખી હોવા છતાં પણ પોતાના આશ્રિત (પ્રજાવર્ગ)નું પરિપાલન વગેરે કરે છે તેવી રીતે દેવોનું પણ સમજવાનું છે. "દેવલોકમાં દેવો આનંદરૂપે રહે છે." એવા શ્રુતિવાકયનું તાત્પર્ય એ છે કે સર્વ દુઃખો અંતઃકરણના ધર્મો છે, એમ (જ્ઞાનદષ્ટિથી) માનીને દેવો નિત્ય આત્માના આનન્દસ્વરૂપનો અનુભવ કરીને રહે છે. બાકી તેમને પણ દુઃખ છે એવું કહેનારી શ્રુતિઓ છે. [૧૨] "આ પ્રમાણે (આત્માએ) ઉત્પન્ન કરેલી એ દેવતાઓ આ (સંસારરૂપ) મહાન સમુદ્રમાં પડી." એવા શ્રુતિવાકયનું તાત્પર્ય એ છે કે દેવોને પણ શરીરપરિગ્રહને લીધે દુઃખ થાય છે. આ ઉપરથી એવો સાર નીકળે છે કે વિદેહમુકિતને માટે જ (સૌએ સર્વથા) પ્રયત્ન કરવો જોઇએ.

શિષ્યઃ–પણ જો અશરીર (શરીર વિનાની) મુકિતને જ મુકિત માનીએ તો આકાશમાં નક્ષત્રરૂપે દૃષ્ટિએ પડતા કેટલાએક શરીરધારી દેવો મુકત છે એમ મનુષ્યો કેવી રીતે કહે છે ?

**મુકિતના ચાર પ્રકાર અને તેનાં ચાર સાધન**

ગુરુઃ–સાલોકય, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજય એમ મુકિત ચાર પ્રકારની છેઃ અને ચર્યા (સેવા), ક્રિયા (કર્મ), યોગ અને જ્ઞાન એમ અનુક્રમે એ(ની પ્રાપ્તિ)નાં ચાર સાધન છે. ભગવાનના કિંકર (સેવક, નોકર) થવા રૂપી દાસભાવનું નામ ચર્યા છે. શિવ, વિષ્ણુ વગેરેનો પૂજનવિધિ ક્રિયા (કર્મકાંડ) કહેવાય છે;

---

(૧૨) ता एताः देवता सृष्टा अस्मिन्महत्यर्णवे प्रापतन् (ऐ. उ. २–१)

યમ, નિયમ વગેરે આઠ અંગવાળો યોગ કહેવાય છે, અને જીવ તથા પરમેશ્વરની એકતાનો સાક્ષાત્કાર જ્ઞાન નામે ઓળખાય છે. તેમાં પ્રથમની ત્રણ મુકિત મુખ્ય નથી, કારણ કે એમાં પુર્નજન્મ (પુનરાવર્તન) નો સંભવ રહ્યો છે. અને જેમાં પુનર્જન્મ નથી એવી સાયુજય મુકિત મુખ્ય મનાય છે. "योगेन सायुज्यम्" યોગથી સાયુજય મુકિત મળે છે." એવા શાસ્ત્રવાકયથી નિર્ગુણ બ્રહ્મવિષયક યોગ સમજવાનો છે.

**સ્વરૂપસુખ સ્વસંવેદ્ય છે; પરસંવેદ્ય નથી**

સશરીર ( દેહધારી ) મુકતોની પેઠે અશરીર ( વિદેહ ) મુકતો કોઇ પણ કાળે કોઈ પણ સ્થળે કોઇનાથી પણ, કોઈપણ પ્રકારે દૃષ્ટિએ પડતા નથી, એથી કાંઇ અશરીર ( વિદેહ ) મુકિત શૂન્યવત્-( મિથ્યા કલ્પના ) છે એમ માનવાનું નથી. અશરીરમુકતોમાં શરીરનું શૂન્યપણું કહ્યું છે, એમના સ્વરૂપ સુખનું નહિ. સુષુપ્તિના સુખની પેઠે સ્વરૂપસુખ અશરીર હોવાથી સ્વસંવેદ્ય છે, અન્યસંવેદ્ય નથી.

શિષ્ય :–ત્યારે તો સુષુપ્તિ અને મુકિત સમાન છે ?

**સુષુપ્તિ અને મુક્તિમાં ભેદ**

ગુરુ :–નહિ; એ ( સુષુપ્તિ ) ને મુકિત નહિ કહેવાય, કારણ કે કેવલ સુખના અનુભવમાં સમાનતા હોવા છતાં સુષુપ્તિમાં અજ્ઞાન હોય છે, અને પુન: તેમાંથી વ્યુત્થાન પમાય છે; જયારે મુકિતમાં એ બન્નેનો અભાવ હોય છે. આ ઉપરથી સુષુપ્તિને મુકિત કહી શકાય તેમ નથી. તેમ વળી પ્રલય પણ મુકિત નથી. તાત્પર્ય કે સુષુપ્તિના સુખ જેવું મુકિતનું સુખ સ્વાનુભવગમ્ય હોવાથી એની પ્રત્યક્ષતા ( અપરોક્ષતા ) છે, શૂન્યતા નહિ.

શિષ્ય:-ત્યારે સશરીરમુક્તિની પેઠે અશરીરમુક્તિની પણ પ્રત્યક્ષતા માનીએ તો એ બન્નેમાં ભેદ શું છે? योगेन सायुज्यम्

ગુરુ:-અજ્ઞાનની નિવૃત્તિ અને પુનરુત્થાન (પુનર્જન્મ) નો અભાવ એ જ ભેદ છે. આમ અશરીરમુક્તિમાં પરમસુખ અને શરીરપરિગ્રહમાં દુ:ખ છે એવું શ્રુતિ અને યુક્તિ વડે કહ્યું; હવે અનુભવદ્વારા એ બન્નેનું વર્ણન કરીએ.

**"જ્યાં જ્યાં શરીર ત્યાં ત્યાં દુ:ખ"**

સુષુપ્તિમાં હંમેશાં શરીરપરિગ્રહનો અભાવ હોવાથી દુ:ખનો અભાવ હોય છે, અને જાગ્રત તથા સ્વપ્નમાં શરીરપરિગ્રહ હોવાથી સર્વને દુ:ખનો અનુભવ થાય છે; એ ઉપરથી "જ્યાં જ્યાં શરીરપરિગ્રહ હોય છે ત્યાં ત્યાં દુ:ખ હોય છે." એવા સામાન્ય નિયમાનુસાર આત્માને શરીરપરિગ્રહથી જ દુ:ખ લાગે છે, એના સ્વરૂપમાં દુ:ખ નથી.

શિષ્ય:-એ શરીરનું શું કારણ (હેતુ) છે?

**શરીરનું કારણ; કર્મની વિચિત્રતાથી શરીરની વિચિત્રતા**

ગુરુ:-પૂર્વકર્મસહિત પંચીકૃત ભૂતો જ એમાં કારણ છે. પણ કેવલ એ ભૂતો એકલાં જ નહિ, કારણ કે એ ભૂતો તો સર્વત્ર વિદ્યમાન છે, તેથી તેમાંથી જ શરીર ઉત્પન્ન થયું છે એમ નહિ કહેવાય.

શિષ્ય:-ત્યારે શું [1]શુકલ [2]શોણિત રૂપે પરિણામ પામેલાં એ ભૂતો શરીરનું કારણ હશે એમ ન કહેવાય?

ગુરુ:-નહિ; કારણ કેવલ શુકલશોણિતમાંથી જ શરીરની ઉત્પત્તિ થતી હોય એમ દેખાતું નથી. એટલા માટે કર્મની સાથે

---

૧ પુરુષબીજ. ૨ સ્ત્રીબીજ.

એ શરીરનું (સહકારી) કારણ છે એમ કહેવું જોઇએ. જેમ માટી વગેરે પદાર્થો સાધારણ (સમાન) હોવા છતાં પણ કુંભારની ક્રિયાની વિચિત્રતા જ ઘડા વગેરે કાર્યની વિચિત્રતામાં કારણ મનાય છે, તેમ પંચભૂતો, દેશ અને કાળ સર્વત્ર સાધારણ (સમાન) હોવા છતાં પણ શરીરની વિચિત્રતામાં પોતપોતાનાં કર્મની વિચિત્રતા જ કારણ છે. ઘડા વગેરેના દૃષ્ટાન્તમાં જેમ માટી ઉપાદાન કારણ અને કુંભારની ક્રિયા નિમિત્તકારણ છે, એમ દાર્ષ્ટાન્તમાં પણ પંચીકૃત ભૂતો શરીરનું ઉપાદાન કારણ છે અને પોતપોતાનાં કર્મ નિમિત્ત-કારણ છે. જેમ જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં કર્મ કરવાનાં હોય છે, તેથી શરીરની પ્રાપ્તિ સંભવિત છે, તેમ જ્યાં સુધી ભોગપ્રદ કર્મ ચાલતાં હોય ત્યાં સુધી શરીરનો પરિગ્રહ પણ રહે છે. જેમ સુષુપ્તિમાં કર્મનો અભાવ હોવાથી શરીરનો પણ અભાવ થાય છે, તેમ (ભોગપ્રદ) કર્મના અભાવે શરીરનો પણ અભાવ થાય છે. વળી જેમ માટી વગેરે હોવા છતાં પણ કુંભારની ક્રિયા ન હોય તો ઘડાની ઉત્પત્તિનો અભાવ થાય છે, તેમ ઈશ્વરનાં રચેલાં પંચભૂતો હોવા છતાં પણ આત્મજ્ઞાન દ્વારા કર્મનો નાશ થાય છે એટલે એ જ્ઞાનીને (પુનઃ) શરીરની પ્રાપ્તિનો સંભવ નથી.

**દેહપ્રાપ્તિમાં પંચભૂતો ઉપાદાન કારણ, કર્મ નિમિત્તકારણ**

શિષ્યઃ–[૧૩] "શુભ અને અશુભ કર્મનું ફલ એને ભોગવવું પડે છે; કરોડો કલ્પ વીતે તો પણ ભોગવ્યા વિના કર્મનો ક્ષય (નાશ) થતો નથી" એવું કર્મશાસ્ત્રનું વાક્ય છે; અને [૧૪] 'જ્ઞાનનો

(૧૩) अवश्यमनुभोक्तव्यं कृतं कर्मशुभाशुभम् ।
नाभुक्तं क्षीयते कर्म कल्पकोटि शतैरपि ॥

(१४) ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥ (गी. ४–३७)

અગ્નિ સર્વ કર્મોને ભસ્મીભૂત કરે છે' એવું જ્ઞાનશાસ્ત્રનું વચન છે, એવાં વચનોમાં જ્યાં પરસ્પર વિરોધ જણાય છે ત્યાં કેવી રીતે નિર્ણય કરવો જોઈએ ?

**શાસ્ત્રવાક્યના દુર્બલ પ્રબલ ભેદ: પૂર્વ અને સિદ્ધાન્તપક્ષ**

ગુરુઃ–શાસ્ત્રમાં બે પ્રકારનાં વચન હોય છે, એક પ્રબલ અને બીજાં દુર્બલ; સિદ્ધાંત પક્ષનું વચન પ્રબલ અને પૂર્વપક્ષનું વચન દુર્બલ મનાય છે. એમાં પ્રબલ વચન દુર્બલનો નિરાસ (ખંડન) કરે છે; તે આવી રીતેઃ–''यागे पशुवधः कर्तव्यः'' અહિંસા પરમ ધર્મ છે" એવું પ્રબલ વચન હોવા છતાં પણ " अहिंसा परमो धर्मः" યજ્ઞમાં પશુવધ કરવો જોઇએ " એવા વિશેષ પ્રબલ વચન પડે એનો નિરાસ થાય છે; તેવી જ રીતે " કર્મફલ અવશ્ય ભોગવવું જ જોઇએ " એવચનનો " તપ (જ્ઞાન) થી પાપનો નાશ થાય છે तपसा किल्मिषं हन्ति" ( मनु. १२, १०४) એવાં પ્રબલ વચન નિરાસ કરે છે.

એટલા માટે સંચિત કર્મો અનેક હોવાં છતા પણ આત્મજ્ઞાનથી એનો નાશ થાય છે. કર્મના અભાવે જન્મનો અભાવ, જન્મના અભાવે દુઃખનો અભાવ અને દુઃખના અભાવે આનન્દનો અવિર્ભાવ થાય છે, એવો સિદ્ધાંત છે.

# પંચમ વર્ણક

આ આત્માને શરીરના પરિગ્રહથી દુઃખ પ્રાપ્ત થાય છે, અને શરીરનો પરિગ્રહ કર્મથી થાય છે એવું આપણે આ પહેલાંના વર્ણકમાં કહ્યું.

શિષ્યઃ—એ કર્મ કેટલા પ્રકારનાં છે.

**કર્મના ત્રણ પ્રકાર; પુણ્ય, પાપ અને મિશ્ર**

ગુરુઃ—કર્મ ત્રણ પ્રકારનાં છે; (૧) પુણ્ય (૨) પાપ અને (૩) મિશ્ર. દેવદેવતાનાં શરીર પુણ્યકર્મનાં ફલ છે; પશુપક્ષી વગેરેનાં સર્વ શરીરો પાપકર્મમાં ફલ છે, અને મનુષ્ય વગેરેનાં શરીર મિશ્રકર્મનાં ફલ માન્યાં છે.

**ઉત્કૃષ્ટ, મધ્યમ અને સામાન્ય; એ અન્ય ત્રણ પ્રકાર**

ઉપર કહેલાં ત્રણ પ્રકારનાં કર્મ વળી ઉત્કૃષ્ટ, મધ્યમ અને સામાન્ય એમ પ્રત્યેક ત્રણ પ્રકારનાં છે. આવા પૂર્વોક્ત કર્મભેદને લીધે ભિન્ન ભિન્ન પ્રકારના જન્મભેદ થાય છે તે આ પ્રમાણેઃ-

**કર્માનુસાર શરીર**

હિરણ્યગર્ભ વગેરેનાં શરીર ઉત્કૃષ્ટ પુણ્યકર્મનાં ફલ છે; ઇન્દ્ર વગેરેનાં શરીર મધ્યમ પુણ્યકર્મનાં ફલ છે; અને યક્ષ રાક્ષસ તથા પિશાચ વગેરેનાં શરીર સામાન્ય પુણ્યકર્મનાં ફલ છે.

પારકાને સંતાપ કરનારાં કાંટા અને વિષવાળાં વૃક્ષ તથા વ્યાઘ્ર, સર્પ, વીંછી, ઘૂડ, મચ્છર અને જળો વગેરેનાં શરીર ઉત્કૃષ્ટ પાપકર્મનાં ફલ છે; ફણસ, આંબો, કેળ, નાળિયેર તેમજ ફલ, પત્ર, પુષ્પ વગેરેનો ઉપયોગ થઇ શકે એવાં વૃક્ષલતા વગેરે, વળી ભૂંડ, ભેંસ, ગધેડા, ઊંટ વગેરે શરીરો મધ્યમ પાપકર્મનાં

ફલ છે. અને પીંપળો, તુલસી, બીલી, ગાય, ઘોડો વગેરેનાં શરીર સામાન્ય પાપકર્મનાં ફલ છે.

આ મનુષ્યલોકમાં નિષ્કામ કર્મનું અનુષ્ઠાન, સાધનચતુષ્ટય, સદ્દગુરુની પ્રાપ્તિ, શ્રવણ, મનન અને આત્મજ્ઞાનના ક્રમે કરીને જીવન્મુકિત તથા વિદેહમુકિતને યોગ્ય આ માનવશરીર ઉત્કૃષ્ટ મિશ્ર કર્મનું ફલ છે; પોતાના આશ્રમને યોગ્ય કર્મ અને કામ્યકર્મના અનુષ્ઠાનને યોગ્ય શરીર મધ્યમ મિશ્રકર્મનું ફલ છે; અને ચંડાલ, પુલ્કસ, કિરાત અને યવન વગેરેનાં શરીર મિશ્રકર્મનું સામાન્ય ફલ છે. આ ઉપરથી વિવેકી પુરુષે તે તે કર્મનું તારતમ્ય વિચારીને આ સંસારમાં મનુષ્યજન્મમાં ઉત્કૃષ્ટ મિશ્રકર્મનો જન્મ જેવી રીતે પ્રાપ્ત થાય, તેવાં પોતાના વર્ણાશ્રમને યોગ્ય કર્મ, ફલની ઇચ્છાનો ત્યાગ કરીને ઇશ્વરને અર્પણ કરવાં જોઇએ; અને આત્મવિચારદ્વારા મોક્ષપ્રાપ્તિને માટે પ્રયત્ન કરવો જોઇએ, એવો સિદ્ધાન્ત છે.

શિષ્ય :–ત્યારે એ ત્રણ પ્રકારનાં કર્મ કયાં સાધન વડે કરાય છે ?

**ત્રણ પ્રકારનાં કર્મનાં ત્રણ પ્રકારનાં કરણ**

ગુરુ :–ત્રણ પ્રકારનાં કરણ ( સાધન –હથિયાર ) વડે કરાય છે.

શિષ્ય :–આ સંસારમાં "હું કરું છું, હું કરૂં છું." એવું કહેનારા બધા લોકોનો અનુભવ તો એવો છે કે આ દેહમાં દેહનો અભિમાની બનનાર, अहम् હું શબ્દનો વિષય ( હું શબ્દ વડે ઓળખાતો ) જે આત્મા રહે છે, તેનું કર્તૃત્વ ( કર્તાપણું ) કહેવાય છે; તેને બદલે ત્રણ કરણોનું કર્તૃત્વ છે એમ આપ કેવી રીતે કહો છો ?

ગુરુ :–આત્મા તો અવિકારી, નિષ્ક્રિય, અને સ્વગતભેદથી રહિત છે, તેથી આત્મામાં કર્તૃત્વ છે એમ કહી શકાય એમ જ નથી.

શિષ્ય :–પણ કર્તૃત્વ તો આત્મામાં રહેલું છે એમ દેખાય છે; અન્ય તો કોઈ કર્તા જણાતો નથી; એનું કેમ ?

**આત્મામાં કર્તૃત્વનું કારણ અધ્યાસ**

ગુરુ :–આત્મામાં પ્રતીત થતું કર્તૃત્વ અધ્યાસને લીધે છે; સ્વભાવને લીધે નથી એમ સમજ. જો એ (કર્તૃત્વ) સ્વાભાવિક છે એમ માનીએ તો "વેદાન્તનો વિચાર કરીને મારું આ કર્તૃત્વ નષ્ટ કરવું જોઇએ, એનો નાશ નહિ થાય ત્યાં સુધી સંસારનાં બંધનો નાશ નહિ થાય" એવો કોઇએ પણ વ્યર્થ પ્રયત્ન ન કરવો જોઈએ એમ સિદ્ધ થશે.

શિષ્ય :–આત્માનું કર્તૃત્વ સ્વાભાવિક છે એમ માનીને હોય પણ કોઈ વિશેષ (ખાસ) પ્રયત્નથી એનો નાશ થતો હશે એમ માનીએ તો કેમ ?

ગુરુ :–સ્વભાવ તો પોતાનું સ્વરૂપ કહેવાય છે તેથી સ્વરૂપના નાશને માટે કોણ પ્રયત્ન કરશે ? અને સ્વરૂપનો નાશ થાય તો પછી પુરુષાર્થનું ફલ કોણ અનુભવશે ? અને અકર્તા ભાવવાળા જીવન્મુક્તો ન રહે તો વેદાન્તનો સંપ્રદાય તથા ગુરુશિષ્યપરંપરા પણ નહિ રહે ! વળી "[૧૫](એ) નિષ્કલ (કલારહિત), નિષ્ક્રિય (ક્રિયારહિત), શાન્ત, નિર્દોષ (ગુણરહિત) અને નિરંજન છે." [૧૬]"(એ) સાક્ષી, ચૈતન્યરૂપ, કેવલ અને નિર્ગુણ છે." એવી રીતે આત્મા અકર્તા સાક્ષી અને નિષ્ક્રિય છે એવું પ્રતિપાદન કરનારી શ્રુતિને પણ હાનિ પહોંચશે.

વળી સુષુપ્તિમાં આત્મા હોવા છતાં એમાં કર્તૃત્વ દેખાતું

(૧૫) निष्कलं निष्क्रियं शान्तं निरजनम् (श्वे. उ. ६–१९

(१६) साक्षी चेतो केवलो निर्गुणश्च ( श्वे. उ. ६-११)

નથી. જો એનું કર્તૃત્વ સ્વાભાવિક છે એમ માનીએ તો અગ્નિની ઉષ્ણતાની પેઠે એ ત્યાં પ્રાપ્ત થવું જોઈએ: પણ તેમ થતું નથી. આટલા માટે આત્માનું કર્તૃત્વ સ્વાભાવિક નથી.

શિષ્ય:–સુતાર વગેરે કારીગરનું કર્તૃત્વ વિદ્યમાન હોવા છતાં જેમ સ્નાન તથા ભોજવેળાએ જણાતું નથી, એમ સુષુપ્તિમાં કરણના વિયોગને લીધે કર્તૃત્વ નહિ દેખાતું હોય એમ ન કહેવાય?

ગુરુ:–મૌનભાવની અવસ્થામાં અંતકરણનો સંયોગ હોવા છતાં પણ કર્તૃત્વ દેખાતું નથી, તેથી આત્મામાં કર્તૃત્વ સ્વાભાવિક નથી, કિન્તુ આધ્યાસિક જ છે, એમ નક્કી થાય છે.

શિષ્ય:–આધ્યાસિક કેવી રીતે?

ગુરુ:–અધ્યાસ એટલે એક (વસ્તુ)માં રહેલા ધર્મનો બીજામાં આભાસ (ભ્રાંતિ); નૌકાની ગતિનું કિનારાપરનાં વૃક્ષમાં અને કિનારાનાં વૃક્ષની અચલતાનું નૌકામાં અધ્યાસને લીધે જેમ (ઉલટું–વિપરીત) ભાન થાય છે તેમ ત્રણ પ્રકારનાં કરણમાં રહેલા કર્તૃત્વનું આત્મામાં અને આત્માના અકર્તૃત્વનું ત્રણ પ્રકારનાં કરણમાં જે ભાન થાય છે, તે અજ્ઞાનને લીધે છે, આવી રીતે આત્મામાં કર્તૃત્વના આરોપને લીધે જણાય છે એમ જાણજે.

**અધ્યાસનું સ્પષ્ટીકરણ**

શિષ્ય:–એ ત્રણે પ્રકારનાં જડકરણો અચેતન હોવાથી એ અચેતનમાં કેવી રીતે કર્તૃત્વ સંભવે? અને એ ત્રણ કરણોમાં કર્તૃત્વ માનીએ તો પછી એનું કોઇ અન્ય કરણ માનવું નહિ પડે?

**જડકરણમાં કર્તૃત્વનો સંભવ**

ગુરુ:-જગતમાં જેવી રીતે અચેતન વાયુ અને જલના પ્રવાહનું વૃક્ષ વગેરેને ઉખેડી નાંખવામાં, તેમજ તેને દૂર ઘસડી જવામાં કરણ વિના પણ કર્તૃત્વ દેખાય છે, તેમ એ ત્રણ કરણને પણ બીજા કોઇ કરણ વિના કર્તૃત્વ પ્રાપ્ત થાય છે.

શિષ્ય:-એ ત્રણ પ્રકારનાં કરણોથી કેવા પ્રકારનાં કર્મો કરાય છે?

**કરણો અને તેનાં કર્મ (માનસકર્મ)**

ગુરુ:-સવિશેષચિંતન, નિર્વિશેષચિંતન, પરલોકચિંતન, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય-ચિંતન ઈત્યાદિ બુદ્ધિના વિકારો (કાર્યો), આ બધાં મન વડે કરાતાં કર્મો માનસ પુણ્યકર્મો છે.

વિષયચિંતન, અન્યને હાનિ થાય તેવું ચિંતન, વેદ તથા શાસ્ત્રો અપ્રમાણ છે એવું ચિંતન, ધર્મ અને અધર્મના અભાવનું ચિંતન વગેરે સર્વ બુદ્ધિવિકારો માનસ પાપકર્મો છે.

સવિશેષ ચિંતન, નિર્વિશેષ ચિંતન અને પુણ્ય ચિંતનની સાથે સાથે વિષયચિંતન વગેરે પાપચિંતનનાં મિશ્ર કર્મ થાય તે માનસ મિશ્ર કર્મ છે.

**( વાચિકકર્મ )**

વેદાધ્યયન, શાસ્ત્રપઠન, ગીતાનો અભ્યાસ, સહસ્રનામવાચન, પંચાક્ષરાદિ મંત્રજપ, ભગવાનનાં નામનું કીર્તન, પરોપકારવાર્તા, સત્યવાણી, મૃદુ ભાષણ, નમ્ર વચન એ બધાં વાણી વડે કરાતાં વાચિક પુણ્યકર્મ છે.

વેદશાસ્ત્ર અને દેવતાઓમાં દોષદર્શન, અસત્ય, ચુગલી અને ક્રૂરવાણી, મશ્કરી, વગેરે બધાં વાચિક પાપકર્મ છે.

વેદનું અધ્યયન, પૂજાનો સમય કે પુણ્યકથાનો પ્રસંગ હોય તે વખતે પરનિન્દા, અસત્ય, પરિહાર કે લૌકિક વાતચીત વગેરે પાપનું મિશ્રણ કરવું તે વાચિક મિશ્રકર્મ છે.

**( કાયિક કર્મ )**

પુણ્યતીર્થોમાં સ્નાન, ગુરુદેવતા વગેરેને નમસ્કાર, દેવની પૂજા અને પ્રદક્ષિણા, સજ્જનનાં દર્શન, ત્યાગ, લોકહિતને માટે જવું આવવું એ બધાં શરીરથી થતાં કર્મ કાયિક પુણ્યકર્મ છે.

પરહિંસા, પરસ્રીસંગ, ચોરી, દુષ્ટોનો સંગ, ઈત્યાદિ શરીરથી થતાં કર્મ કાયિક પાપકર્મ છે.

બ્રાહ્મણ ભોજનને માટે અન્યને ઉપદ્રવ કરવો, દેવાલય બંધાવવા પરધનનું હરણ કરવું, પાણીની પરબ બાંધીને નોકર ન રાખવો, એ બધાં પુણ્ય અને પાપના મિશ્રણથી શરીર દ્વારા થનારાં કર્મ કાયિક મિશ્રકર્મ છે. આ ત્રણે પ્રકારનાં કર્મોનો સારી રીતે વિચાર કરવો જોઈએ.

**કર્મવિચારનું ફલ**

શિષ્ય :–વિચાર કરવાથી શું ફલ પ્રાપ્ત થાય છે?

ગુરુ:–મુખ્ય ફલ અને અવાન્તર (ગૌણ) ફલ, એમ ફલ બે પ્રકારનાં છે, એનો વિસ્તાર સાંભળ.

**મુખ્ય અને અવાન્તર**

આ ત્રણે પ્રકારનાં કર્મો ત્રણ પ્રકારનાં કરણ (મન, વાચા અને કાયા) વડે થાય છે. આત્મા તો આકાશની પેઠે અસંગ, નિરંશ, પરિપૂર્ણ અને ચૈતન્ય સ્વરૂપ છે, તેથી એ કોઇ પણ કર્મનો કર્ત્તા થતો નથી. "આ લોકમાં જે સર્વમાં વ્યાપી રહ્યો છે, સર્વને ધારણ કરે છે અને સર્વનો ભોકતા છે, વળી સર્વમાં એની જે નિત્ય

સત્તા છે, તેથી એ સૌનો આત્મા કહેવાયો છે." એવો આત્મા શબ્દનો અર્થ છે; એટલા માટે એક પણ કર્મ ચિદાકાશસ્વરૂપ (આત્મા)ને સ્પર્શ કરતું નથી, એમ જાણીને સંશયનો ત્યાગ કરે અને (આત્મા)ના દઢ (અપરોક્ષ) અનુભવપૂર્વક રહે એ મુખ્ય ફલ છે.

બ્રહ્મજ્ઞાન થયા પછી પણ ત્રણે કરણોનો પુણ્યકર્મમાં જ ઉપયોગ થવો જોઈએ; એમ ન બને તો મિશ્રકર્મમાં લગાડવાં, પણ પાપકર્મમાં કદાપિ નહીં જ, એવી સમજણપૂર્વક સ્થિતિ રાખવી (જીવન ગાળવું) એ અવાન્તર ફલ છે. જેવી રીતે કેળના ખેડૂતને કેળાં મળે એ મુખ્ય ફલ છે અને એનાં પાંદડાં, પુષ્પ, છાયા વગેરેનો લાભ થાય એ અવાન્તર ફલ છે; તેવી જ રીતે ત્રણે કરણો દ્વારા કરેલાં કર્મના જ્ઞાનનાં ઉપર કહ્યાં તેમ બે પ્રકારનાં ફલ મળે છે એમ જાણવું

**જ્ઞાની અને કર્મના વિધિનિષેધ**

શિષ્ય :–જલમાં રહેતા કમલપત્રની પેઠે જ્ઞાની કર્મ વડે લિપ્ત થતો નથી, કોઇ પણ જાતના એને વિધિનિષેધ નથી; એ તો અકર્ત્તા, કર્મનો કેવલ સાક્ષી, કૃતકૃત્ય છે એવો સિદ્ધાન્ત છે, તો પછી એવા જ્ઞાનીએ અજ્ઞાનીની પેઠે પુણ્યકર્મનાં અનુષ્ઠાન જ કરવાં જોઈએ એવો નિયમ કેમ લાગુ પડે ?

ગુરુ :–તું કહે છે એ સાચી વાત છે; એ જ્ઞાની તો કૃતકૃત્ય છે અને કર્ત્તા પણ હોતો નથી; એમાં કશો સંદેહ છે જ નહિ; તો પણ બ્રહ્મવિદ્, બ્રહ્મવિદ્વર, બ્રહ્મવિદ્વરીયાન્ અને બ્રહ્મવિદ્વરિષ્ઠ, એમ તે ચાર કોટીના જ્ઞાનીઓમાં બ્રહ્મવિદ્વરિષ્ઠ જ વિદેહમુક્ત કહેવાય છે. એ વરિષ્ઠ જ વૃત્તિશૂન્ય હોય છે; એને જ વિધિનિષેધ હોતા

નથી. પ્રથમના ત્રણને પણ તેઓના જ્ઞાનના મહિમાને લીધે વિધિ-નિષેધનો અભાવ તો છે જ, તો પણ તેમનામાં વૃત્તિશૂન્યતાનો અભાવ જણાતો હોવાથી, તેમજ તેઓ વ્યવહાર કરતા હોવાથી, તેઓએ લોક ( સંસાર )ના અનુગ્રહને માટે સદાચાર નિભાવવો જોઈએ એમ કહ્યું છે. એ કાંઇ નિયમ ( વિધિ–આજ્ઞા ) ન કહેવાય. વળી એટલા જ માટે તત્ત્વજ્ઞાનીઓ કર્મીઓની વચમાં જ રહે છે, તેથી કર્મીઓની પેઠે કર્મ કરવાં જોઈએ; પણ જિજ્ઞાસુઓની વચમાં તો કર્મના ત્યાગપૂર્વક “ બ્રહ્મ જ સત્ય છે, અન્ય સર્વ અસત્ય છે ” એવા જ્ઞાનનો તેઓએ ઉપદેશ કરવો જોઇએ.

શિષ્ય :–આનો મુખ્ય વિષય સાથે શું સંબંધ છે ?

ગુરુ :–એ જ કે ત્રણ પ્રકારનાં કરણને જ કર્તૃત્વ લાગુ પડે છે, આત્માને નહિ એમ નિશ્ચિત થયું.

શિષ્ય :–એ ત્રણે કરણો પોતાની મેળે કર્તા હોય છે કે કોઇ અન્યની પ્રેરણાથી ?

**કરણોની કર્મપ્રવૃત્તિમાં રાગાદિની પ્રેરણા**

ગુરુ :–વિચાર કરતાં જણાય છે કે રાગદ્વેષાદિની પ્રેરણાથી એ કર્તા બને છે, પોતાની મેળે નહિ. રાગદ્વેષાદિ હોય તો જ ત્રણે કરણો પ્રવૃત્તિ કરે છે; એ નથી હોતાં તો એની પ્રવૃત્તિ થતી નથી. એવી રીતે રાગદ્વેષાદિ કરણોમાં પ્રવૃત્તિ કરાવે છે એવો અન્વયવ્યતિરેકવડે અનુભવ સિદ્ધ થાય છે.

શિષ્ય :–પણ “ હું દેવાલય કરાવું છું. ” “ હું તળાવ કરાવું છું ”એવા વ્યવહાર ઉપરથી આત્મા કારયિતા ( પ્રવૃત્તિની પ્રેરણા કરનાર; પ્રવૃત્તિ કરાવનાર ) જણાય છે !

ગુરુ: આત્માના નિર્વિકારીપણાને લીધે એમાં પણ કારયિતૃત્વ ( કરાવવાપણું–કર્મની પ્રેરણા ) સંભવતું નથી.

શિષ્ય :–( પણ ઉપર કહ્યું તે પ્રમાણે ) આત્મામાં કારયિતૃત્વ દેખાય છે તો ખરું.

ગુરુ :–જાસુંદીના ફૂલની રતાશ એની પાસે પડેલા સ્ફટિકમાં દેખાય, તેમ રાગદ્વેષાદિમાં રહેલું કારયિતૃત્વ ભ્રાન્તિને લીધે આત્મામાં આરોપિત થાય છે એમ જાણવાનું છે. જો એ સ્વાભાવિક છે એમ માનીએ તો સ્વભાવ તો પોતાનું સ્વરૂપ હોવાથી એનો નાશ કરવા માટે કોઈ પણ પ્રયત્ન નહિ કરે. કારણ કે એનો નાશ કરતાં સ્વરૂપનો પણ નાશ થઈ જાય. વળી આત્મામાં કારયિતૃત્વ છે એમ માનીએ તો "[૧૭] એ અદૃષ્ટ, અવ્યવહાર્ય, અગ્રાહ્ય, અલક્ષણ, અચિંત્ય, અવ્યપદેશ્ય, એક, આત્મપ્રત્યયનો સાર, પ્રપંચરહિત, શાંત, શિવસ્વરૂપ, અદ્વૈત એવો જે ચોથો ( અર્ધ તન્માત્ર–નિર્ગુણ ) છે, તે જ ( વાસ્તવિક ) આત્મા છે: એનું જ વિજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ." આવી રીતે એ આત્માને અસંગ, નિષ્ક્રિય, અને અકારયિતા પ્રતિપાદન કરનારી શ્રુતિમાં બાધ આવે છે; તેમ જ કારયિતૃત્વ ઉત્પત્તિવાળું છે, તેથી ઉત્પન્ન થતી મુક્તિમાં પણ ઉત્પત્તિનો ભાવ માનવો પડશે; વળી સુષુપ્તિમાં પણ કારયિતૃત્વ દેખાવું જોઈએ, પણ ત્યાં તે દેખાતું નથી. એટલા માટે આત્મામાં કારયિતૃત્વ સ્વાભાવિક નથી; પણ આગન્તુક છે.

શિષ્ય :–સુષુપ્તિમાં કારયિતૃત્વ નથી દેખાતું એટલા ઉપરથી જ આત્મામાં કારયિતૃત્વ નથી એમ કહી શકાતું નથી; જેમકે

---

(૧૭) अदृष्टमव्यवहार्यमग्राह्यमलक्षणमचिन्त्यमव्यपदेश्यमैकात्म्यप्रत्ययसारं प्रपञ्चोपशमं शान्तं शिवमद्वैतं चतुर्थं मन्यते स आत्मा स विज्ञेयः (माण्डू. ७)

ઉપાધ્યાયનું અધ્યાપકપણું વિદ્યમાન હોવા છતાં પણ શિષ્યવર્ગ પાસે નથી હોતો, ત્યારે જણાતું નથી, તેની પેઠે સુષુપ્તિમાં કરણના સંયોગનો અભાવ હોવાથી કારયિતૃત્વ વિદ્યમાન હોવા છતાં પણ ન દેખાતું હોય ! અને જાગ્રત તથા સ્વપ્નમાં કરણનો સંયોગ હોય છે તેથી દેખાય છે એમ ન કહેવાય ?

ગુરુ :–એમ હોય તો જાગ્રતિમાં ઉદાસીન અને મૌનભાવની અવસ્થા હોય ત્યારે કરણનો સંયોગ વિદ્યમાન હોવાથી કારયિતૃત્વ દેખાવું જોઈએ, પણ તે વખતે દેખાતું નથી; તેથી એ આગન્તુક છે એમ જ કહેવું જોઇએ. જેવી રીતે અન્યોન્ય અધ્યાસને લીધે (તપાવેલા) લોખંડમાં રહેલું નાના મોટાપણું અગ્નિમાં અને અગ્નિમાં રહેલાં ગરમી અને તેજ વગેરે લોખંડમાં દેખાય છે, તેવી જ રીતે અજ્ઞાનને લીધે રાગદ્વેષાદિમાં રહેલું કારયિતૃત્વ આત્મામાં અને આત્મામાં રહેલું અકારયિતૃત્વ રાગદ્વેષાદિમાં દેખાય છે.

શિષ્ય :–પણ એ અચેતન રાગદ્વેષાદિમાં કારયિતૃત્વ છે એમ કેવી રીતે કહેવાય ? શું એક ઘડો બીજા ઘડાને પ્રેરણા કરે છે એમ કહી શકાય ?

ગુરુ :–તારી શંકા વાસ્તવિક છે; પણ કોઈ વાર યોગ્યતાવશાત્ જડ (પદાર્થ) પ્રેરણા કરે છે, અને કોઈવાર યોગ્યતાના અભાવે પ્રેરણા નથી પણ કરતું. દષ્ટાંત તરીકે અગ્નિ જડ હોવા છતાં પણ કોયલાના ચૂર્ણ સાથે ગંધક વગેરેની મેળવણી વડે મોટી તોપમાં ભરીને ફોડીએ તો સ્થૂલ પત્થરને તોડે છે, અને ચતુરંગ સેનાનો પણ નાશ કરે છે. તેમજ પ્રેત શરીર (મડદું) જડ હોવા છતાં પણ તેને માટે સ્વજ્ઞાતિદ્વારા જે ક્રિયમાણ કર્મ થાય છે. તેમાં તે

સ્વયંકારયિતા બને છે; એવી જ રીતે રાગદ્વેષાદિ પણ અચેતન હોવા છતાં કારયિતા થઈ શકે છે.

શિષ્ય:-તો પછી "[૧૮] આત્મા ઇન્દ્રિયોનો સ્વામી-(હૃષીકેશ) અને સર્વનો અન્તર્યામી છે" એમ કહેનારી શ્રુતિનું શું તાત્પર્ય સમજવું ?

ગુરુ:-સૂર્યની પેઠે કેવલ સંનિધાન (સમીપતા)ને લીધે જ બધાં કાર્યોને અનુકૂલ થાય છે એવું એનું તાત્પર્ય છે.

શિષ્ય:-ત્યારે આત્મા પણ જો કેવલ સંનિધાનને લીધે જ પ્રાણીમાત્રના કર્મમાં હેતુ (કારણ-પ્રેરણાનું મૂલ) હોય, તો આત્માને પણ એ પુણ્યપાપ તથા એના ફલનો સંબંધ થતો હોવો જોઇએ !

**આત્મા પુણ્યપાપથી નિરંજન છે**

ગુરુ:-ના, એમ નથી; કેવલ સૂર્યના સંનિધાનને લીધે મનુષ્યોનાં પુણ્યપાપને એ (સૂર્ય) અનુકૂલ છે, તો પણ જેમ પુણ્યપાપ તથા તેના ફલનો કશો સંબંધ નથી, તેવી જ રીતે આત્માનું પણ માનવાનું છે. વળી જેમ લોખંડનું હલનચલન એને અનુકૂળ રહેનારા લોહચુંબકને સ્પર્શ કરતું નથી, તેમ પ્રાણીઓનો કર્મસંબંધ આત્મા સાથે સમજવાનો છે. આવી રીતે આત્માનું નિરંજનપણું અને નિર્વિકારીપણું ભંગ થતું નથી.

**જ્ઞાનમાં ત્રણ પ્રતિબંધક**

એવા પ્રસિદ્ધ આત્મસ્વરૂપનો ગુરુદ્વારા ઉપદેશ અપાયા છતાં પણ ત્રણ પ્રતિબંધકને લીધે નિશ્ચય થતો નથી. એ પ્રતિબંધક ત્રણ છે. (૧) સંશયભાવના, (૨) અસંભાવના અને (૩) વિપરીતભાવના.

---

(૧૮) आत्मा हृषीकेशः सर्वान्तर्यामी।

ઋગ્વેદ વગેરેની શાખાઓમાં ઉપદેશ કરાયેલાં ઉપનયન
**( સંશયભાવના )** કર્મ જેમ અનેક પ્રકારનાં છે, તેમ ઋગ્વેદ વગેરેની શાખાઓમાં ઉપદેશાયેલું આત્મતત્ત્વ પણ અનેક પ્રકારનું છે કે અન્ય પ્રકારનું, એવો સંશય સંશયભાવના કહેવાય છે; અને સમસ્ત વેદાન્તશાસ્ત્રના સાવધાનતાપૂર્વક કરેલા શ્રવણથી એ નાશ પામે છે.

સમસ્ત વેદાન્તશાસ્ત્રનું અદ્વૈત બ્રહ્મમાં જ તાત્પર્ય છે, એવા
**( અસંભાવના )** શ્રવણદ્વારા પ્રમાણ વિષયનો સંશય નાશ પામ્યા પછી પણ સત્ય જેવાં પ્રતીત થતાં પરસ્પર ભિન્ન એવાં જીવ, જગત્ અને ઇશ્વરમાં એક જ અદ્વૈતની કેવી રીતે સંભાવના હોઇ શકે. એવી બુદ્ધિ અસંભાવના કહેવાય છે, અને એ સ્વપ્નનાં દૃષ્ટાંત વગેરેથી યુક્તિપૂર્વક કરેલા મનનદ્વારા નાશ પામે છે.

આવી રીતે શ્રવણ અને મનન કર્યાં છતાં પણ અનાદિ
**( વિપરીત ભાવના )** અવિદ્યાજન્ય વાસનાને લીધે પહેલાંના જેવી જ સમસ્ત જગતમાં સત્યપણાની પ્રતીતિ થાય એ વિપરીત ભાવના છે, અને એ બ્રહ્મની સાથે એકાકાર જ્ઞાનના પ્રવાહરૂપ એવા નિદિધ્યાસનથી નાશ પામે છે.

આ ત્રણે પ્રતિબંધકનો નાશ ન કર્યો હોય તો જેમ સર્વને ભસ્મીભૂત કરે એવો અગ્નિ મણિમંત્રાદિકના પ્રતિબંધકથી પ્રતિબદ્ધ થયેલો હોય તો એક તૃણને પણ બાળી શકતો નથી, તેમ જ્ઞાનરૂપ અગ્નિ પણ પ્રતિબંધકથી પ્રતિબદ્ધ થયેલો હોવાથી અજ્ઞાન અને તેનાં કાર્યો ( સંસાર )માંથી કશાને પણ ભસ્મીભૂત કરી શકતો નથી; પણ ઉપર વર્ણન કર્યું તેવી રીતે ત્રણે પ્રતિબંધકનો નાશ થયા પછી અગ્નિ જેમ તૃણને તરત જ બાળે છે તેમ એ ( જ્ઞાન )

પણ અવિદ્યા અને તેના સમસ્તકાર્ય ( સંસાર )ને બાળી મૂકવા સમર્થ થાય છે.

અને ( શાસ્ત્ર )ના તાત્પર્યનો નિર્ણય કરવામાં નીચે પ્રમાણે છ લિંગનો ઉપયોગ કરવો જોઈએ.

**તાત્પર્યના નિર્ણયમાં છ લિંગની ઉપયોગિતા**

उपक्रमोपसंहारावभ्यासोऽपूर्वता फलम्
अर्थवादोपपत्ती च लिङ्गं तात्पर्यनिर्णये ॥

( ૧ ) ઉપક્રમ અને ઉપસંહાર, ( ૨ ) અભ્યાસ, ( ૩ ) અપૂર્વતા, ( ૪ ) ફલ, ( ૫ ) અર્થવાદ અને ( ૬ ) ઉપપત્તિ, એ તાત્પર્યનો નિર્ણય કરવાનાં લિંગ છે.

ઉપનિષદ્‌ની શ્રુતિઓ દ્વારા એનું વિવેચન આ પ્રમાણે છેઃ-

**પહેલું લિંગ**:-" ૧૯ હે સૌમ્ય ! ઉત્પત્તિની પૂર્વે કેવલ એક અદ્વિતીય સત્ જ હતું," એમ ઉપક્રમ ( પ્રારંભ-શરૂઆત ) કરીને " ૨૦ આ ( બ્રહ્મ ) સર્વ આત્મસ્વભાવવાળું છે, તે સત્ય છે." એમ છાંદોગ્યના વાક્યદ્વારા એ અખંડ એકરસ છે એવો ઉપસંહાર કર્યો, એ ઉપક્રમ-ઉપસંહાર નામનું પ્રથમ લિંગ થયું.

**બીજું લિંગ**-" ૨૧ તે તું છે " એમ નવ વાર કહ્યું એ અભ્યાસ નામનું બીજું લિંગ.

**ત્રીજું લિંગ**:-આ અખંડ એકરસ આત્મા પ્રત્યક્ષ વગેરે પ્રમાણોનો વિષય થઇ શકતો નથી એ અપૂર્વતા નામનું ત્રીજું લિંગ.

---

(૧૯) सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् । (छा. ऊ. ६-२-१)

(२०) एतदात्म्यमिदं सर्वं तत्सत्यम् । (छा. उ. ६-८-७)

(२१) तत्त्वमसि । (छा. उ. ६-८-७)

**ચોથું લિંગ:**–"[૨૨] જ્યાં સુધી (પ્રારબ્ધ કર્મથી) મુક્ત થયો નથી, ત્યાં સુધી જ વિલંબ છે; ત્યાર પછી એ વિદેહમુક્તિ પામે છે." આમ પ્રારબ્ધભોગના ક્ષય પછી અખંડ એકરસ જ્ઞાનનું વિદેહકૈવલ્ય ફલ છે, એમ શ્રુતિ કહે છે, એ ફલ નામનું ચોથું લિંગ છે.

**પાંચમું લિંગ:**–પાંચમો અર્થવાદ છે, અને એ (૧) સૃષ્ટિ, (૨) સ્થિતિ, (૩) પ્રલય, (૩) પ્રવેશ, (૫) સંયમન, (૬) તત્ તથા ત્વમ્ પદના અર્થનું પરિશોધન અને (૭) ફલ, આવી રીતે સાત પ્રકારનો છે:-

(૧) "[૨૩] તે (પૂર્વકથિત) આ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું" ઈત્યાદિ સૃષ્ટિના અર્થવાદરૂપી શ્રુતિઓ છે, અને તે

(૨–૩) આકાશ વગેરે બધાની બ્રહ્મમાંથી ઉત્પત્તિ, તેમાંજ અવસ્થાન (સ્થિતિ) અને પુન: તેમાંજ લય બતાવીને મૃત્તિકામાંથી ઉત્પત્તિ, સ્થિતિ અને લય પામતો ઘડો જેમ મૃત્તિકાથી અભિન્ન છે, તેમ કારણ બ્રહ્મનો કાર્ય જગતની સાથે અભેદ દર્શાવીને મહાવાક્યમાં કહેલા બ્રહ્મનું અદ્વિતીયપણું સિદ્ધ કરે છે.

(૪) "[૨૪] તેણે એકલાએ જ આ (મસ્તક)ની સીમા ફોડીને એમાં પ્રવેશ કર્યો" "[૨૫] તેને નિર્માણ કરીને તેણે સ્વત:

---

(२२) तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ संपत्स्ये । (छा. उ. ६-१४-२)

(२३) तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः । (तै. उ. २–१)

(२४) स एतमेव सीमानं विदार्यै तयाद्वारा प्रापद्यत (ए. १–३–१२)

(२५) तत्सृष्ट्वातदेवानु प्राविशन् (तैं. उ. २–६)

તેમાં પ્રવેશ કર્યો" "[૨૬] તેણે ધાર્યું કે આ જીવ દ્વારા (પ્રાણધારી) આત્મામાં પ્રવેશ કરીને નામરૂપ સ્પષ્ટ કરું." ઈત્યાદિ શ્રુતિઓ જીવરૂપે બ્રહ્મનો જ પ્રવેશ વર્ણવે છે. અને બહાર રહ્યા પછી ઘરમાં પ્રવિષ્ટ થયેલા દેવદત્તની પેઠે જીવબ્રહ્મનો અભેદ જ મહાવાક્યનો અર્થ છે, એમ સિદ્ધ કરે છે.

(૫) તેવી જ રીતે "[૨૭] જે પૃથ્વીપર રહેનારો, પૃથ્વીમાં અંદર રહેનારો, જે આવો છે એમ પૃથ્વી જાણતી નથી, જેનું શરીર પૃથ્વી છે, જે અંદર રહીને પૃથ્વીનું નિયમન (પ્રવૃત્તિ-નિવૃત્તિ) કરે છે, એવો આ તારો આત્મા અંતર્યામી અને અમૃત છે." ઈત્યાદિ નિયમન શ્રુતિ (જીવ બ્રહ્મના) અત્યંત ભેદમાં પણ નિયમ્ય નિયામક ભાવની ઉત્પત્તિ થતી હોવાથી બન્નેના અભેદની સંભાવના કરે છે.

(૬) તેમ જ [૨૮] માટે આ પુરુષ અન્નરસથી પૂર્ણ છે," "[૨૯] અગ્નિમાં જે લાલરૂપ છે." વગેરે તત્ પદ અને ત્વમ્ પદના અર્થનું પરિશોધન કરનારી શ્રુતિઓ જીવ અને ઈશ્વર બન્નેના ધર્મોનું નિરસન કરીને તે બન્નેનો અભેદ સિદ્ધ કરે છે.

---

(૨૬) अनेन जीवेनात्मनाऽनुप्रविश्य नामरूपे व्याकरवाणि (छा. ६–३–२)

(२७) यः पृथिव्यां तिष्ठन्पृथिव्या अन्तरो यं पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयत्येष त आत्माऽन्तर्याम्यमृत :।

(बृ. उ. ३–७–३)

(२८) सवाएव पुरुषोऽन्नरसमयः। (तै. उ. १–११)

(२९) यदग्ने रोहितं रूपम्। (छा. उ. ६–४–१)

(૭) "૩૦બ્રહ્મવિદ્ પરમ (બ્રહ્મ) ને પામે છે." "૩૧ તે અમૃત થાય છે;" ઈત્યાદિ શ્રુતિઓ અભેદ અર્થ પ્રકટ કરે છે, તેથી, અભેદની સંભાવના બતાવીને અભેદજ્ઞાનનું નિરતિશય ફલ બતાવે છે.

આવી રીતે સૃષ્ટિ, સ્થિતિ, પ્રલય, પ્રવેશ, સંયમન, તત્ત્વંપદાર્થ પરિશોધન અને ફલપ્રતિપાદન કરનારા સાત અર્થવાદનું વર્ણન કરીને જીવબ્રહ્મની એકતારૂપ અખંડ એકરસપણું અવાંતર વાક્યોદ્વારા પ્રતિપાદન થાય છે, તેથી મહાવાક્યનો અર્થ પણ અખંડ એકરસપણાથી જ પ્રતિપાદન થાય છે.

**છઠ્ઠું લિંગ**:–"૩૨ હે સૌમ્ય! જે પ્રમાણે માટીના એક વાસણ પરથી અન્ય સર્વ મૃત્તિકાના વિકાર (કાર્ય) નું જ્ઞાનથાય છે" એમ જે શ્રુતિ કહે છે, એ દૃષ્ટાંત ઉપપત્તિ નામનું છઠ્ઠું લિંગ છે.

એ છ લિંગોદ્વારા શ્રુતિનું તાત્પર્ય ધારણ કરવું, એ શ્રવણ કહેવાય છે.

શિષ્ય:–આનો સારાંશ શું?

ગુરુ:–જેવી રીતે પ્રધાનની પ્રેરણાથી સેનાએ પ્રાપ્ત કરેલા
વિજયનું "હું જીત્યો" એમ રાજા પોતાનામાં
**આત્મામાં કર્તૃત્વ** તથા આરોપણ કરે છે, તેવી જ રીતે, રાગદ્વેષાદિમાં
**કારયિતૃત્વનો અભાવ** રહેલું પ્રેરકપણું અજ્ઞાનને લીધે પોતાનામાં
છે, એવું આત્મામાં અભિમાન ધારણ કરે છે;
એટલા માટે પૂર્વોક્ત પ્રકારે વિચાર કરીને રાગદ્વેષાદિની પ્રેરણાથી જ ત્રણે પ્રકારનાં કરણો ત્રણ પ્રકારનાં કર્મ કરે છે, અને કર્તૃત્વ આત્મામાં નથી, એવો જે દૃઢ નિશ્ચય કરે છે તે જ જીવન્મુક્ત છે.

---

(૩૦) ब्रह्मविदाप्नोति परम् (तै. २–१)

(३१) अमृतः समभवत् (ऐ. ५–४)

(३२) यथा सोम्यैकेन मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातं स्यात्। (छा.उ.६-१-४)

# ષષ્ઠ વર્ણક

અત્યાર સુધીમાં પૂર્વે જણાવી ગયેલા દુઃખાદિ સપ્તકમાં દુઃખ, શરીર, કર્મ અને રાગદ્વેષાદિ, એ એક બીજાનાં ઉત્તરોત્તર કારણ છે એમ કહ્યું. આ છઠ્ઠા વર્ણકમાં રાગદ્વેષાદિ વૃત્તિઓના ભેદ, તથા અભિમાન, અવિવેક અને અજ્ઞાનનું વર્ણન કરીશું.

**રાગદ્વેષાદિ વૃત્તિઓના ભેદ:**

( ૧ ) રાગ, (૨) દ્વેષ, (૩) કામ (૪) ક્રોધ (૫) લોભ (૬) મોહ (૭) મદ (૮) માત્સર્ય (૯) ઇર્ષ્યા (૧૦) અસૂયા (૧૧) દંભ, (૧૨) દર્પ (૧૩) અહંકાર (૧૪) ઇચ્છા (૧૫) ભક્તિ અને (૧૬) શ્રદ્ધા–એમ રાગદ્વેષ વગેરે ચિત્તની સોળ વૃત્તિઓ છે. તે આવી રીતે:–(૧) સ્ત્રી સંબંધે ઉત્પન્ન થતી ચિત્તની વૃત્તિ એ **રાગ;** (૨) હાનિ પહોંચાડનારને હાનિકરવાની ઇચ્છા એ **દ્વેષ;** (૩) ઘર, ખેતર વગેરે સુખનાં સાધન પ્રાપ્ત કરવાની ઇચ્છા એ **કામ;** (૪) એમાં વિઘ્ન કરનાર પ્રતિ વૈરભાવ એ **ક્રોધ;** (૫) પોતે સંપાદન કરેલા પદાર્થમાંથી સત્પાત્રને પણ કશું યે નહિ આપવાની બુદ્ધિ **લોભ;** (૬) કરવા કે ન કરવા યોગ્યનો વિચાર કર્યા વિના અશ્વર્યના મદથી મૂઢ જેવા થઇને રહેવું એ **મોહ;** (૭) પોતે સંપત્તિવાન હોવાથી "હું શું ન કરી શકું ?" એવી બુદ્ધિ એ **મદ;** (૮) પોતાના જેટલી જ સંપત્તિવાળા મનુષ્યને ન જોઇ શકવાની શકિત એ **માત્સર્ય;** (૯) આ દુઃખ અમુકને મૂકીને મને શા માટે થયું એવી વૃત્તિ **ઇર્ષ્યા;** (૧૦) આવું સુખ મારે છે; તે અમુકને પણ કેમ પ્રાપ્ત થયું એવી બુદ્ધિ **અસૂયા;** (૧૧) આ ધર્મથી મારી પ્રસિદ્ધિ થાય એવી ચિત્તવૃત્તિ એ **દંભ** (૧૨) મારા જેવો બીજો કોઇ છેજ નહિ એવી બુદ્ધિ એ **દર્પ;** (૧૩) પ્રત્યેક વાતમાં "એ હું કરી શકીશ" એવો આગ્રહ રાખવો એ **અહંકાર;** (૧૪) ખાનપાન અને મલમૂત્રાદિ

**વૃત્તિઓના અર્થ.**

વિસર્જન વગેરે ત્યાગ ન કરી શકાય તેવાં કર્મ કરવાની વૃત્તિ એ **ઇચ્છા;** (૧૫) ગુરુ સજ્જન, અને દેવદેવતા પ્રતિ અત્યંત પ્રીતિ એ **ભક્તિ;** (૧૬) યજ્ઞ વગેરે કર્મકાંડમાં, વેદાન્તના વાક્યમાં અને ગુરુના ઉપદેશમાં વિશ્વાસ રાખવો એ **શ્રદ્ધા.**

શિષ્ય:–આ આત્મવિચારના ગ્રંથમાં ચિત્તની વૃત્તિઓનો વિચાર કરવાનું શું પ્રયોજન છે?

**આત્મવિચાર અને વૃત્તિજ્ઞાનનો સબંધ**

ગુરુ:–સાંભળ; સમસ્ત જીવોને મન વડે જ બંધ અને મોક્ષ છે, બીજા કશાથી નથી.

શિષ્ય:–તે કેવી રીતે?

ગુરુ:–સ્વભાવે નિર્મલ એવા મનનો અશુદ્ધ વૃત્તિ સાથેનો સંબંધ તે બંધ; અને (એનું) શુદ્ધ રૂપે રહેવું તે મોક્ષ. (પૂર્વોક્ત વૃત્તિઓમાં) રાગ વગેરે ચૌદ વૃત્તિઓ અશુદ્ધ છે અને ભકિત તથા શ્રદ્ધા એ શુદ્ધ છે. રાગાદિ તેર વૃત્તિઓ તો મનુષ્યોમાં વિના પ્રયત્ને પણ વારંવાર ઉત્પન્ન થઇને પાપમાં પ્રવૃત્તિ કરાવે છે તેથી ઉર્ધ્વગતિ થતી નથી. રાગાદિ વૃત્તિઓનો નિરોધ કરીને ભક્તિ અને શ્રદ્ધા દ્વારા કર્મ કરનારને ધીરે ધીરે સંસાર નિવૃત્ત થાય છે. એટલા માટે પુરુષે પોતાના ચિત્તનું સારી રીતે સંશોધન કરીને અશુદ્ધિના કારણરૂપ રાગાદિ વૃત્તિઓનો ત્યાગ કરીને શુદ્ધિના કારણ રૂપ ભકિત અને શ્રદ્ધામાં ચિત્તને લગાડવું જોઈએ. ઈચ્છા વડે કરાતાં ક્ષુધાતૃષાની નિવૃત્તિ તથા મલમૂત્રવિસર્જન ઇત્યાદિ કર્મોને ત્યાગ કરવા જતાં ઉલટું દુઃખ ઉત્પન્ન થાય છે. તેમ વળી એ કર્મ કરવાથી નથી સ્વર્ગ મળતું કે નથી નરકની પ્રાપ્તિ થતી, એટલા માટે ખાનપાન, મલમૂત્રવિસર્જનાદિ ઈચ્છાવૃત્તિનાં કર્મ અવશ્ય કરવાં જોઇએ.

આવી રીતે જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં રાગાદિ (વૃત્તિઓ) હોવાથી કર્મ પણ હોય છે; સુષુપ્તિ, મૂર્ચ્છા, સમાધિ અને મૌનભાવની અવસ્થામાં રાગ વગેરે નથી ને તેથી કર્મ વગેરે પણ નથી. આમ અન્વયવ્યતિરેક વડે કર્મમાં રાગ વગેરે જ કારણ છે એમ સિદ્ધ થાય છે.

શિષ્ય :–એ રાગ વગેરે શામાંથી આવે છે ?

**રાગાદિનું કારણ અભિમાન**

ગુરુ :–અભિમાનને લીધે એ ઉત્પન્ન થાય છે.

શિષ્ય :–શું એવી જ વ્યાપ્તિ છે? (સામાન્ય નિયમ જ એવો છે ? )

ગુરુ :–હા, એમ જ છે. સ્ત્રીઓને જ્યાં સુધી "હું સ્ત્રી ( પત્ની ) છું" એવું અભિમાન હોય છે, ત્યાં સુધી રાગાદિપૂર્વક પતિસેવા, ગૃહરક્ષણ, તેમજ રાંધવા વગેરે કામકાજમાં એની પ્રવૃત્તિ થાય છે. પુરુષોને પણ "હું પુરુષ ( પતિ ) છું" એવું અભિમાન જ્યાં સુધી હોય છે, ત્યાં સુધી રાગાદિપૂર્વક કુટુંબરક્ષણ, ખેતી, વેપાર વગેરે કામકાજમાં પ્રવૃત્તિ થાય છે. આવી રીતે સમસ્ત જીવોને વર્ણ અને આશ્રમ વગેરેના અભિમાનને લીધે રાગાદિપૂર્વક પોતપોતાના કામધંધામાં પ્રવૃત્તિ થાય છે, એથી સમજાય છે કે રાગ વગેરેનું કારણ અભિમાન જ છે.

શિષ્ય :–આવી જાતના વિચારનું શું ફલ ?

ગુરુ :–મુમુક્ષુ પુરુષેને જાતિ, વર્ણ, આશ્રમ, વય અને અવસ્થા વગેરેના અભિમાનનો ત્યાગ કરવો જોઇએ. તેનો ત્યાગ થવાથી બંધનો પણ ત્યાગ થયો એમ જાણ. જ્યાં સુધી અભિમાન છે ત્યાં સુધી રાગાદિ છે, અને અભિમાનનો અભાવ થતાં રાગાદિનો પણ અભાવ થાય છે, એવું અન્વયવ્યતિરેકની યુક્તિથી સમજી લે.

શિષ્ય :–તે કેવી રીતે ?

ગુરુ :–જાગ્રત વગેરે અવસ્થાઓમાં વર્ણ અને આશ્રમ વગેરેનું અભિમાન રહે છે તેથી રાગદ્વેષાદિ જેમાં નિમિત્ત છે, એવી પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે; પણ સુષુપ્તિ અને ઉદાસીન અવસ્થામાં વર્ણ અને આશ્રમ વગેરેના અભિમાનનો અભાવ હોવાથી રાગદ્વેષના નિમિત્તવાળી પ્રવૃત્તિ થતી નથી એમ જાણી લે.

શિષ્ય :–ત્યારે હવે એ અભિમાન શામાંથી આવે છે ?

**અભિમાનનું કારણ અવિવેક**

ગુરુ :–એનું કારણ અવિવેક છે.

શિષ્ય :–કેવી રીતે ?

ગુરુ :–જીવ માત્રને દેહનો વ્યતિરેક ( ન હોવાપણું હોવા છતાં પણ વિવેકના અભાવને લીધે "હું બ્રાહ્મણ" "હું ક્ષત્રિય" "હું શુદ્ર" "હું બ્રહ્મચારી" "હું ગૃહસ્થ" "હું વાનપ્રસ્થ" "હું સંન્યાસી" "હું પુરુષ" "હું સ્ત્રી" ઇત્યાદિ અભિમાન ઉત્પન્ન થાય છે, તેનું અવિવેક વિના બીજું કાંઇ પણ કારણ નથી.

શિષ્ય :–એમ ન કહેવાય કે આ અભિમાનને અવિવેકનું નહિ, પણ શરીરનું અવલંબન છે ?

ગુરુ :–એમ કહીએ તો ક્ષત્રિયને "હું બ્રાહ્મણ" સ્ત્રીને "હું પુરુષ" અને બ્રહ્મચારીને "હું ગૃહસ્થ" એવું અભિમાન સંભવવિત માનવું જોઇએ; પણ એમ તો દેખાતું નથી. તેવી શરીરને અવલંબન રાખીને અભિમાન ઉત્પન્ન થતું નથી.

શિષ્ય :-શિખા અને યજ્ઞોપવીતના અવલંબનને લીધે "હું બ્રાહ્મણ" છું, અને ભગવાં વસ્ત્ર અને કમંડલુનું અવલંબન કરીને

"હું સંન્યાસી" છું એવું અભિમાન આવતું હશે એમ કેમ ન કહેવાય ?

ગુરુ :–શિખા અને સૂત્ર ( યજ્ઞોપવીત ) વૈશ્ય તથા કુંભારને પણ ( કોઈ કોઇ દેશમાં ) જોવામાં આવે છે તેમ જ ભગવાં વસ્ત્ર અને કમંડલુ ઘણા શુદ્ર ( વર્ણના ) તપસ્વીઓ પણ રાખે છે, તેથી તેઓને " હું બ્રાહ્મણ છું, હું સંન્યાસી છું, " એવું અભિમાન થવું જોઇએ; પણ તેમ કાંઇ જોવામાં આવતું નથી.

શિષ્ય : ત્યારે સ્ત્રી અને પુરુષપણાના અભિમાનની પેઠે કોઈ ખાસ અવયવને અવલંબીને " હું બ્રાહ્મણ છું " ઇત્યાદિ પ્રકારનું અભિમાન આવતું હશે ?

ગુરુ –સૌને અવયવોમાં કાંઇ વિશેષતા જોવામાં આવતી નથી; તેમ જ બધા એકરૂપ હોવાથી કોઇ ખાસ અવયવનું અવલંબન પણ સંભવતું નથી.

શિષ્ય :–વળી કોઇ અમુક પ્રકારનાં માતપિતાથી ઉત્પન્ન થયેલા અમુક જ અવયવના અવલંબનને લીધે વિશેષ અભિમાન થાય છે એમ કહીએ તો કેમ ?

ગુરુ :–એવું હોય તો એમાંથી ઉત્પન્ન થનારાં વાળ, નખ, દાંત, મલમૂત્ર વગેરે પદાર્થો ( અવયવો ) માં પણ બ્રાહ્મણપણા વગેરેનો વ્યવહાર થવો જોઈએ ! પણ તેમ દેખાતું નથી. આ ઉપરથી અવિવેક વિના અન્ય કોઇનું અવલંબન રાખીને અભિમાન ઉત્પન્ન થાય છે એમ બ્રહ્મા પણ કહી શકે એમ લાગતું નથી.

શિષ્ય :–ત્યારે એ બ્રાહ્મણપણા વગેરેનું અભિમાન શાથી આવે છે ?

ગુરુ:–એનો ઠીક વિચાર કરતાં જણાય છે કે સંસારમાં જેમ "ઉત્સવ" "કલ્યાણ" "સભા" "સેના" વગેરે વસ્તુઓ અથવા ભાવના સમૂહનો પોતપોતાનાં નામ વડે વ્યવહાર થાય છે, તેવી જ રીતે આ અનિર્વચનીય માયામય દેહ તથા ઈંદ્રિયના સંઘાતને લોકવ્યવહારને માટે જ કેવલ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, સ્ત્રી, પુરુષ, નપુંસક, ગુજરાતી, મરાઠી, આન્ધ્ર, કર્ણાટકી, દ્રાવિડી, શાસ્ત્રી, દીક્ષિત, પુરાણી, કથાકાર, ગંગાસ્નાન કરનાર, શૈવ, વૈષ્ણવ, સેવક, પ્રધાન, રાજા, મંત્રી, ગુરુ, શિષ્ય ઇત્યાદિ બધો નામવ્યવહાર થાય છે. ત્રિકાલમાં પણ આત્મામાં એ નામ-રૂપનો વ્યવહાર નથી, એવી જાતના વિચારનો અભાવ અવિવેક કહેવાય છે, અને એ અવિવેકને લીધે જ બધાને આત્મામાં વર્ણ અને આશ્રમ વગેરેનું અભિમાન ઉત્પન્ન થાય છે.

શિષ્ય:–એ અવિવેક સાથી ઉત્પન્ન થાય છે?

**અવિવેકનું કારણ અજ્ઞાન**

ગુરુ:–પોતાના અન્તર્યામી ચિદાત્મરૂપને અનાદિકાલથી આરંભીને આવરણ કરનારું (ઢાંકી રાખનારું) અને આત્મજ્ઞાનથી જ નાશ પામે એવું જે અનાદિ અજ્ઞાન છે, તે જ એનું કારણ છે. આ અજ્ઞાન જ "મને પોતાને હું નથી જાણતો" એવી રીતે બધાને વ્યવહાર કરાવે છે.

શિષ્ય:–જગતમાં એક ભ્રાન્ત મનુષ્યના વિના પોતાના આત્માને કોણ નથી જાણતું?

**અજ્ઞાનીઓ બધા ભ્રાન્ત છે**

ગુરુ:–બધા ભ્રાન્ત જ છે.

શિષ્ય:–કેવી રીતે?

ગુરુ:–"હું બ્રાહ્મણ," "હું ક્ષત્રિય," "હું વૈશ્ય," "હું શુદ્ર," "હું બ્રહ્મચારી, "હું ગૃહસ્થ,"

"હું વાનપ્રસ્થ," "હું સંન્યાસી," એવી રીતે મિથ્યાભૂત આ દેહને બધા જાણે છે, પણ શરીર સિવાય આત્માને કોઇ ઓળખતું નથી, તેથી બધા ભ્રાન્ત જ છે, એમ કહેવામાં જરાયે ખોટું નથી.

શિષ્ય :-પણ જગતમાં કોઇ કોઇ શાસ્ત્રવેત્તાઓ અને પુરાણીઓ દેહ અનાત્મા છે, અને ઘડા તથા ભીંતના જેવા ( દશ્ય પદાર્થ રૂપ ) આ દેહથી આત્મા ભિન્ન છે એમ જાણે છે, તો પછી પ્રભો ! આત્માને કોઈ નથી જાણતું એમ આપ કેમ કહો છો ?

ગુરુ :-હે પુત્ર ! તેઓ પણ પરમાર્થરૂપ આત્માને કાંઇ જાણતા નથી; કારણ કે કર્ત્તા, ભોકતા, પરિચ્છિન્ન, લોકપરલોકમાં વિચરનાર, ચિદાભાસરૂપ વ્યાવહારિક જીવાત્માને જ તેઓ આત્મા તરીકે જાણે છે; પણ તે સિવાય અકર્તા, અપરિચ્છિન્ન, અમલ, ચિદ્રૂપ, પારમાર્થિક આત્માને તેઓ જાણતા નથી.

શિષ્ય :-આ અજ્ઞાન શાથી ઉત્પન્ન થાય છે ?

**અજ્ઞાન અનાદિ છે**

ગુરુ:-વેદ અને શાસ્ત્રોમાં એનું અનાદિપણું પ્રસિદ્ધ છે, તેથી એનું કાંઇ પણ કારણ કહી શકાય એમ નથી.

શિષ્ય :-ત્યારે એ અજ્ઞાનને જો આદિ નથી તો અન્ત પણ ન હોવો જોઈએ, એમ કેમ ન માની શકાય ? અને એમ માનીએ તો પછી જીવને મુકિત પણ નહિ સંભવે.

ગુરુ :-સાંભળ; અજ્ઞાનના આદિનો અભાવ છે, પણ એનો

**અજ્ઞાન સાંત છે**

અન્ત છે. સંસારમાં કેટલાએક પદાર્થોને આદિ ન હોવા છતાં પણ અન્ત હોય છે. કેટલાએકને અન્તનો અભાવ હોવા છતાં પણ આદિ હોય છે.

શિષ્ય :–તે કેવી રીતે ?

ગુરુ : પ્રાગભાવને આદિ નથી હોતો, અન્ત હોય છે; અને પ્રધ્વંસાભાવને અન્ત ન હોતાં આદિ હોય છે. અને જેમ વાતપત્તિકફમાંથી ઉત્પન્ન થયેલા વ્યાધિનું મૂલ ન જાણ્યા (અજ્ઞાન) છતાં પણ વૈદકશાસ્ત્રમાં કહેલા ઔષધ વડે એની નિવૃત્તિ થતી જણાય છે, તેમ અજ્ઞાનનું મૂલ ન જાણ્યા (અજ્ઞાન) છતાં વેદાન્તશાસ્ત્રમાં કહેલાં વાક્યોદ્વારા ઉત્પન્ન થતા જ્ઞાનથી એનો નાશ થાય છે, એવો સિદ્ધાંત છે.

**ત્રણ જાતના અભાવ**

શિષ્ય :–ત્યારે આ અજ્ઞાનના સ્વરૂપનાં લક્ષણો શું છે ?

ગુરુ :–એ દુર્વચ છે. (એ કહેવું કઠિન છે.) તો પણ એ અજ્ઞાન સત્ નથી, અસત્, નથી તેમ સદસત્ પણ નથી; સાવયવ નથી, નિરવયવ નથી, તેમ ઉભયરૂપ પણ નથી; ભિન્ન નથી; અભિન્ન નથી; તેમ ભિન્નાભિન્ન નથી; એ તો અનિર્વચનીય છે. (અમુક જ પ્રકારનું છે એમ કહી શકાય એવું નથી.)

**અજ્ઞાન દુર્વચ છે**

શિષ્ય :–એમ કેમ ?

ગુરુ :–તત્ત્વજ્ઞાનથી એનો બાધ થતો હોવાથી એ સત્ નથી. સસલા તથા મનુષ્યનાં શૃંગ, તેમ જ આકાશકમલના જેવું અસત્ પણ નથી; કારણ કે હું અજ્ઞાની છું એવો સર્વને અનુભવ થાય છે. તેમ જ પરસ્પર વિરોધીપણાને લીધે એ સદસત્ પણ નથી.

(પ્રથમ તો) સ્થૂલ આકાશ (પોતે જ સૂક્ષ્મ છે; એના કરતાં અપંચીકૃત આકાશ સૂક્ષ્મ છે; તેના કરતાં પણ ગુણો સૂક્ષ્મ

છે; તેના ( ગુણો ) કરતાં પણ અજ્ઞાન સૂક્ષ્મ છે; અને આવી રીતે સૂક્ષ્મનું પણ મૂલ કારણ હોવાથી એ અજ્ઞાન સાવયવ નથી. તેમ સ્થૂલ પદાર્થરૂપી જગતના આકારે પરિણામ પામે છે તેથી નિરવયવ નથી; અને બન્ને પરસ્પર વિરોધી હોવાથી ઉભયાત્મક પણ નથી.

આત્માથી એ ભિન્ન છે એમ કહીએ તો અદ્વૈત શ્રુતિનો વિરોધ આવે છે, તેમ જ આત્મસત્તા વિના અન્ય સત્તાનો અભાવ છે, તેથી એ ભિન્ન નથી; અભિન્ન કહીએ તો આત્મશકિતના અભાવનો પ્રસંગ ઉપસ્થિત થાય છે; તેમ જ " એ ( આત્મા ) ની શકિત પરા અને વિવિધ છે એમ પણ સાંભળીએ છીએ " એવી શ્રુતિનો વિરોધ આવે છે, તેથી એમ પણ સંભવિત નથી. વળી આત્મામાં જડતા અને માયામાં ચેતનતા માનવી પડશે, તેમ જ આત્માને અવિદ્યા વગેરેનું નામ આપવું પડશે, અને તેથી આત્માના સત્ ચિત્ અને આનંદ સ્વરૂપને અનૃત, જડ અને દુઃખપણું પ્રાપ્ત થશે; એટલા માટે એ અભિન્ન પણ નથી, ભિન્ન અને અભિન્નનો વિરોધ હોવાથી એ ઉભયરૂપ પણ નથી. આ ઉપરથી એ અજ્ઞાન અનિર્વચનીય જ છે એમ સિદ્ધ થાય છે.

આવી રીતના અનાદિ અજ્ઞાનમાંથી અવિવેક, એમાંથી અભિમાન, તેમાંથી રાગદ્વેષાદિ, તેમાંથી કર્મ, કર્મમાંથી શરીર, તેમાંથી સાંસારિક દુઃખ એમ અજ્ઞાનની પરંપરામાંથી આત્માને બધું પ્રાપ્ત થાય છે, એમ જાણવું જોઇએ.

શિષ્ય :–ત્યારે આવું દુઃખ કયારે નાશ પામે ?

**દુઃખનાશનાં સાધનો**

ગુરુ :–શરીરનો નાશ થતાં દુઃખનો નાશ થાય; કર્મનો નાશ થતાં શરીરનો નાશ થાય : રાગદ્વેષાદિનો નાશ થતાં કર્મનો નાશ થાય : અભિમાનનો નાશ થતાં રાગદ્વેષાદિનો નાશ

થાય; અવિવેકનો નાશ થતાં અભિમાનનો નાશ થાય; અજ્ઞાનનો નાશ થતાં અવિવેકનો નાશ થાય, અને અદ્વૈત બ્રહ્મસ્વરૂપ આત્માના પોતાના દઢ નિશ્ચય વડે ઉત્પન્ન થયેલ "ब्रह्मैवाहम्–બ્રહ્મ જ હું છું –अहं ब्रह्मैवास्मि હું બ્રહ્મ જ છું" એવા મહાવાક્ય દ્વારા ઉત્પન્ન થયેલા જ્ઞાનથી એ અજ્ઞાન નાશ પામે છે; બીજા (કોઇ પણ સાધન) થી નહિ એમ જાણજે.

શિષ્ય :-પણ જો બ્રહ્મહત્યાદિ જેવાં મહાપાતકોનો પણ પ્રાયશ્ચિતરૂપી સત્કર્મોથી સંપૂર્ણ નાશ થાય છે, તો પછી એવાં સત્કર્મોની શકિતથી, મિથ્યા માત્ર આ અજ્ઞાનનો કેમ નાશ ન કરી શકાય ?

**અજ્ઞાનનો નાશ કર્મથી નહિ, પણ જ્ઞાનથી**

ગુરુ:-કર્મ અને અજ્ઞાનનો વિરોધ નથી. (ઉલટું) કર્મ તો અજ્ઞાનને વધારે છે. જેમ અમાવાસ્યાના અંધકારમાં મેઘાવરણ (વાદળાંની છાયા) વધારો કરે છે, તેમ કર્મ અજ્ઞાનમાં વૃદ્ધિ કરે છે; એની નિવૃત્તિ કરતું નથી. એ અંધકારનો નાશ જેમ સૂર્ય કરે છે, તેમ અજ્ઞાનની પણ જ્ઞાન જ નિવૃત્તિ કરે છે, કર્મ નહિ.

શિષ્ય –ત્રણ પ્રકાર (મન, વાચા, અને કાયા) ના કરણથી જે થાય તે કર્મ એવું પહેલાં કહેવાઇ ગયું, હવે એ જ્ઞાન પણ અન્તઃકરણમાંથી ઉપજતી વૃત્તિના કર્મમાંથી ઉદ્ભવેલું હોવાથી એ પણ કર્મ જ કહેવાશે, તેથી એ અજ્ઞાનનો કેવી રીતે નાશ કરી શકે ?

**જ્ઞાન કર્મ નથી**

ગુરુ :–સાંભળ વૃત્તિ મનનું કર્મ છે એ વાત ખરી છે. પણ જ્ઞાનથી અજ્ઞાનની નિવૃત્તિ થાય છે, તેમાં રૂપગ્રહણ કરનાર નેત્રની પેઠે એ વૃત્તિ તો

કેવળ ઉપાધિભૂત છે (નિમિત્તમાત્ર સાધન છે). એ સ્વત: કાંઇ અજ્ઞાનની નિવૃત્તિ કરતી નથી. નિવૃત્તિ કરનાર જ્ઞાન તો નિત્ય છે અને સ્વરૂપજ્ઞાન તથા વૃત્તિજ્ઞાન એમ એ જ્ઞાન બે પ્રકારનું છે.

**જ્ઞાનના બે પ્રકાર સ્વરૂપજ્ઞાન; અને વૃત્તિજ્ઞાન**

સુષુપ્તિમાં અજ્ઞાનનું પ્રકાશક જ્ઞાન સ્વરૂપજ્ઞાન છે, અને જાગ્રત તથા સ્વપ્નના વિષયનું પ્રકાશક (જ્ઞાન) વૃત્તિજ્ઞાન કહેવાય છે. દૃષ્ટાન્ત તરીકે સૂર્યનો પ્રકાશ પડયો હોય એવી ભીંત પર અનેક દર્પણદ્વારા પ્રતિબિંબિત સૂર્યનો પ્રકાશ પડે, ત્યારે એ દર્પણોના (પ્રતિબિંબિત) પ્રકાશની વચ્ચે વચ્ચે સૂર્યનો પ્રકાશ પણ હોય છે, તેમ જાગ્રત તથા સ્વપ્નમાં વૃત્તિજ્ઞાનનો અને સુષુપ્તિમાં સ્વરૂપજ્ઞાનનો પ્રકાશ સમજવાનો છે.

શિષ્ય :-ત્યારે શું જાગ્રત અને સ્વપ્નમાં સ્વરૂપજ્ઞાન નથી એમ કહી શકાશે ?

ગુરૂ :–સ્વરૂપજ્ઞાન તો હમેશાં બધી અવસ્થાઓમાં હોય છે જ. પરંતુ સુષુપ્તિ અવસ્થામાં વૃત્તિઓ હોતી નથી, કારણ કે વૃત્તિઓ બધી અંતઃકરણના ધર્મો છે; અને જ્ઞાન તો આત્માનું સ્વરૂપ છે.

એ સ્વરૂપભૂત જ્ઞાન વૃત્તિઓમાં પ્રવેશ કરીને અજ્ઞાનનો નાશ કરે છે; એકલી અંતઃકરણની વૃત્તિ અજ્ઞાનનો નાશ કરી શકતી નથી. એથી જ આત્માનું અજ્ઞાન આત્માકાર થયેલી વૃત્તિમાં પ્રવિષ્ટ થઈને સ્વરૂપજ્ઞાન વડે જ નષ્ટ થવું જોઇએ; બુદ્ધિ (અંતઃકરણ)ની વૃત્તિ વડે નહિ, તેમ જ (એ) અબજો

**સ્વરૂપજ્ઞાન વૃત્તિજ્ઞાનદ્વારા અજ્ઞાનનો નાશ કરે છે.**

પ્રકારનાં કર્મથી પણ નાશ પામે એવું નથી. જેમ સત્કર્મથી પાપ-કર્મનો નાશ થાય છે, તેમ વૃત્તિજ્ઞાન જ આ અજ્ઞાનનો નાશ કરે છે. જેવી રીતે માણેક પત્થર હોવા છતાં પણ પ્રકાશવાળો હોવાથી રત્નદીપના નામથી એનો વ્યવહાર કરાય છે, તેમ વૃત્તિ જ્ઞાન મનો(અંતઃકરણની)વૃત્તિરૂપ હોવા છતાં પણ એનામાં પ્રવિષ્ટ થયેલા સ્વરૂપજ્ઞાનને લીધે જ્ઞાન નામથી ઓળખવાનો ગૌણરૂપે વ્યવહાર છે; એને કર્મના નામથી ઓળખવાનો વ્યવહાર નથી.

શિષ્ય :-સુષુપ્તિમાં સ્વરૂપજ્ઞાન અજ્ઞાનનું પ્રકાશક છે તેથી એમાં વિરોધ હોય તેમ લાગતું નથી; અને તેથી એ જ્ઞાન અજ્ઞા-નનો નાશ કરે છે એમ કેમ કહેવાય ?

ગુરુ :-સ્વરૂપજ્ઞાન અને અજ્ઞાનના વિરોધનો અભાવ છે, પણ વૃત્તિજ્ઞાનનો અને અજ્ઞાનનો વિરોધ છે.

શિષ્ય :- વૃત્તિમાં પ્રવિષ્ટ થયેલું જ્ઞાન પણ સ્વરૂપજ્ઞાન છે, તો પછી એનો અજ્ઞાનની સાથે વિરોધ કેમ છે ?

ગુરુ :-સંસારમાં જેવી રીતે તાપમાં પડેલા ઘાસ વગેરેની સાથે સૂર્યનાં કિરણનો વિરોધ નથી, પણ સૂર્યકાન્ત (આગિયા કાચ)માં પ્રવિષ્ટ થયેલાં સૂર્યનાં કિરણો તેને બાળી નાંખે છે, તેથી વિરોધ કહેવાય છે, તેમ કેવલ સ્વરૂપજ્ઞાનનો અજ્ઞાનની સાથે વિરોધ ન હોવા છતાં પણ એ જ્ઞાન જ્યારે વૃત્તિમાં પ્રવિષ્ટ થાય છે, ત્યારે અજ્ઞાનની સાથે વિરોધ થાય છે, (અને તેથી એનો એ નાશ કરે છે.)

શિષ્ય :-વૃત્તિજ્ઞાનથી અજ્ઞાન અને તેના કાર્ય (સંસાર)નો

નાશ થયા પછી પણ વૃત્તિ તથા તેમાં પ્રવિષ્ટ થયેલું જ્ઞાન, એમ બન્નેની વિદ્યમાનતા હોવાથી અદ્વૈત કેવી રીતે સિદ્ધ થશે?

**વૃત્તિજ્ઞાનની નિવૃતિ અને નિત્યાનિત્યતા**

ગુરુ:-*કતકરજની પેઠે વૃત્તિજ્ઞાન પણ અજ્ઞાન તથા તેના કાર્યની નિવૃત્તિ કર્યા પછી પોતે પોતાની મેળે જ નિવૃત્તિ પામે છે. વૃત્તિનો નાશ થતાં વૃત્તિમાં પ્રતિબિંબિત થયેલું જ્ઞાન પણ બિમ્બભૂત સ્વરૂપજ્ઞાનમાં અભેદ પામે છે; એટલે કેવલ અદ્વૈત આત્મસ્વરૂપ જ અવશેષ રહે છે; આવી રીતે જ્ઞાનથી જ અજ્ઞાનનો નાશ થાય છે.

**વૃત્તિજ્ઞાનમાં આત્મ-વિચારણા જ સાધન છે**

આવું જ્ઞાન આત્મવિચારણાથી જ ઉદ્દભવે છે; કર્મથી, યોગથી અથવા ઉપાસનાથી નહિ. જ્ઞાન વસ્તુતંત્ર છે; (એટલે કે એ વસ્તુ (બ્રહ્મ)ના સાક્ષાત્કારરૂપ છે) અને તેથી એમાં વધઘટ કે પરિવર્તન કરી શકાય એવું નથી. ઉપાસના, યોગ વગેરે પુરુષતંત્ર છે (એટલે કે પુરુષના પ્રયત્નથી ઉદ્દભવવા પામે છે) તેથી એમાં વધઘટ કે પરિવર્તન થઈ શકે છે. એનાથી ચિત્તની એકાગ્રતા તથા અણિમા વગેરે અષ્ટ ઐશ્વર્ય સાધી શકાય છે; પણ જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. ઉપાસના અને યોગ અંતઃકરણના વ્યાપારરૂપ હોવાથી ક્રિયાત્મક છે; વસ્તુતંત્ર નથી (આત્માની સાથે સંબંધ રાખનારા નથી.) અને તેથી વસ્તુતંત્ર જ્ઞાન કર્મથી નહિ, પણ (આત્મ) વિચારથી જ સાધી લેવાનું છે.

**જ્ઞાન વસ્તુતંત્ર છે. યોગ, કર્મ, ઉપાસના પુરુષતંત્ર છે**

---

* નિર્મળીનાં બીજનું ચૂર્ણ.

શાલિગ્રામ, રત્ન અને સુવર્ણ વગેરે વસ્તુનો નિર્ણય અને તેનાં લક્ષણની પરીક્ષા કસોટી પર ઘસીને કરવી જોઇએ, પણ સ્નાન, સંધ્યાવંદન તથા પ્રાણાયામ વડે કોઇ એનો નિર્ણય કરી શકતું નથી; તેમ આત્મજ્ઞાન પણ આત્મા અને અનાત્માના વિચાર વિના ઉપાસના વગેરેથી સાધી શકાતું નથી. એટલા માટે મુમુક્ષુએ અન્ય કર્મનો ત્યાગ કરીને હંમેશાં શ્રવણમનનદ્વારા જ આત્મા અને અનાત્માનો વિચાર કરવો જોઈએ. આવી રીતે જે કેવલ એક વિચારપરાયણ જ રહે છે, તે આજ જન્મમાં સંસારના બંધથી વિમુક્ત થઇને જીવન્મુક્તિ તથા વિદેહમુક્તિ પ્રાપ્ત કરે છે, એવી સમસ્ત વેદાન્તશાસ્ત્રોની ઘોષણા છે.

હે પુત્ર! મેં આ જે કહ્યું, તે તું વિશ્વાસપૂર્વક ગ્રહણ કર અને કેવલ જ્ઞાનરૂપે નિષ્ઠા રાખીને રહે! કદી પણ કર્તૃત્વાદિરૂપ થઇને રહીશ નહિ.

## સપ્તમ વર્ણક

આ સાતમા વર્ણકમાં આત્મા અને અનાત્માનો વિવેક, તેનાથી સાધ્ય થતું આત્મજ્ઞાન, અને તેનાથી સાધ્ય થતા બ્રહ્મકૈવલ્યનું વર્ણન છે.

**આત્મા અને અનાત્માનો વિવેક**

શિષ્ય:-આત્મા અને અનાત્માના વિવેકમાંથી આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે, એમ આપે ઠીક કહ્યું, પણ એ આત્મા એટલે શું?

ગુરુ:-ત્રણ શરીરથી વિલક્ષણ, ત્રણ અવસ્થાનો સાક્ષી, પંચ-

કોશથી વ્યતિરિક્ત, તથા સત્ ચિત્ અને આનન્દલક્ષણરૂપ એ આત્મા છે.

શિષ્ય:–અને અનાત્માનાં શું લક્ષણ છે?

ગુરુ:–અનાત્મા એટલે ત્રણ શરીર, અને એ અનૃત, જડ, અને દુઃખરૂપ છે. વળી એ ત્રણે શરીર વ્યષ્ટિ અને સમષ્ટિ ભેદવાળાં છે; વ્યષ્ટિ અને સમષ્ટિનાં લક્ષણ પ્રથમ વર્ણકમાં કહ્યાં છે, છતાં અહીં પણ કહું છું તે સાંભળ. વન એટલે સમષ્ટિ; (એક) વૃક્ષ એટલે વ્યષ્ટિ; (ટૂંકમાં) સમસ્ત હોય તે સમષ્ટિ અને વ્યસ્ત (છૂટું છવાયું–એકલું) હોય તે વ્યષ્ટિ, આવી રીતે ત્રણે શરીરો વ્યષ્ટિ અને સમષ્ટિ રૂપવાળાં છે.

**વ્યષ્ટિ અને સમષ્ટિનો વિચાર**

શિષ્ય –તે કેવી રીતે?

ગુરુ:–સમષ્ટિ સ્થૂલ શરીર, સમષ્ટિ સૂક્ષ્મ શરીર અને સમષ્ટિ કારણ શરીર; તેવીજ રીતે વ્યષ્ટિ સ્થૂલ શરીર, વ્યષ્ટિ સૂક્ષ્મ શરીર અને વ્યષ્ટિ કારણ શરીર: એમ ત્રણે શરીર વ્યષ્ટિ અને સમષ્ટિના ભેદ વડે છ પ્રકારનાં થાય છે.

**આત્માના ઇશ્વરજીવભાવ માયા અને અવિદ્યાના ઉપાધિઓ છે**

આત્માને સમષ્ટિના ઉપાધિને લીધે ઇશ્વરપણું અને વ્યષ્ટિના ઉપાધિને લીધે જીવપણું પ્રાપ્ત થાય છે, જો કે આત્મા એક જ હોવાથી એ (ભેદ) વાસ્તવિક નથી. આત્માને એ ઈશ્વરપણું માયાના ઉપાધિને લીધે અને જીવપણું અવિદ્યાના ઉપાધિને લીધે છે; એમાં કશું યે વાસ્તવિક

નથી. જ્યાં સુધી એ વાસ્તવિક છે એમ જ જાણે છે, ત્યાં સુધી એના બન્ધની નિવૃત્તિ થતી નથી. 'જીવ અને ઇશ આભાસમાત્રથી બનાવે છે; પોતે જ માયા અને અવિદ્યા થાય છે.' આમ એ વિષયમાં સમસ્ત જીવોની માતા, શ્રુતિભગવતી ઉપદેશ કરે છે.

શિષ્ય :–ઈશ્વરને સમષ્ટિ કારણ શરીરમાં અભિમાન હોતું નથી, એમ કહેવાય છે, એનું શું કારણ ?

**ઇશ્વર અને અભિમાન; તેની ઉપાસનાનો વિચાર**

ગુરુ : મહાસુષુપ્તિ ( સૃષ્ટિના મહાપ્રલય)માં અહંકાર લીન થતો હોવાથી અભિમાનના કારણનો જ ત્યાં અભાવ હોય છે. આ સમષ્ટિ કારણના ઉપાધિવાળા ઈશ્વરને અવ્યાકૃત અને અંતર્યામી પણ કહે છે, તથા ઉત્તમભકત કોટિના જીવો એની ઉપાસના કરે છે.

જેઓ એ ( અન્તર્યામી )ની ઉપાસના કરી શકે તેવા ન હોય, તેઓને શ્રુતિ સમષ્ટિ સૂક્ષ્મ શરીરના ઉપાધિવાળા ઈશ્વરની ઉપાસના કરવાનો ઉપદેશ કરે છે, જેનાં હિરણ્યગર્ભ, સૂત્રાત્મા અને મહાપ્રાણ એવાં નામ છે.

શિષ્ય :–ત્યારે શું આ હિરણ્યગર્ભને પોતાના સૂક્ષ્મ શરીરમાં અભિમાન હોય છે કે નહિ ?

ગુરુ :–તે વખતે જો કે અભિમાન ધારણ કરનાર અહંકાર વિદ્યમાન છે, છતાં પણ સ્વપ્ન અવસ્થાને લીધે અભિમાનના આશ્રયવાળા સ્થૂલ શરીરના પ્રવેશનો અભાવ હોવાથી, એ સૂક્ષ્મ શરીરમાં પણ ઇશ્વરને અભિમાન હોતું નથી.

ન કરે તો તે તે મૂર્તિદ્વારા સૃષ્ટિ, સ્થિતિ વગેરે કાર્ય કરી શકાય નહિ, તેથી અભિમાન હોય છે, એમ માનવું જોઈએ.

**ઇશ્વર અને જીવના અભિમાનમાં ભેદ**

શિષ્ય :–ઈશ્વરને પણ જીવની પેઠે જો અભિમાન હોય છે એમ કહીએ તો પછી જીવના કરતાં ઈશ્વરમાં શું વિશેષતા રહી ?

ગુરુ :–વિશેષતા છે; જીવોને પોતપોતાનાં શરીરમાં અહંતા તથા મમતા સતત્ રહે છે જ; ત્યારે ઇશ્વર તો પોતાની (ઈચ્છાથી સ્વીકારેલી ) ભૂમિકા ભજવનાર નટની પેઠે, લોકરક્ષણને માટે કેવલ કૃપાપૂર્વક જ તે તે કાર્ય કરતી વખતે પોતાની મૂર્તિમાં અભિમાનની કલ્પના કરી લે છે. આવી રીતે જીવના અભિમાન અને ઈશ્વરના અભિમાનમાં મહાન ભેદ છે.

આવા મૂર્તિસ્વરૂપ ઈશ્વરની પણ જેઓ ઉપાસના ન કરી શકે તેવા હોય, તેઓને શાસ્ત્ર તામ્ર વગેરે ધાતુની બનાવેલી કલ્પિત પ્રતિમાની ઉપાસના કરવાનો આદેશ કરે છે. એટલા માટે કેટલાએક ઇશ્વરબુદ્ધિથી પ્રતિમાની ઉપાસના કરે છે. ( સત્ય તો એ છે કે ) સર્વત્ર એક જ અન્તર્યામી પરમેશ્વર બ્રહ્મા વગેરે મૂર્તિઓમાં તેમજ

**અનેક મૂર્તિઓ હોવા છતાં અન્તર્યામી ઇશ્વર એક છે.**

તેમની પ્રતિમાઓમાં નિવાસ કરીને પોતપોતાના ઉપાસકોને ફલપ્રદાન કરે છે. મૂઢ લોકો ઇશ્વરના સર્વાત્મભાવનો વિચાર ન કરતાં, તે મૂર્તિઓમાં અનેક ભિન્ન ભિન્ન ઇશ્વરો છે એમ માનીને પરસ્પર કલહ કરે છે ( લડે છે) પણ અન્તર્યામી ઇશ્વર તો એક જ છે એમ તું જાણજે.

શિષ્ય :–ઈશ્વર સર્વત્ર અને એક જ છે, તો પછી શાસ્ત્રો તે

તે દેવોની મૂર્તિના ભેદનો અંગીકાર કરીને તેઓની ઉપાસનાનો ભેદ પ્રતિપાદિત કરે છે એનું શું કારણ ?

ગુરુ :–બહિર્મુખ વૃત્તિવાળાને ધીરે ધીરે અન્તર્મુખ કરીને 'પરમાત્મા જ જીવાત્મા છે, ( કોઈ ) અન્ય નથી' એવું જ્ઞાન આપીને મુક્તિપ્રદાન કરાવવાની ઇચ્છાથી અનાદિ કાલથી પ્રવૃત્ત થયેલા ભેદનો શાસ્ત્ર અંગીકાર કરે છે, અને તેમની બુદ્ધિ અનુસાર ભિન્ન ભિન્ન પ્રકારની યોજના કરે છે. પણ એ કાંઇ મુખ્ય તાત્પર્ય નથી. આવી રીતે પરમાત્મા પરમેશ્વરનું ત્રણ સમષ્ટિ શરીરના ઉપાધિભેદ વડે ઈશ્વરત્વ સિદ્ધ કરી બતાવ્યું.

**આત્માનું જીવત્વ**

હવે એક જ પરમાત્માને ત્રણ વ્યષ્ટિ શરીરના ઉપાધિને લીધે કેવી રીતે જીવત્વ સિદ્ધ થાય છે તે કહું છું. વ્યષ્ટિ કારણ શરીરના ઉપાધિને લીધે તે પરમાત્માનાં પ્રાજ્ઞ, પારમાર્થિક, અવિદ્યાવચ્છિન્ન એવાં નામ પડયાં છે. વ્યષ્ટિ સૂક્ષ્મ શરીરના ઉપાધિને લીધે એ જ પરમાત્મા તૈજસ, સ્વપ્નકલ્પિત તથા પ્રાતિભાસિક એવાં નામથી ઓળખાય છે; અને વ્યષ્ટિ સ્થૂલ શરીરના ઉપાધિને લીધે પરમાત્માને વિશ્વ, વ્યાવહારિક અને ચિદાભાસ એવાં નામ પ્રાપ્ત થયાં છે.

શિષ્ય : એ જીવને પણ ત્રણ શરીર શા માટે હોય છે ?

ગુરુ :–એમાં પણ પ્રયોજન છે. અંતઃકરણમાં પડેલું પ્રતિબિંબ જીવ કહેવાય છે, તેથી જીવને સૂક્ષ્મ શરીરની પ્રથમ આવશ્યકતા પડે છે. ત્યાર પછી સ્થૂલ શરીર વિના કર્મ તથા કર્તૃત્વ ( કર્તાપણું ) સંભવી શકતાં નથી, તેથી સ્થૂલ શરીર આવશ્યક

છે; અને આ બન્ને કાર્ય શરીરો કારણ શરીર વિના રહી શકતાં નથી, તેથી કારણ શરીરની પણ આવશ્યકતા પડે છે; એટલા માટે જીવને પણ ત્રણ વ્યષ્ટિ શરીર જરૂરનાં છે.

શિષ્ય :–એ ત્રણ વ્યષ્ટિ શરીરોમાં જીવને અભિમાન હોય છે કે નહિ ?

**જીવ અને એનું અભિમાન**

ગુરુ :–વિચાર કરતાં જણાય છે કે અભિમાન હોય છે.

શિષ્ય :–કેવી રીતે ?

ગુરુ : જીવમાં કર્મ અને કર્તૃત્ત્વ હોય છે તેથી: જો શરીરમાં અભિમાનનો અભાવ માનીએ તો જીવને તે કર્મ અને કર્તૃત્વ જ ન પ્રાપ્ત થય. એને અભાવે શરીરનો સંભવ મનાતો નથી; શરીરનો અભાવ થાય એટલે જીવત્વ જ નહિ સંભવે. એટલા માટે જીવને અભિમાન છે એમ માનજે. આવી રીતે પરમાત્મા તો એક જ છે, પણ વ્યષ્ટિ અને સમષ્ટિના ઉપાધિઓને લીધે જીવ તથા ઈશ્વરભાવને પ્રાપ્ત થાય છે.

શિષ્ય :–આમાં કાંઇ દૃષ્ટાન્ત છે કે ?

ગુરુ :–જે રીતે દેવદત્ત નામના એક જ પુરૂષને પુત્ર તથા પૌત્રના ઉપાધિઓને લીધે પિતા અને પિતામહ એવાં નામ પ્રાપ્ત થાય છે, તેમ અવિદ્યા અને માયાના ઉપાધિઓને લીધે એક જ આત્મા જીવ તથા ઇશ્વરપણાને પ્રાપ્ત થાય છે.

શિષ્ય :–પૂર્વોક્ત દૃષ્ટાન્તદ્વારા જીવ અને ઇશ્વર એવાં બે નામની યોજના તો સમજાઈ પણ અલ્પજ્ઞતા, અને સર્વજ્ઞતા વગેરેના ખાસ ભેદમાં કોઈ દૃષ્ટાંત છે ખરું ?

ગુરુ :–હા; તેમાં પણ દૃષ્ટાન્ત છે; જલ એક જ છે, પણ મોટા તળાવમાં રહેલું હોય ત્યારે આખા ગામની રક્ષા કરી શકે છે તેથી તે મહાશક્તિવાળું કહેવાય છે, અને ઘડામાં ભરેલું હોય ત્યારે એકજ ઘરને પૂરૂં પડે એટલું હોવાથી અલ્પશક્તિવાળું બને છે; વળી એકજ અગ્નિ મોટી મશાલમાં હોય, તો બહુ દૂર સુધી પ્રકાશ પડનારો હોવાથી મહાશક્તિમાન અને ન્હાના કોડિયામાં બાળ્યો હોય તો ઘરમાં જ પ્રકાશ પાડતો હોવાથી અલ્પશક્તિમાન કહેવાય છે; તે જ પ્રમાણે આત્માને પણ કારણભૂત માયાના મહાન ઉપાધિને લીધે સર્વજ્ઞતા અને કાર્યભૂત અવિદ્યાના અલ્પ ઉપાધિને લીધે અલ્પજ્ઞતા પ્રાપ્ત થાય છે; પરન્તુ ( વસ્તુતઃ ) સર્વજ્ઞ કે અલ્પજ્ઞ એ બેમાંથી કાંઇ પણ આત્મા પોતે બનતો નથી. એટલા માટે તો વેદાન્તશાસ્ત્ર તત્પદ અને ત્વંપદનું ત્રણ પ્રકારના સંબંધ વડે અખંડપણું સમજાવે છે.

**આત્મામાં સર્વજ્ઞતા-અલ્પજ્ઞતા ઉપાધિઓ નથી**

શિષ્ય :–એ ત્રણ પ્રકારના સંબંધ કયા કયા ?

**ત્રણ પ્રકારના સંબંધ**

ગુરુ :–બે પદોનો સંબંધ **સામાનાધિકરણ્ય** કહેવાય છે; બે પદોના અર્થોનો સંબંધ **વિશેષણ વિશેષ્યભાવ** કહેવાય છે, અને બે પદોનો અથવા બે પદોના અર્થોનો પ્રત્યગાત્માની સાથેનો સંબંધ **લક્ષ્ય–લક્ષણભાવ** કહેવાય છે; આવી રીતે સંબંધ ત્રણ છે. તેમાં દૃષ્ટાન્ત આ પ્રમાણે :—

सोऽयं देवदत्त :—सः अयम् देवदत्त :—"તે આ દેવદત્ત" આ વાકયમાં ત્રણે પ્રકારના સંબંધ છે.

(૧) **સામાનાધિકરણ્ય સંબંધ:**–"તે (सः)" શબ્દ અને "આ (अयम्)" શબ્દ એક દેવદત્તના શરીર સાથે સમાન અધિકરણમાં છે, તેથી એ બે શબ્દોનો સામાનાધિકરણ્ય સંબંધ છે.*તેવી જ રીતે (तत्–त्वम्-असि) માં तत् (તે) પદ અને त्वम् (તું) પદનું પણ એક જ ચૈતન્ય સમાન અધિકરણમાં છે; તેથી બન્નેનો પણ સમાન અધિકરણ્ય સંબંધ છે.

**સમાન અધિકરણનો સંબંધ**

(૨) **વિશેષણવિશેષ્યભાવ સંબંધ:**–તે કાલ (સમય) ના અને દેશ (સ્થાન) ના વિશેષણવાળા દેવદત્તવાચક सः–તે શબ્દના અર્થ (દેવદત્ત) નો આ કાલ (અત્યાર)-ના અને આ સ્થાન (અહીં) ના વિશેષણવાળા દેવદત્તવાચક अयम्–આ શબ્દના અર્થ (દેવદત્ત) સાથે પરસ્પર ભેદ ન રહેતો હોવાથી, જેવી રીતે વિશેષણવિશેષ્યભાવ સંબંધ છે, તેવી જ રીતે સર્વજ્ઞતા, પરોક્ષતા વગેરે વિશેષણોવાળા ચૈતન્યવાચક तत्–તે પદના અર્થનો અલ્પજ્ઞતા વગેરે વિશેષણોવાળા ચૈતન્ય-વાચક त्वम्–તું પદના અર્થની સાથે પરસ્પર ભેદ દૂર થતો હોવાથી પરસ્પર વિશેષણવિશેષ્યભાવ સંબંધ છે.

**વિશેષણવિશેષ્યભાવ સંબંધ**

---

* બન્ને શબ્દો એક જ વિભક્તિવાળા છે અને એક જ દેવદત્તના દેહરૂપ એક જ અર્થને કહી બતાવે છે, તેથી એક જ અધિકરણવાળા કહેવાય છે. તેવી જ રીતે तत् અને त्वम् શબ્દો એક જ (સમાન) વિભક્તિવાળા છે તથા એક જ ચૈતન્યરૂપ અર્થને કહી બતાવે છે, તેથી એ બન્ને પણ સમાન અધિકરણમાં છે.

**( ૩ ) લક્ષ્યલક્ષણભાવ સંબંધ**:-સ:-તે અને અયમ્-આ એ બે પદોમાં અથવા એ બે પદોના અર્થમાં અખંડ અર્થ ( વસ્તુ ) રૂપ જે દેવદત્ત નામનું શરીર છે, તેનો વિચાર કરવામાં વિરુદ્ધ અંશનો ત્યાગ કરીને દેવદત્ત નામના અવિરુદ્ધ અંશરૂપી શરીરને ઓળખાવનારો સંબંધ લક્ષ્યલક્ષણભાવ સંબંધ કહેવાય છે. એ જ પ્રમાણે તત્-તે અને ત્વમ્-તું એ બન્ને પદમાં અથવા એ બન્ને પદોના અર્થમાં અખંડ સચ્ચિદાનંદનું જ ગ્રહણ કરવામાં વિરુદ્ધ અંશનો ત્યાગ કરીને ચૈતન્ય માત્ર જે અવિરુદ્ધ અંશને ઓળખનારો સંબંધ-તે લક્ષ્યલક્ષણભાવ સંબંધ છે. એ લક્ષ્યલક્ષણભાવ સંબંધને ભાગત્યાગલક્ષણા અથવા જહત્-અજહત્ લક્ષણા પણ કહે છે.

**લક્ષ્યલક્ષણભાવ સંબંધ**

શિષ્ય :-એ જરા સ્પષ્ટતાથી સમજાવશો ?

ગુરુ :-શાસ્ત્રમાં વાકયનો અર્થ સમજવામાં મુખ્યવૃત્તિ, ગુણવૃત્તિ અને લક્ષણાવૃત્તિ એમ ત્રણ પ્રકારની વૃત્તિનો ઉપયોગ થાય છે, "રાજા જાય છે" એ વાકયના અર્થમાં મુખ્યવૃત્તિ છે. "કમલ આસમાની છે." "દેવશંકર તો અગ્નિ છે." એ વાકયના અર્થમાં ગુણવૃત્તિ છે; અને જહત્-લક્ષણા અજહત્લક્ષણા તથા જહત્-અજહત્ લક્ષણા એમ લક્ષણાવૃત્તિ ત્રણ પ્રકારની છે.

**મુખ્યવૃત્તિ, ગુણવૃત્તિ, લક્ષણાવૃત્તિ**

**જહત્-અજહત્-લક્ષણા**

"ગંગામાં ઝૂપડું છે." "રાતો દોડે છે." અને "તે આ દેવદત્ત" એ ત્રણે વાકયો અનુક્રમે ત્રણ લક્ષણાવૃત્તિનાં ઉદાહરણ છે. એનો મુખ્યાર્થ લેવામાં વિરોધ આવતો હોવાથી લક્ષણાવૃત્તિથી જ એનો અર્થ કરવો જોઈએ.

શિષ્ય :–तत् અને त्वम् પદોમાં વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ શું છે?

ગુરુ :–માયા, માયામાં પડેલું પ્રતિબિંબ અને માયાનું અધિષ્ઠાન (જેનું માયામાં પ્રતિબિંબ પડે છે તે) બ્રહ્મચૈતન્ય એ ત્રણેનો સમુદાય–तत् પદનો વાચ્યાર્થ છે, અને કેવળ શુદ્ધ બ્રહ્મ तत्–પદનો લક્ષ્યાર્થ છે.

**तत्–त्वम्માં વાચ્યાર્થ-લક્ષ્યાર્થ**

અવિદ્યા, અવિદ્યામાં પડેલું પ્રતિબિંબ, અને અવિદ્યાનું અધિષ્ઠાન સાક્ષીચૈતન્ય, એ ત્રણેનો સમુદાય त्वम्-પદનો વાચ્યાર્થ છે, અને કેવળ સાક્ષી કૂટસ્થચૈતન્ય, त्वम्- પદનો લક્ષ્યાર્થ છે.

હવે तत्-તે અને त्वम्–તું પદોના વાકયનો અર્થ સમજવામાં જીવ તથા ઇશ્વરના વાચ્યાર્થનો વિરોધ આવે છે, તેથી બન્નેના વિરોધી અંશનો ત્યાગ કરીને અવિરુદ્ધ અંશરૂપી બ્રહ્મચૈતન્ય અને કૂટસ્થચૈતન્યનો અભેદ છે, તેથી બ્રહ્મ અને કૂટસ્થને જ લક્ષ્યમાં રાખીને જે અખંડ અર્થ નીકળે છે, તે જ એ બન્નેના ઐકયરૂપે રહે છે, તેનો જ મહાવાકય (तत्त्वमसि) ઉપદેશ કરે છે. (દષ્ટાન્ત તરીકે) જેમ પુત્ર અને પૌત્ર એ બન્ને ઉપાધિનો ત્યાગ કરીએ એટલે પિતા અને પિતામહપણાનો અભાવ થવાથી એક દેવદત્ત જ કેવળ અવશેષ રહે છે, જેમ મોટું તળાવ તથા ઘડાની ઉપાધિનો ત્યાગ કરીએ એટલે શીતલતા, પ્રવાહીપણું અને મધુરતાના સ્વભાવવાળું કેવળ જલ જ અવશેષરૂપે રહે છે; જેમ મોટી મસાલ અને નાનું કોડિયું એ બન્ને ઉપાધિનો ત્યાગ કરીએ એટલે લાલ, ઉષ્ણ અને પ્રકાશ સ્વભાવવાળો અગ્નિ જ અવશેષ રહે છે, તેમ માયા અને અવિદ્યાના ઉપાધિનો પરિત્યાગ કરવાથી

સચ્ચિદાનંદ સ્વભાવવાળી એક માત્ર આત્મવસ્તુ જ અવશેષરૂપે રહે છે.

આ પ્રમાણે વિચાર કરીને "પરિપૂર્ણ સ્વભાવ, પ્રત્યક્ (અન્તર્યામી) આત્મા જ મારું સ્વરૂપ છે, હું બ્રહ્મ છું, બ્રહ્મ જ હું છું" *એવો અનુભવ જે મહાનુભાવને થાય છે, તે જ મુક્ત, કૃતકૃત્ય, અને તે જ બ્રાહ્મણ× છે એમ બધાં વેદાન્તશાસ્ત્રો ડંકો વગાડીને કહે છે.

## અષ્ટમવર્ણક

**તટસ્થ અને સ્વરૂપ લક્ષણ; અતદ્‌વ્યાવૃત્તિ લક્ષણ**

હવે પછીના ચાર વર્ણકમાં પૂર્વોક્ત ત્રણ શરીરથી પરમાત્માની વિલક્ષણતા, ત્રણ અવસ્થાનું સાક્ષીપણું, પંચકોશથી રહિતપણું અને સચ્ચિદાનન્દ સ્વરૂપ, એમ ચાર લક્ષણો અનુક્રમે કહેવાશે. તેમાં ત્રણ શરીરથી વિલક્ષણતા અને પંચકોશથી વ્યકતરેકતા (રહિતપણું) એ એનાં અતદ્‌વ્યાવૃત્ત લક્ષણ (નિષેધવડે આત્માના પૃથક્‌પણાનું જ્ઞાન) કહેવાય છે. ત્રણ અવસ્થાનું સાક્ષીપણું તટસ્થ લક્ષણ છે, અને સચ્ચિદાનંદ સ્વરૂપના વર્ણનને સ્વરૂપ લક્ષણ કહે છે.

તેમાં આકાશથી માંડીને ત્રણ દેહ સુધીના દશ્ય પદાર્થોનો

---

*अहंब्रह्मास्मि, ब्रह्मैवाहमस्मि ।

×બ્રહ્મવિદ્; બ્રહ્મજ્ઞ.

नेति नेति ( न इति--न इति ) "એ નહીં" એવાં ( નિષેધ–નકાર-વાચક ) વાક્યો વડે ત્યાગ કરવાથી અવશિષ્ટ ( બાકી ) રહેનાર વસ્તુ આત્મા છે ( એવા જ્ઞાનનું ) એ અતદ્વ્યાવૃત્તિ લક્ષણ છે. ( अतद्-व्यावृत्ति એ તે નથી. )

આ પ્રપંચનું જે અધિષ્ઠાન છે તે આત્મવસ્તુ છે, એ (જ્ઞાન) તટસ્થલક્ષણ છે. અને આત્મવસ્તુ સત્, ચિત, આનંદ, પૂર્ણ અને નિત્ય છે, એ ( જ્ઞાન ) સ્વરૂપ લક્ષણ છે,

**આત્માની ત્રણ દેહથી વિલક્ષણતા**

આ અષ્ટમવર્ણકમાં ( આત્માની ) ત્રણ શરીરથી વિલક્ષણતા કહેવામાં આવશે. કારણ કે ત્રણે શરીરનું અજ્ઞાન હોય ત્યાં સુધી તેની વિલક્ષતા સમજી શકાય નહિ, તેથી પ્રથમ ત્રણ શરીરનું વર્ણન કરીએ.

સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એમ શરીર ત્રણ પ્રકારનું છે; તેમાં હાથપગ વગેરે અવયવોવાળું, થાંભલાની પેઠે સર્વને પ્રત્યક્ષ અનુભવમાં આવતું શરીર સ્થૂલ છે; સત્તર અવયવોવાળું સૂક્ષ્મ શરીર છે, અને કેવળ અજ્ઞાન એ કારણ શરીર કહેવાય છે.

**શરીરનો શબ્દાર્થ**

શીર્યતે એટલે ક્ષય પામેછે, એવા સંસ્કૃત ધાતુ ઉપરથી એનું શરીર નામ પડ્યું છે. જેમ આ સ્થૂલ શરીર અન્નના અભાવે ક્ષીણ થાય છે, અન્ન ખાવા છતાં પણ વ્યાધિથી દુર્બલ બને છે, અને વ્યાધિ પણ ન આવે છતાં વૃદ્ધ થતાં ( વધતાં વધતાં ) અવસ્થાને લીધે ક્ષીણ થાય છે.

સૂક્ષ્મ શરીર કોમલ પાંદડાંની પેઠે કોઈવાર વધે છે, તો કોઈવાર ક્ષીણ થાય છે. અંતઃકરણની રાગદ્વેષાદિ વૃત્તિઓનો વિસ્તાર

એ સૂક્ષ્મ શરીરની વૃદ્ધિ છે, અને એનો સંકોચ ( એ એની ) ક્ષીણતા છે.

**દેહનો શબ્દાર્થ**

કારણ શરીરમાં પણ " अहम् जीवः હું જીવ છું " એ વૃત્તિ એની વૃદ્ધિ છે અને " अहम् ब्रह्म अस्मि હું બ્રહ્મ છું " એ ( ભાવ ) એનો સંકોચ છે. ઉપર વર્ણવેલી આ સૂક્ષ્મ અને કારણ શરીરની વૃદ્ધિ અજ્ઞાનીઓમાં દેખાય છે, અને જ્ઞાનીઓમાં એનો સંકોચ જોવામાં આવે છે. ત્રણે શરીરને આવી રીતે વૃદ્ધાવસ્થા આવે છે, તેથી તેનું શરીર એવું નામ પાડ્યું છે. दह्यते એટલે દહન કરાય છે, એવા સંસ્કૃત ધાતુ ઉપરથી તેનું દેહ એવું પણ નામ છે.

શિષ્ય :–આ સંસારમાં સ્થૂલ શરીરને આગ્ન વડે બાળી મૂકાય છે, પણ સૂક્ષ્મ અને કારણશરીરને અગ્નિથી કદાપિ બાળી શકાતાં નથી, તેથી એને દેહ એવું નામ કેવી રીતે આપી શકાય ?

**લિંગનો શબ્દાર્થ**

ગુરુ :–અગ્નિના કરતાં પણ વધી જાય એવા ત્રિવિધતાપથી પ્રત્યેક શરીર બળ્યા જ કરે છે, તેથી ત્રણે શરીરનું દેહ એવું નામ પડ્યું છે. થાંભલાના જેવું સ્થૂલ શરીર પંચભૂતોનું કાર્ય છે, તેથી સ્થૂલ કહેવાય છે. સ્થૂલ શરીરના જેવી સૂક્ષ્મ શરીરમાં સ્થૂલતા નથી, તેમ જ એ સૂક્ષ્મ ભૂતોમાંથી ઉત્પન્ન થયું છે, તેથી એ સૂક્ષ્મ કહેવાય છે; ( શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ ) વગેરે અર્થ એમાં લીન થઈ જાય છે તેથી એને "લિંગ" નામ આપવામાં આવ્યું છે. સ્થૂલ અને સૂક્ષ્મ બન્ને શરીરનાં કારણનું, કારણશરીર નામ પડયું છે.

શિષ્ય :–હે સ્વામી ! પહેલાં તો સ્થૂલ અને સૂક્ષ્મ એમ બંને

શરીરો પંચભૂતોમાંથી ઉત્પન્ન થયાં છે એમ કહ્યું હતું, અને હવે એ કારણશરીરમાંથી ઉત્પન્ન થયાં છે એમ કહો છો એનું શું કારણ ?

**અધ્યારોપ અને યુગપત્ સૃષ્ટિ**

ગુરુ :-સાંભળ અધ્યારોપ સૃષ્ટિ ( ક્રમસૃષ્ટિ )નું વર્ણન કરતી વખતે, તે પંચભૂતોમાંથી ઉત્પન્ન થયાં છે એમ કહ્યું હતું, અને છે પણ તેમ જ. વળી આત્માને શરીરપણું પ્રાપ્ત થવામાં અજ્ઞાન જ કારણ છે, તેમ જ યુગપત્ સૃષ્ટિ ( એક જ વખતે ઉત્પન્ન થતી સૃષ્ટિ–અકસ્માત સૃષ્ટિ )નું વર્ણન સમજાવતાં સર્વ જગતનું અજ્ઞાન જ કારણ છે, એટલા માટે બન્ને શરીરનું પણ અજ્ઞાન જ કારણ છે એમ કહ્યું હતું.

ગુરુ :–એ અધ્યારોપ ( ક્રમ )સૃષ્ટિ અને યુગપત્ સૃષ્ટિ એટલે શું ?

શિષ્ય :-મૂલ પ્રકૃતિ, માયા, અવિદ્યા, આવરણ, વિક્ષેપ, આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી એવી રીતે ક્રમપૂર્વક ( એકમાંથી બીજાની ) ઉત્પતિ સમજાવવી એ અધ્યારોપ અર્થાત્ ક્રમસૃષ્ટિ છે; અને સમસ્ત પ્રપંચ ( સંસાર ) આત્માના અજ્ઞાન વડે જ ઉત્પન્ન થયો છે એમ કહેવું યુગપત્ ( એક સાથે જ ઉત્પન્ન અથવા ભાસિત થતી ) સૃષ્ટિ છે.

શિષ્ય :–સ્થૂલ ( શરીર )નો પ્રત્યક્ષ અનુભવ થતો હોવાથી, એ વિષયમાં તો કશો સંદેહ નથી. પણ સૂક્ષ્મ શરીરની બાહ્ય પ્રતીતિ થતી નથી, તેના અસ્તિત્વનું જ્ઞાન કેમ થાય ?

**સૂક્ષ્મ શરીરનું વિવેચન**

ગુરુ :-સાંભળ; સત્તર કરણ ( અવયવ )ના કાર્ય વડે એ સૂક્ષ્મ શરીર ઓળખી શકાય છે.

શિષ્ય :–એ સત્તર કરણ ( અંગ–

અવયવ )નું કાર્ય પણ સ્થૂલ શરીર હોય તો જ થાય એમ નહીં ?

ગુરુ :–ના, એમ નથી; કારણ કે સુષુપ્તિ, મૂર્ચ્છા અને મરણ સમયે સ્થૂલ શરીર વિદ્યમાન હોવા છતાં પણ સત્તર કરણોનું કાર્ય દેખાતું નથી; ત્યારે જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં જ તેઓનું કાર્ય જોઇ શકાય છે, તેથી સ્થૂલ શરીર વિના પણ સત્તર કરણ-વાળું લિંગ શરીર રહી શકે છે એમ સમજવું જોઈએ.

શિષ્ય :–આ સૂક્ષ્મ શરીર સ્થૂલ શરીરના વિના કદાપિ કાર્ય કરી શકતું નથી, તેથી એ બન્ને સાથે મળીને ( ઈંદ્રિયોના જોવા, સાંભળવા જેવાં) દર્શન વગેરે કાર્ય કરે છે એમ કેમ ન કહેવાય ?

ગુરુ :–વિવેકપૂર્વક વિચાર કરી જોતાં સમજાશે કે દર્શન વગેરે સર્વ કાર્ય સૂક્ષ્મ શરીરથી થાય છે, સ્થૂલ શરીરથી નહિ.

શિષ્ય:– તે કેવી રીતે ?

ગુરુ :–જેવી રીતે લાકડાને આશ્રયે રહેલો હોય તો જ અગ્નિ બાળવાની કે રાંધવા વગેરેની ક્રિયા કરી શકે છે, પણ લાકડાનો અભાવ હોય, તો એમાંથી કોઈ પણ ક્રિયા એ કરી શકતો નથી; એમાં જેમ બાળવા રાંધવા વગેરેનું કાર્ય અગ્નિનું છે લાકડાનું નથી, તેમ સ્થૂલ શરીરના આશ્રય વડે સૂક્ષ્મ શરીર વડે કરાતાં જોવાં, સાંભળવા વગેરે કર્મો સૂક્ષ્મ શરીરનાં છે, સ્થૂલ શરીરનાં નથી, અને તેથી જોવું સાંભળવું વગેરે કાર્યો વડે સત્તર અવયવવાળા સૂક્ષ્મ શરીરનું અનુમાન કરવું જોઈએ એમ કહ્યું છે.

જ્ઞાનેન્દ્રિય પંચક ( કાન, ત્વચા, આંખ, રસના, નાક ),

કર્મેન્દ્રિય પંચક ( હાથ, પગ, જીભ, ઉપસ્થ, ગુદા ), પ્રાણપંચક (પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન ), મન ( જેમાં ચિત્તનો સમાવેશ છે ), અને બુદ્ધિ ( જેમાં અહંકારનો સમાવેશ છે ) એ સત્તર એનાં કરણ ( અવયવો ) છે; અને તેથી એ સત્તર સૂક્ષ્મ શરીર કહેવાય છે.

**સૂક્ષ્મશરીરના સત્તર અવયવો**

શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિવ્હા અને ઘ્રાણ એ જ્ઞાનેન્દ્રિયો છે અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગન્ધ એના વિષયો છે. તે જ્ઞાન મેળવવાનાં સાધન છે તેથી એ જ્ઞાનેન્દ્રિય કહેવાય છે. આ ઇન્દ્રિયો સુખ અને જ્ઞાનને વ્યકત કરનારા સત્ત્વગુણનું કાર્ય છે, તેથી જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધન બની છે.

વાચા, હસ્ત, પાદ, ગુદા, અને ઉપસ્થ એ કર્મેન્દ્રિયો છે. વચન, ગ્રહણ, ગમન, વિસર્જન અને આનન્દની ક્રિયાનાં એ કરણ ( સાધન ) હોવાથી કર્મેન્દ્રિયો કહેવાય છે. ચંચલ અને મલિન એવા રજોગુણનું એ કાર્ય હોવાથી તે કર્મનાં સાધન બની છે.

પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પ્રાણો છે; ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, વગેરે ક્રિયાથી એ શરીરને ટકાવી રાખે છે અને બલ આપે છે તેથી એનું પ્રાણ નામ પડેલું છે. એ રજો-ગુણમાંથી ઉત્પન્ન થયેલા હોવાથી તેમાં પણ ક્રિયાનું સામર્થ્ય આવેલું છે.

વિમર્શ ( સંકલ્પ-વિકલ્પ વિચાર )ના સ્વભાવવાળી અન્તઃ-કરણની વૃત્તિ મન કહેવાય છે. નિશ્ચય સ્વરૂપવાળી અંતઃકરણની વૃત્તિ બુદ્ધિના નામથી ઓળખાય છે. આવી રીતે સૂક્ષ્મ શરીરનાં સત્તર અવયવો છે.

જગતમાં કોઈ પણ વસ્તુનું જ્ઞાન મેળવવામાં ઉદ્દેશ, લક્ષણ અને પરીક્ષા એમ ત્રણ સાધન છે. (૧) વસ્તુનું કેવલ નામ લેવું એ ઉદ્દેશ (૨) વસ્તુનું સ્વરૂપ ઓળખવું એ લક્ષણ અને (૩) વસ્તુના સ્વરૂપનો વિચાર કરવો એ પરીક્ષા કહેવાય છે.

**ઉદ્દેશ, લક્ષણ અને પરીક્ષા**

ઉપર પ્રમાણે જે સત્તર અવયવોનાં નામ ગણાવ્યાં એ ઉદ્દેશ થયો. હવે એનાં લક્ષણ અને પરીક્ષા કહીએ. અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણ દોષ વિનાનો જે અસાધારણ ધર્મ હોય તે લક્ષણ કહેવાય છે. લક્ષ્ય (પદાર્થ) ના (અન્ય દેશને છોડી દઈને) એકજ દેશ (ભાગ) માં જે લક્ષણ રહે (લાગુ પડે) તે અવ્યાપ્તિ કહેવાય છે. દષ્ટાંત તરીકે "ગાય કપિલાવર્ણી હોય છે" (૨) અલક્ષ્ય (પદાર્થ) માં પણ જે લક્ષણ લાગુ પડે ત્યારે એ અતિવ્યાપ્તિ કહેવાય છે; દષ્ટાંત તરીકે "ગાય ચાર પગવાળી હોય છે." (૩) લક્ષ્ય (પદાર્થ) માં લક્ષ્ય જરાયે લાગુ ન પડે ત્યારે એ અસંભવ કહેવાય છે. જેમ કે "એક ખરીવાળું પ્રાણી ગાય કહેવાય છે."

**અવ્યાપ્તિ અતિવ્યાપ્તિ અને અસંભવ દોષ**

ત્રણે દોષ રહિત જે અસાધારણ (ખાસ-વિશિષ્ટ) ધર્મ હોય તે લક્ષણ કહેવાય. દષ્ટાન્ત તરીકે જે જનાવરના ગળામાં આંચળ જેવું હોય તે ગાય કહેવાય છે.

શિષ્ય :-તેવી જ રીતે હવે જ્ઞાનેન્દ્રિયોનાં લક્ષણો કહી સંભળાવશો ?

**જ્ઞાનેન્દ્રિયોનાં લક્ષણો**

ગુરુ :–અનુક્રમે વર્ણન કરું છું તે સાંભળ. પ્રથમ શ્રોત્ર ઇન્દ્રિય સમજાવું છું. દિશારૂપ અધિષ્ઠાન દેવતાની પ્રેરણાથી પ્રેરાઇને

કર્ણ પ્રદેશ (ભાગ)માં અવચ્છિન્ન (મર્યાદિત-રોકાયેલા) આકાશના પ્રદેશમાં રહીને અઢાર ભાષા અને વેદશાસ્ત્રોનું શબ્દજ્ઞાન જેને થાય છે તે શ્રોત્રેન્દ્રિય.

શિષ્ય :–એની પરીક્ષા કેવી રીતે કરવી ?

ગુરુ :–કર્ણ પ્રદેશમાં રહેલા આવકાશને જ એ જ્ઞાન થાય છે, એમ કોઈ શંકા કરે તો સુષુપ્તિ અને મૂર્છા વગેરે સમયે પણ એ અવચ્છિન્ન આકાશનો પ્રદેશ વિદ્યમાન હોય છે, પણ શબ્દ ગ્રહણ કરતું નથી, તેથી કર્ણ પ્રદેશ કરતાં કર્ણેન્દ્રિય પૃથક્ છે એમ એની પરીક્ષા થાય છે.

શિષ્ય :-ત્વચા ઇન્દ્રિય કઇ ?

ગુરુ :–વાયુરૂપ અધિષ્ઠાન દેવતાથી પ્રેરાઇને ત્વચામાં સર્વત્ર વ્યાપીને શીત, ઉષ્ણ, મૃદુ, કઠિન, કર્કશ એવા અનેક જાતના સ્પર્શને જે જાણે છે તે ત્વચાઇન્દ્રિય છે. ત્વચાને જ એ જ્ઞાન થાય છે એમ જો કોઇ કહે તો સુષુપ્તિ વગેરે અવસ્થામાં ત્વચા હોવા છતાં પણ એ સ્પર્શને જાણતી નથી, તેથી એ ત્વચા જ ઈન્દ્રિય નથી.

શિષ્ય :–હવે ચક્ષુ ઈન્દ્રિયની સમજણ કરાવો.

ગુરુ :-સૂર્યરૂપ અધિષ્ઠાન દેવતાથી પ્રેરાઈને આંખની કાળી કીકીના અગ્રભાગમાં રહીને આસ્માની, ધોળું, રાતું, પીળું, લીલું, સ્થૂલ, સૂક્ષ્મ, હ્રસ્વ, દીર્ઘ, એમ અનેક પ્રકારના રૂપને જે જાણે છે તે ચક્ષુ ઇન્દ્રિય છે.

આંખની કાળી કીકીને જ એ જ્ઞાન થાય છે એમ કોઈ

કહેતું હોય તો સુષુપ્તિ વગેરે અવસ્થામાં એ વિદ્યમાન હોવા છતાં પણ એ જોઈ શકતી નથી. તેથી એ ચક્ષુ ઇન્દ્રિય નથી એમ નક્કી થાય છે.

શિષ્ય :–રસના ઇન્દ્રિય કેવી રીતે ઓળખવી ?

ગુરુ :–વરુણરૂપ અધિષ્ઠાન દેવતાની પ્રેરણા વડે રસનામાં આશ્રિત થઇને મધુર, તીખું, ખારું, ખાટું વગેરે છ રસને જે જાણે છે તે રસના ( સ્વાદ ) ઇન્દ્રિય છે. રસના ( જીવ્હા ) ને જ એ જ્ઞાન થાય છે એમ કોઇ કહેતું હોય તો સુષુપ્તિ વગેરે અવસ્થામાં રસના ( જીવ્હા ) વિદ્યમાન હોવા છતાં પણ તે વખતે એ રસનો સ્વાદ જાણતી નથી, તેથી તે કેવલ રસના જ ઇન્દ્રિય નથી.

શિષ્ય :–ઘ્રાણેન્દ્રિય કઇ છે.

ગુરુ :–અશ્વિની દેવતાની પ્રેરણા વડે નાસિકાના અગ્રભાગમાં રહીને જે સુગન્ધિ તથા દુર્ગન્ધિને જાણે છે તે ઘ્રાણેન્દ્રિય છે. નાસિકાનો અગ્રભાગ જ જાણે છે એમ માનીએ તો સુષુપ્તિ વગેરે અવસ્થામાં એ વિદ્યમાન હોવા છતાં પણ જાણતો નથી. તેથી ઘ્રાણેન્દ્રિય નથી. આવી રીતે જ્ઞાનેન્દ્રિયોનાં લક્ષણો પૂરાં થયાં.

હવે કર્મેન્દ્રિયોનાં લક્ષણો કહું છું તે સાંભળ.

**કર્મેન્દ્રિયોનાં લક્ષણો**

( ૧ ) **વાચા** :–અગ્નિરૂપ અધિષ્ઠાન દેવતાની પ્રેરણા વડે તાળવાનું મૂળ, ઉપર અને નીચેના હોઠ, કંઠ, હૃદય અને નાભિ વગેરે સ્થાનનો આશ્રય લઇને પૂર્વોક્ત નાના પ્રકારના શબ્દોના ઉચ્ચાર જે કરે છે તે વાચા ઇન્દ્રિય કહેવાય છે. સુષુપ્તિ આદિ અવસ્થામાં તાલુ વગેરે સ્થાનો વિદ્યમાન હોવા છતાં પણ

એ અક્ષરોનો ઉચ્ચાર કરતાં નથી, તેથી તે ( સ્થાનો ) વાક્ ઇન્દ્રિય નથી.

( ૨ ) **હાથ** :–ઇન્દ્રરૂપ અધિષ્ઠાન દેવતાની પ્રેરણા વડે કરતલ ( હથેળી ) નો આશ્રય કરીને લેવા દેવાની જે ક્રિયા કરે છે તે હસ્ત ઇન્દ્રિય છે. સુષુપ્તિ વગેરે અવસ્થામાં હથેળી વિદ્યમાન હોવા છતાં પણ તે લેવાદેવાની ક્રિયા કરતી નથી, તેથી તે હસ્ત ઇન્દ્રિય નથી.

(૩) **ચરણ** :–ઉપેન્દ્રરૂપ અધિષ્ઠાન દેવતાની પ્રેરણા વડે પગનાં તળીઆંને આશ્રયે રહીને જે ગમનક્રિયા કરે છે તે ચરણ ઈન્દ્રિય છે. સુષુપ્તિ વગેરે અવસ્થામાં એ વિદ્યમાન હોવા છતાં પણ તે ગમનાદિ કર્મ કરતા નથી, તેથી તે ચરણ જ ઇન્દ્રિય નથી.

( ૪ ) **પાયુ** :–મૃત્યુરૂપ અધિષ્ઠાન દેવતાની પ્રેરણા વડે મલત્યાગની ક્રિયા વગેરે કરે છે તે પાયુ ઇન્દ્રિય છે; સુષુપ્તિ વગેરે અવસ્થામાં એ વિદ્યમાન હોવા છતાં પણ પાયુ એ ક્રિયા કરતું નથી, તેથી એ પાયુ જ ઇન્દ્રિય નથી.

( ૫ ) **ઉપસ્થ** :–પ્રજાપતિરૂપ અધિષ્ઠાન દેવતાની પ્રેરણા વડે યોનિ અને લિંગનો આશ્રય કરીને જે શુક્લ, શોણિત તથા મૂત્રવિસર્જન કરે છે તે ઉપસ્થ ઇન્દ્રિય છે. સુષુપ્તિ આદિ અવસ્થામાં સ્ત્રીપુરૂષનાં ગુહ્યાંગો વિદ્યમાન હોવા છતાં પણ તે વિસર્જન કરતાં નથી, તે ઉપરથી તે ઉપસ્થ જ ઈન્દ્રિય નથી. આવી રીતે કર્મેન્દ્રિયોનું વર્ણન થયું.

હવે પંચ પ્રાણનાં લક્ષણ કહીએ.

**પંચ પ્રાણનાં લક્ષણો**

(૧) **પ્રાણ** :–વિશિષ્ટ નામના અધિષ્ઠાન દેવતાની પ્રેરણા વડે હૃદયમાં રહીને જે ઉચ્છ્-વાસ કરે છે તે પ્રાણ છે.

(૨) **અપાન** :–વિશ્વસૃષ્ટ નામના અધિષ્ઠાન દેવતાની પ્રેરણા વડે ગુદામાં રહીને નિઃશ્વાસ કરે છે તે અપાન છે.

(૩) **વ્યાન** :–વિશ્વયોનિ નામના અધિષ્ઠાન દેવતાની પ્રેરણા વડે આંતર બાહ્ય શરીરમાં રહીને ઇન્દ્રિયોને જે બલ આપે છે તે વ્યાન કહેવાય છે.

(૪) **ઉદાન** :–અજ નામના અધિષ્ઠાન દેવતાની પ્રેરણા વડે કંઠમાં રહીને સુષુપ્તિ અવસ્થામાં ઇન્દ્રિયોને પોતપોતાના ગોલકમાં લય કરે છે, અને જાગ્રત અવસ્થામાં પુનઃ ઈન્દ્રિયોને ગોલકમાં સ્થાપન કરે છે, તેમજ ઉત્ક્રમણ ( મૃત્યુ ) પછીની ઉત્ક્રાન્તિ–ઉર્ધ્વ-ગમન ) કાલે ઈન્દ્રિયોને સાથે લઈને જે લોકાન્તરમાં પ્રયાણ કરે છે તે વાયુ ઉદાન છે.

(૫) **સમાન** :–જય નામના અધિષ્ઠાન દેવતાની પ્રેરણા વડે નાભિ પ્રદેશમાં રહીને જે ભક્ષ્ય, ભોજ્ય, ચોષ્ય અને લેહ્યરૂપ ચાર પ્રકારના અન્નને જઠરાગ્નિમાં પચાવીને શરીરને પુષ્ટ કરે છે તે સમાન વાયુ છે. આવી રીતે પંચ પ્રાણોનું વિવરણ થયું.

**પંચ ઉપપ્રાણનાં લક્ષણો**

નાગ, કૂર્મ, કૃકર, દેવદત્ત અને ધનંજય એમ બીજા પાંચ વાયુ ( પ્રાણ ) છે, એમ ( અન્ય ગ્રંથોમાં ) સાંભળીએ છીએ. તેઓનો પ્રથમના પંચ પ્રાણોમાં અન્તર્ભાવ માનવામાં આવે છે. તેમાં નાગ ઉલટી કરાવે છે; કૂર્મ આંખને ઉઘાડવા મીંચવાનું

તથા ઉપર નીચેના ઓઠને ઉઘાડ બંધ કરવાનું કામ કરે છે; કૃકર ક્ષુધા લગાડે છે અને દેવદત્તને લીધે બગાસાં આવે છે. ધનંજય વાયુ શરીરને ફૂલાવે છે.

**અંતઃકરણ ચતુષ્ટયનાં લક્ષણો**

હવે અન્તઃકરણ ચતુષ્ટયમાં મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત છે એમ સમજ. એમાં મન ચંદ્ર દેવતાના અધિષ્ઠાન વડે કંઠમાં આશ્રય કરીને સંકલ્પવિકલ્પ કરે છે.

બ્રહ્મા ( ચતુર્મુખ ) ના અધિષ્ઠાન વડે બુદ્ધિ મુખ ( મુખાકૃતિ–ચ્હેરા ) નો આશ્રય કરીને નિશ્ચય કરે છે.

રુદ્રના અધિષ્ઠાન વડે હૃદયમાં આશ્રય કરીને અહંકાર અભિમાન કરે છે. ક્ષેત્રજ્ઞરૂપે વિષ્ણુથી અધિષ્ઠિત થઈને નાભિમાં આશ્રય કરીને ચિત્ત અવધાન ( ચિંતન–સ્મરણ ) કરે છે.

આ લિંગ ( સૂક્ષ્મ ) શરીરને કોઇ શ્રુતિ સોળ અવયવવાળું કહે છે, તેમાં અંતઃકરણને એક જ સમજવાનું છે. કોઈ બીજી શ્રુતિમાં સત્તર અવયવવાળું કહ્યું છે, તેની દૃષ્ટિએ મન અને બુદ્ધિ એમ બે પ્રકારનું સમજવાનું છે. વળી કોઈ અન્ય શ્રુતિ તેને ઓગણીસ અવયવવાળું પણ કહે છે. તેમાં અંતકરણને ચાર પ્રકારનું સમજવાનું છે. આવી રીતે આ લિંગ શરીરનો નિર્ણય થયો.

**કારણ શરીરનું વિવેચન**

હવે કારણ શરીરનું વર્ણન કરીએ. અજ્ઞાન એ જ કારણ શરીર છે; અને સ્થૂલ તથા સૂક્ષ્મ શરીરનું એ કારણ છે. જીવ અને ઇશ્વરનું પણ એ પ્રથમ શરીર છે. અને પાછળથી થનારાં બન્ને શરીરોનું પણ એને જ કારણ સમજવાનું છે.

" अज्ञानं कारणमिति "—અજ્ઞાન એજ કારણ છે, એવું એ વિષયમાં શ્રુતિનું પ્રમાણ છે. કાર્ય ઉપરથી કારણનું અનુમાન થાય છે એવી યુક્તિ છે. અને अहम् अज्ञः હું અજ્ઞાની છું એવો અનુભવ પણ ( સર્વત્ર જોવામાં આવે ) છે.

**આત્માનાં સત્–ચિત અને આનન્દ લક્ષણ.**

શિષ્ય :–પ્રભો ! આત્મા ત્રણે શરીરોથી વિલક્ષણ છે એમ ઓળખવા માટે પ્રથમ ત્રણે શરીરોનું લક્ષણો વડે જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ, તેમજ આત્મા પણ લક્ષણો વડે ઓળખવો જોઇએ એમ મને લાગે છે.

ગુરુ :–સાંભળ; એ ( આત્મા ) પરિપૂર્ણ બ્રહ્મ જ છે; અને બ્રહ્મ જ પ્રત્યક્ ( અન્તર્યામી ) આત્માનું સ્વરૂપ છે એમ સમજી લે.

શિષ્ય :–એ સત્, ચિત્ અને આનંદ એટલે શું ?

ગુરુ :–જેનો બાધ થઈ શકે નહિ તે સત્, જે પોતે પ્રકાશ-રૂપ હોય તે ચિત્, અને સ્વાનુભવ હોય તે આનન્દ એમ સમજવાનું છે. આ પ્રમાણે આત્મા સચ્ચિદાનન્દ સ્વરૂપ છે અને અનાત્મા અનૃત ( અસત્ ) જડ ( ચૈતન્યહીન–અચેતન ) અને દુઃખસ્વરૂપ છે.

**આત્મા અને અનાત્માની વિલક્ષણતા.**

શિષ્ય :–આત્મા અને અનાત્મા એક બીજાથી વિલક્ષણ ( ભિન્ન લક્ષણોવાળા ) છે એમ કેમ જાણી શકાય ?

ગુરુ :–જેમ પુરુષનું લક્ષણ સ્ત્રીમાં અને સ્ત્રીનું લક્ષણ પુરુષમાં નથી હોતું, તેવી રીતે સતનું લક્ષણ અનૃતમાં અને અનૃતનું લક્ષણ સતમાં હોતું નથી. જેમ પ્રકાશનું લક્ષણ અંધકારમાં અને

અંધકારનું લક્ષણ પ્રકાશમાં હોતું નથી; તેમ ચિતનું લક્ષણ જડમાં અને જડનું લક્ષ ચિતમાં હોતું નથી. જેમ ચંદ્રિકા (ચાંદની)નું લક્ષણ આતપ (તાપ)માં અને આતપનું લક્ષણ ચંદ્રિકામાં હોતું નથી, તેમ આનન્દનું લક્ષણ દુઃખમાં અને દુઃખનું લક્ષણ આનન્દમાં હોતું નથી.

શિષ્ય :–સત, ચિત, અને આનન્દનાં તેમ જ અનૃત જડ અને દુઃખનાં લક્ષણો વિસ્તારથી જાણવાનું મન થાય છે, માટે કૃપા કરીને સમજાવશો.

**સત અને અસતની વિલક્ષણતા**

ગુરુ :–ત્રિકાલમાં પણ કોઈનાથી બાધિત ન થતાં જે એકરૂપ રહે તે સત, અને ત્રિકાલમાં મિથ્યાભૂત (અસત) હોવા છતાં યે સત (સાચા) જેવું ભાસમાન થાય, પણ વિચાર કરતાં જેનો બાધ થાય તે અસત. દૃષ્ટાન્ત તરીકે મન્દ અંધકારમાં પડેલી દોરીમાં આરોપિત કરેલાં સર્પ, માળા, લાકડી, અથવા પાણીના રેલાને આપણે બાધિત કરીએ ત્યારે ભ્રાન્તિની પહેલાં (ભૂત) પછી (ભવિષ્ય) અને ભ્રાન્તિકાલે (વર્તમાન) દોરી તો એક જ રૂપે રહેલી હોય છે, અને એમાં દેખાનારાં સર્પ વગેરે ત્રણે કાલમાં પોતે મિથ્યાભૂત (અસત) હોવાથી એ વિદ્યમાન હોવા છતાં પણ વિદ્યમાન હોય તેમ પ્રતીત થાય છે. પરંતુ પ્રમાતા (જોનાર) પરમાર્થ દૃષ્ટિએ વિચાર કરી જુએ ત્યારે એ બાધિત થાય છે.

આ દૃષ્ટાન્તમાં રજ્જુનાં લક્ષણ સર્પ વગેરેમાં અને સર્પ વગેરેનાં લક્ષણ રજ્જુમાં હોતાં નથી, તેથી એ બન્નેમાં પરસ્પર (અન્યોન્ય) શબ્દ, અર્થ, લક્ષણ, પ્રતીતિ અને વ્યવહાર એ

પાંચ પ્રકારનાં લક્ષણો વડે વિલક્ષણતા (ભેદ) જણાય છે. તેવી રીતે સતનાં લક્ષણ અસત્ લક્ષણવાળા દેહ વગેરે પ્રપંચમાં નથી, અને અસત્નાં લક્ષણ સત્ લક્ષણવાળા પ્રત્યક્ આત્મામાં નથી; તેથી આ બન્નેમાં પરસ્પર શબ્દ વડે, અર્થ વડે, લક્ષણ વડે, પ્રતીતિ વડે, અને વ્યવહાર વડે, એમ પાંચ રીતે વિલક્ષણતા સિદ્ધ થાય છે; તેથી આવી રીતે વિચાર કરીને સત અને અસત્ની વિલક્ષણતા જાણવી જોઇએ.

**ચિત્ અને જડની વિલક્ષણતા**

હવે ચિત અને જડની વિલક્ષણતા (ભેદ)નું વર્ણન કરીએ. સૂર્ય વગેરે અન્ય પ્રકાશની અપેક્ષા રાખ્યા વિના પોતાના પ્રકાશથી જ પ્રકાશમાન, તેમજ પોતાના કલ્પિત (આરોપિત) કરેલા જડ પદાર્થોને પ્રકાશનાર હોવાથી સૂર્ય વગેરે પ્રકાશના પદાર્થો, તેમજ માટી, પત્થર વગેરે પ્રકાશ નહિ પાડનારા પદાર્થોને પણ જે પ્રકાશિત કરે છે, તે વસ્તુ ચિત્ છે. એનાથી ઉલટું હવે હવે જડનું લક્ષણ સાંભળ. સ્વત: (પોતે) અપ્રકાશમાન હોઈને અન્ય પદાર્થને પ્રકાશિત કરવામાં જે અસમર્થ હોય છે, તે જડ કહેવાય છે. એ બન્નેનું દૃષ્ટાન્ત આ પ્રમાણે છે. જેવી રીતે સૂર્ય અન્ય પ્રકાશની સહાયતા ન લેતાં સ્વયં પ્રકાશમાન છે, તેથી પોતાના પ્રકાશના સંબંધમાં આવનારા ઘટપટાદિ પદાર્થને પણ પ્રકાશે છે, તેવો જ ચિત્ પ્રકાશ છે; અને જેમ ઘટપટાદિ પદાર્થ પોતે અપ્રકાશમાન છે, તેમજ અન્ય પદાર્થને પ્રકાશિત કરવામાં પણ અસમર્થ હોય છે, તેવી રીતે જડ વસ્તુ સમજી લેવી. જેવી રીતે આદિત્ય અને ઘટાદિની શબ્દ વગેરે પાંચ વડે વિલક્ષણતા છે, તેવીજ રીતે ચિત્ અને જડની વિલક્ષણતા સમજવાની છે.

શિષ્ય :-આવી જાતના જ્ઞાનનું ફળ શું ?

ગુરુ:-જગતમાં પ્રકાશિત થનારા પદાર્થોમાં રહેલા વિકારો પ્રકાશક વસ્તુને ત્રિકાલમાં પણ સ્પર્શ કરતા નથી, એ આ જ્ઞાનનું ફલ છે.

શિષ્ય:-જરા વિશેષ સ્પષ્ટીકરણ કરશો ?

ગુરુ:-સૂર્ય વડે પ્રકાશિત થતા ઘડા વગેરે પદાર્થોમાં છિદ્ર થવાથી હાનિ અને છિદ્ર ન થવાથી લાભ; કોઈનો સ્પર્શ થવાથી ત્યાગવાપણું અને સ્પર્શ ન થાય તો ગ્રહણ કરવાપણું; (યોગ્ય) લક્ષણથી હર્ષ અને (અયોગ્ય) અલક્ષણથી વિષાદ (ખેદ); સમીચીનતા હોય (સારો હોય) તો અત્યાનંદ અને અસમીચીનતા (સારો ન) હોય તો આનંદનો અભાવ; આવા વિકારના ગુણો પ્રકાશક સૂર્યને સ્પર્શ કરતા નથી. તેવી જ રીતે આત્મા વડે પ્રકાશિત (ચૈતન્ય પામેલા) થયેલાં દેહ અને ઈન્દ્રિયો વગેરેમાં રહેનારાં નામ, રૂપ,, જાતિ, વર્ણ, આશ્રમ, પ્રવૃત્તિ, નિવૃત્તિ, વિધિ, નિષેધ, ષડ્ભાવ-(ઉત્પત્તિ પહેલાં હોવું, ઉત્પત્તિ, વૃદ્ધિ, પરિણામ, ક્ષય, વિનાશ)-વિકાર, ષડૂર્મિ (ક્ષુધા, તૃષા, જન્મ, મરણ, હર્ષ, શોક,)ષટ્કોશ, (સ્નાયુ, હાડકાં, મજ્જા, ત્વચા, માંસ, લોહી,) અન્ધતા, મન્દતા, પટુતા વગેરે સમસ્ત ગુણવિકારો પ્રકાશ કરનાર આત્માને ત્રણે કાલમાં કિંચિત્ માત્ર પણ સ્પર્શ કરી શકતાં નથી, એમ સરલતાથી સમજી શકાય છે.

હવે પરમાનંદ અને દુઃખની વિલક્ષણતા કહું છું, તેમાં

**આનંદ અને દુઃખની વિલક્ષણતા**

પ્રથમ આનંદનાં લક્ષણ સાંભળ. [1]જેમાં ઉપાધિ નથી, [2]જેનાથી અન્ય કાંઈ અધિક નથી, જે નિત્ય છે તે સુખ-આનંદ છે. હવે દુઃખનાં લક્ષણો સાંભળ. એક તો પ્રતિકૂલતા

(૧) નિરુપાધિક છે. (૨) નિરતિશય છે.

એ દુ:ખ છે. અને બીજું કોઇ પણ બીજી ઇચ્છાને અધીન રહેનારો વિષય ન હોય તો પણ કેવળ દ્વેષ; વળી તે આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એમ ત્રણ પ્રકારનું છે. ઇન્દ્રિયોવાળા ( સ્થૂલ ) શરીરમાં વાતપિત્તકફની વિપરીતતા ( વિષમતા )થી ઉત્પન્ન થનારાં વ્યાધિ વગેરે દુ:ખ આધ્યાત્મિક છે. ભૂતભૌતિક તેમજ સર્પ વ્યાઘ્ર વગેરેથી ઉત્પન્ન થનારાં દુ:ખ આધિભૌતિક છે; અને દૈવેચ્છાથી આવી પડતાં અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વીજળી પડવી વગેરે દુ:ખો આધિદૈવિક કહેવાય છે.

શિષ્ય :–આનંદ અને દુ:ખમાં કંઈ દષ્ટાંત છે કે ?

ગુરુ :–જેમ અમૃત સ્વયં સુખરૂપ હોઈને એનો અનુભવ કરનારા જીવોને પણ સુખ આપે છે, અને કાલકૂટ વિષ સ્વયં સંતાપ પમાડનાર હોવાથી એનો અનુભવ કરનાર અન્ય જીવોને પણ સંતાપ કરે છે, તેથી અમૃત અને વિષની પરસ્પર શબ્દ વગેરે પાંચ પ્રકારે વિલક્ષણતા છે, તેમ આનંદનાં લક્ષણ ત્રિતાપ-સ્વરૂપ દુ:ખમાં નથી. અને દુ:ખનાં લક્ષણ આત્મસ્વરૂપ આનંદમાં નથી. આ ઉપરથી શબ્દ વગેરે પાંચ પ્રકારે એમાં વિલક્ષણતા સમજવાની છે.

શિષ્ય:–આ બધાનો નિષ્કૃષ્ટ અર્થ ( સારાંશ ) તથા સિદ્ધાંત શું ?

**વિલક્ષણતા સમજવાનો નિષ્કર્ષ**

ગુરુ :–રજ્જુની પેઠે સતરૂપ, સૂર્યની પેઠે ચિતરૂપ અને અમૃતની પેઠે આનન્દરૂપ अहम्–હું શબ્દનો અર્થ જે આત્મા છે, તે સર્પવત્ અનૃતથી, ઘટવત્ જડથી, અને વિષવત્ દુ:ખરૂપ દેહેન્દ્રિયાદિ પ્રપંચથી વિલક્ષણ છે, એમ જે ગુરુમુખેથી આત્માને જાણે છે. તે જ અસંગ છે, એ જ કૃતકૃત્ય છે, એ જ મુક્ત છે, એવો સમસ્ત વેદાન્તશાસ્ત્રોનો નિશ્ચય છે, એમ સમજવું જોઇએ.

## નવમ વર્ણક

આત્મા ત્રણ શરીરથી વિલક્ષણ, ત્રણ અવસ્થાનો સાક્ષી, પંચ-કોશથી વ્યતિરિક્ત (રહિત), અને સચ્ચિદાનંદ લક્ષણવાળો છે; એવી રીતે આત્મામાં ઉપર કહેલાં ચાર પ્રકારનાં લક્ષણોમાં ત્રણ શરીરથી વિલક્ષણતા અષ્ટમ વર્ણકમાં કહી; હવે આ નવમ વર્ણકમાં ત્રણ અવસ્થાનું સાક્ષીપણું કહેવામાં આવશે.

**આત્મા ત્રણ અવસ્થાનો સાક્ષી છે.**

મન જો કે સત્ત્વ, રજસ્ અને તમસ્ એમ ત્રણ ગુણવાળું છે, તો પણ એ (અન્ય પદાર્થોની અપેક્ષાએ) મુખ્યત્વે સત્વગુણવાળું કહેવાય છે. એ સાત્વિક મન (અંતઃકરણ)થી જ આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે, રાજસ અથવા તામસથી નહીં. તેમાં સત્વગુણ સૂક્ષ્મ છે, રજોગુણ ચંચલ છે, અને તમોગુણ સ્થૂલ છે, તેથી ધૂમાડો જઇ શકે એવા છિદ્રમાં જેમ મોટો થાંભલો જઇ શકતો નથી, તેમ જ વાયુથી ચલાયમાન થતા દીપકના પ્રકાશ વડે જેમ સૂક્ષ્મ વર્ણ (ઝાંખા રંગ)નો નિર્ણય થઈ શકતો નથી, તેવી જ રીતે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો સૂક્ષ્મ સાત્વિક મનથી જ પ્રાપ્ત કરી શકાય છે. સ્થૂલ (તામસિક) મનથી કે ચંચલ (રાજસિક) મનથી આ સૂક્ષ્મ આત્માના સ્વરૂપનું કિંચિત્ પણ જ્ઞાન પ્રાપ્ત કરી શકાતું નથી, એટલા માટે સાવધાનતા પૂર્વક સાંભળ.

**મનમાં સત્વગુણ પ્રધાન છે.**

શિષ્ય : એ ત્રણે અવસ્થાઓ કઈ કઈ છે?

ગુરુ:-જાગ્રત અવસ્થા, સ્વપ્ન અવસ્થા, અને સુષુપ્તિ અવસ્થા એમ ત્રણ અવસ્થાઓ છે, જેમાં સમસ્ત ઈંદ્રિયોદ્વારા (જગતના)

**ત્રણ અવસ્થાનું વિવેચન**

બાહ્ય પદાર્થોનો અનુભવ થાય એ જાગ્રત અવસ્થા કહેવાય છે, જાગ્રત ( અવસ્થા )ની વાસના દ્વારા અંતઃકરણનું ભોક્તા અને ભોગ્ય ( દ્રષ્ટા અને દૃશ્ય ) રૂપે પરિણામ પામવું એ સ્વપ્નાવસ્થા છે. સ્થૂલ અને સૂક્ષ્મ એવા સમસ્ત જગતનો કારણરૂપ અજ્ઞાનમાં લય થયા પછી, અજ્ઞાન માત્રના કેવલ સાક્ષી બનીને રહેવું, એ સુષુપ્તિ અવસ્થા છે. આ ત્રણ અવસ્થાઓ છે.

શિષ્ય :–આ ત્રણે અવસ્થાઓનો આત્મા કેવી રીતે સાક્ષી છે ?

ગુરુ :–આત્મામાં સાક્ષીપણાનાં લક્ષણ જણાય છે તેથી એને સાક્ષી કહ્યો છે.

શિષ્ય :–એ સાક્ષીપણાનાં લક્ષણ કાંઈ છે કે ?

**સાક્ષીપણાનાં લક્ષણ**

ગુરુ :–જગતમાં કોઇ મનુષ્ય બીજા કોઇ પુરુષને, તેની અવસ્થાને, તેના વ્યાપાર (કામકાજ)ને તેનાથી પૃથક્ રહીને નિર્વિકારણપણે સાક્ષાત્ ( પ્રત્યક્ષ ) જુએ, તે તેનું સાક્ષીપણું કહેવાય છે. દૃષ્ટાંત તરીકે જેમ બેસી રહેલો સંન્યાસી મૌન ધારણ કરીને પોતાની સમક્ષ આવેલા મનુષ્યને, તેની અવસ્થાને તથા તેના વ્યાપાર ( કામકાજ )ને નિર્વિકારપણે સાક્ષાત્ ( પ્રત્યક્ષ ) જુએ એ તેનું સાક્ષીપણું કહેવાય, તેમ આત્મા પણ જીવોની ત્રણે અવસ્થાઓ અને ત્રણ અવસ્થાઓના વ્યાપારમાં સાથે રહીને જીવોને પ્રત્યક્ષ જોતો છતો નિર્વિકારીપણે રહે છે (તેનામાં કાંઇ પણ વિકાર થતો નથી).

આ જ સાક્ષીપણાને પુનઃ એક દૃષ્ટાન્તદ્વારા સમજાવું છું તે સાંભળ. જાગ્રત અવસ્થાને એક મહાન નગર જેવી માની લે; સ્વપ્ન અવસ્થાને તેમાંના એક પ્રાકાર ( કિલ્લા ) જેવી સમજ,

અને સુષુપ્તિ અવસ્થા (તેની અંદરના) પ્રાસાદ (રાજમહેલ) જેવી છે એમ કલ્પના કર. એ ત્રણે (નગર, કિલ્લો અને મહેલ) માં અભિમાન ધારણ કરનારા રાજાના જેવો જ આ ત્રણે અવસ્થાઓમાં અભિમાની થનારો જીવ છે. જેવી રીતે એ રાજા કિલ્લા (પ્રાકાર) માંથી બહાર નીકળીને પ્રિય અને અપ્રિયના અનુભવ વડે હર્ષ અને ખેદને પ્રાપ્ત કરે છે, તેમજ કિલ્લાની અંદર પણ પ્રિય અને અપ્રિયના અનુભવને લીધે હર્ષ વિષાદ પામે છે, અને ત્યારપછી પ્રાસાદ (અંતઃપુર)માં જઈને, સમસ્ત વ્યાપાર (કામકાજ) નો ત્યાગ કરીને રાણીઓની સાથે એકાન્ત સુખનો અનુભવ કરે છે, તેવી રીતે જીવાત્મા પણ સ્થૂલ શરીરનો અભિમાની થઇને જાગ્રત અવસ્થામાં ત્રણે પ્રકારનાં કરણ (મન–વાચા–શરીર) દ્વારા વ્યાપાર કરતો વિશ્વ નામ પામે છે. (એ જ જીવાત્મા) સૂક્ષ્મ શરીરનો અભિમાની બનીને સ્વપ્ન અવસ્થામાં મનોમય ત્રણ પ્રકારનાં (સૂક્ષ્મ) સાધનના ગુણદોષવાળાં કામકાજવાળો થઇને તૈજસ નામ ધારણ કરે છે; અને ત્યારપછી કારણ શરીરનો અભિમાની થઇને ત્રણ પ્રકારનાં કરણના સમૂહનો ઉપસંહાર કરીને પ્રાજ્ઞ નામધારી બની નિત્યાનંદને અનુભવતો શાન્ત પડી રહે છે. આમ આત્મા કૂટસ્થ અને આકાશવત અસંગ હોઇ, ત્રણે અવસ્થામાં પ્રત્યક્ ચૈતન્ય સાક્ષી રૂપે વર્તે છે, એવું શ્રુતિ, યુક્તિ અને અનુભવ વડે જાણવું જોઇએ.

એમાં "એ સાક્ષી, જ્ઞાનસ્વરૂપ, કેવલ અને નિર્ગુણ છે" એવું શ્રુતિવચન છે. નગર અને અંદર બહાર તથા આસપાસના આકાશનું દૃષ્ટાન્ત યુક્તિ છે; અને ત્રણે અવસ્થાઓનું પ્રતિદિન સ્મરણ થાય છે તે અનુભવ છે. કારણ કે અનુભવ થયો હોય તેનું જ સ્મરણ થાય છે એવો નિયમ છે. આવી રીતે આત્માને

ભૂતકાલ અને ભવિષ્યકાલની અવસ્થાનો અનુક્રમે અનુભવ થતો હોવાથી અનુભવરૂપ આત્માની નિત્યતા સિદ્ધ થાય છેઃ આ ત્રણ અવસ્થાના સાક્ષીપણાનું વર્ણન થયું.

શિષ્ય :–પણ સંસારમાં અવસ્થાઓ જેણે જોઈ હોય તે પુરુષનેજ એ અવસ્થાઓનો સાક્ષી કહેવામાં આવે છે, અને આપ તો એના વિના બીજાને સાક્ષીપણું કહો છો એ કેમ સંભવે ?

ગુરુ :–સાંભળ; આ અવસ્થાવાળા અંતઃકરણમાં પ્રતિફલિત (પ્રતિબિંબિત રૂપે રહેનારા) ચૈતનનો આભાસ (ચિદાભાસ) છેઃ એ કલ્પિત અને મિથ્યાભૂત છે, અને તે જ જીવ કહેવાય છે.

શિષ્ય :–સુષુપ્તિ અવસ્થામાં અંતઃકરણનો લય થાય છે તેથી તેનો (જીવનો) નાશ થવો જોઇએ; અને એમ હોય તો પછી એ કેવી રીતે સુષુપ્તિનો સાક્ષી બને છે ?

ગુરુ :–ત્રણે અવસ્થાઓનો એક જ સાક્ષી છે એવો શાસ્ત્રનો સિદ્ધાન્ત છે તેથી બિમ્બસ્વરૂપ આત્માનું જ સુષુપ્તિમાં સાક્ષીપણું માનવાનું છે; અને તે જ જાગ્રત અને સ્વપ્નનો પણ સાક્ષી છે એમ કહેવું જોઇએ. વળી જીવ તો વિકારી છે તેથી એનું સાક્ષીપણું યોગ્ય નથી; આત્મા નિર્વિકારી છે તેથી એને જ સાક્ષી માનવો જોઈએ.

**જીવનું વિકારીપણું**

શિષ્ય :–જીવ કેવી રીતે વિકારી છે ?

ગુરુ :–"હું સુખી છું" "હું દુઃખી છું" એવી રીતે અંતઃકરણની વૃત્તિ સાથેના તાદાત્મ્યપણાને લીધે તેનામાં વિકારીપણું દેખાય છે તેથી એ વિકારી છે.

શિષ્ય:-ત્યારે તમે જેને સાક્ષી કહો છો, તે જીવ વિના અન્ય કયો આત્મા સમજવો જોઈએ? એનાં લક્ષણ શું? એના અસ્તિત્વનું પ્રમાણ શું? એનાં જ્ઞાનનાં સાધન (ઉપાય) શું?

ગુરુ:-સાક્ષી તો નિર્વિકારી કૂટસ્થ છે, અને એ જ આત્મા છે; એ આકાશની પેઠે સર્વવ્યાપક અને સચ્ચિદાનન્દ રૂપ છે. એ જ અંતઃકરણોમાં પ્રવેશ કરીને સંસરે છે (સંસારી બને છે), આવી રીતના પારમાર્થિક આત્માના અસ્તિત્વના વિષયમાં સમસ્ત વેદાન્ત (ઉપનિષદો) પ્રમાણ છે.

પેલો અવસ્થાવાળો જે જીવ તે ચિદાભાસ છે; તે કોઇ વાર જાગે છે, કોઈવાર સ્વપ્ન જુએ છે, કોઇ વાર અજ્ઞાનથી મોહિત થઈને સુષુપ્તિમાં જાય છે; કોઈવાર સુખી, કોઈવાર દુઃખી, કોઇવાર ઉદાસીન થઇને વર્ત્તે છે. આવી રીતના આ જીવની અવસ્થાઓના ભેદને જે ચિદ્રૂપ જાણે છે, તેને જ ત્રણ અવસ્થાઓનો સાક્ષી આત્મા તું જાણ.

શિષ્ય:-એ આત્માને પોતાનું નિર્વિકારીપણું કેવી રીતે સમજાય?

ગુરુ:-પોતાના મુખનું સૌન્દર્ય પોતાની મેળે જોવાનું અશક્ય હોવા છતાં પણ જેમ દર્પણમાં પ્રતિબિંબિત થયેલા મુખદર્શન વડે જાણી શકાય છે, તેમ આત્માનું નિર્વિકારીપણું પણ અંતઃકરણમાં પડેલા પ્રતિબિંબથી જાણી શકાય છે. દર્પણ અને દર્પણમાં પ્રતિબિંબિત થયેલું મુખ જેમ 'બિમ્બ' રૂપી મુખને જાણતું નથી, તેમ અન્તઃકરણ અને અન્તઃકરણમાં પ્રતિબિંબિત થયેલો જીવ બિમ્બભૂત આત્માને જાણતો નથી.

શિષ્ય :–ત્યારે આત્માને કોણ જાણી શકે ?

**આત્માને કોણ જાણે છે ?**

ગુરુ :–એ કોઇનાથી જાણી શકાતો નથી; જે કાંઇ પણ જાણી શકાય તેવું હોય તે તો દશ્ય કહેવાય છે, અને આત્મા તો કેવલ દગ્રૂપ છે. જેમ દશ્ય પદાર્થ ઘડો તેના દષ્ટાને જાણી શકતો નથી, તેમ સ્વયંપ્રકાશ આત્મા કોઇ અન્યથી જાણી શકાય એવો નથી. એ દ્રષ્ટા આત્મા પોતાને પોતાના વડેજ જાણે છે, કારણ કે એ સ્વયંપ્રકાશ છે; દષ્ટાન્ત તરીકે (નદી ઉતરીને પાર જનારા દસ પુરુષોમાં, દસમો પુરુષ) પોતાને ડૂબેલો માનનારો દસમો પુરુષ પાછળથી પોતે જ પોતાને જાણે છે, અન્ય નવમાંથી કોઈ વડે પોતાને જાણતો નથી, તેવી જ રીતે અનુંભવસ્વરૂપ આત્મા બીજા કશાથી અનુભવ કરી શકાય એવો નથી; એમ તું પ્રમાણપુરઃસર માન.

શિષ્ય :–પ્રમાણ કેટલાં અને કયાં કયાં છે ?

**પ્રમાણ કેટલાં અને કયાં કયાં ?**

ગુરુ :-સાંભળ; પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, અને શબ્દ એમ ચાર પ્રમાણો છે; પુનઃ અર્થાપત્તિ, સંભવ, ઐતિહ્ય અને અનુપલબ્ધિ એવાં બીજાં પણ (વિશેષ) ચાર પ્રમાણો છે. પ્રથમ કહેલાં ચાર પ્રમાણમાં પાછળથી કહેલાં ચાર પ્રમાણોનો અન્તર્ભાવ થઈ શકે છે એવો સિદ્ધાંત છે. કેટલાએક વેદાન્તીઓ છ પ્રમાણ માને છે. એ બધાનાં લક્ષણો વગેરેનો તો બહુ વિસ્તાર છે. અહીં આપણને જેટલું આવશ્યક છે તેટલું જ હું કહું છું. અક્ષનો અર્થ ઇન્દ્રિય થાય છે અને તેથી ઈન્દ્રિય દ્વારા પ્રાપ્ત થતા પ્રમાણને **પ્રત્યક્ષ** પ્રમાણ કહે છે. ધૂમ્ર વગેરે ચિહ્ન વડે જે જ્ઞાન થાય, તે **અનુમાન** પ્રમાણ; સાદશ્યપણાથી જે જ્ઞાન

થાય તે **ઉપમાન** પ્રમાણ; અને આપ્ત પુરુષના વાક્યને **શબ્દ** પ્રમાણ કહે છે.

હવે આત્મામાં ઇન્દ્રિયોની અગોચરતા હોવાથી તેમાં પ્રત્યક્ષ પ્રમાણનો સંભવ નથી; નિરવયવ (નિરંશ) હોવાથી આત્મામાં અનુમાન પ્રમાણ ઘટી શકતું નથી; એ અદ્વિતીય છે એથી એમાં ઉપમાન પ્રમાણ લાગુ પડતું નથી, એથી કેવળ શબ્દ પ્રમાણ જ એ આત્મામાં કામ આવે છે. યથાર્થ વકતા આપ્ત કહેવાય છે; આપ્ત પુરુષના વચનને શબ્દ કહે છે, શ્રુતિનો શબ્દ એ ઇશ્વરનું વાક્ય મનાય છે, અને તેથી આત્મામાં કેવલ શ્રુતિને જ પ્રમાણ માનવામાં આવે છે.

પૂર્વે કહેલા દ્રષ્ટાંતમાં સાક્ષીરૂપ રહેલા સંન્યાસીને તેના દ્દષ્ટાપણાને લીધે તેણે જોયેલો પુરુષ, તેની અવસ્થા, તથા તેનાં કામકાજ અને તેના ગુણદોષ જેમ સ્પર્શ કરતાં નથી; તેમ આત્માને પણ દ્રશ્યમાન થતાં અહંકાર, એની અવસ્થાઓ, એનાં કામકાજ, તેમ જ ગુણદોષ સ્પર્શ કરતાં નથી. આવી રીતે જે ભાગ્યશાળી પુરુષ એ સાક્ષી માત્ર આત્માને શ્રુતિદ્વારા અહંકાર વગેરેથી અલિપ્ત, અને કેવલ ચૈતન્ય જાણે છે, એ જ જીવન્મુકત છે; અને શ્રુતિ પણ એમ જ કહે છે. હે પુત્ર ! તું પણ વેદાન્તશાસ્ત્ર જ આત્મામાં પ્રમાણ છે, એમ વિશ્વાસ રાખી, ઉપર કહ્યા પ્રમાણે ત્રણે અવસ્થાના સાક્ષી આત્માને ઓળખી લે.

# દશમ વર્ણક

હવે આ દશમ વર્ણકમાં આત્માનું પાંચ કોશથી વ્યતિરેક (રહિત)પણું કહેવામાં આવશે. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનન્દમય એમ પાંચ કોશ છે.

**આત્માની પંચકોશથી વ્યતિરેકતા**

(૧) અન્નના વિકારરૂપી [૧]શુકલ અને [૨] શોણિતમાંથી ઉત્પન્ન થયેલો, છ ભાવવિકારવાળો, અને અન્નથી વધનારો આ સ્થૂલ દેહ અન્નમય કોશ છે. (૨) કર્મેન્દ્રિયોની સાથેના પ્રાણને પ્રાણમયકોશ કહે છે; (૩) જ્ઞાનેન્દ્રિયોની સાથેના મનને મનોમય કોશ કહેવામાં આવે છે. (૪) જ્ઞાનેન્દ્રિયોની સાથેના બુદ્ધિના સંબંધને વિજ્ઞાનમય કોશ નામ આપેલું છે અને (૫) પ્રિય, મોદ અને પ્રમોદ વૃત્તિઓની સાથેના અજ્ઞાનને આનન્દમય કોશ કહે છે. એમાં ઇષ્ટ વસ્તુના દર્શનમાત્રથી થતો સંતોષ પ્રિય કહેવાય છે. તે વસ્તુની પ્રાપ્તિથી થતો સંતોષ મોદ કહેવાય છે, અને તેના (ઉપભોગ) અનુભવથી તથા સંતોષનું પ્રમોદ એવું નામ છે. આવી રીતે આ પંચકોશ છે.

**પંચકોશનાં નામ**

જેવી રીતે તલવારને એનું મિયાન, શિવલિંગને એનો સંપુટ, કેરીને એની છાલ અને પુરુષને એનું અંગરખું ઢાંકી રાખે છે, તેવી રીતે આ પાંચ કોશો પણ આત્માને ઢાંકી રાખે છે તેથી એનું કોશ એવું નામ પાડયું છે.

શિષ્ય–પણ (એ દષ્ટાન્તોમાં) તલવાર તથા મિયાન વગેરેની સત્તા ભિન્ન ભિન્ન છે અને આ પાંચ કોશની આત્માથી ભિન્ન સત્તા પ્રતીત થતી નથી; તેમ જ કોશ વગેરેની એનાથી વિષમતા હોવાથી એનું આચ્છાદકપણું કેવી રીતે કહેવાય ?

---

૧ પુરૂષબીજ. ૨ સ્ત્રીબીજ

ગુરુ:–સાંભળ સૂર્યનાં કિરણમાંથી પરિણામ પામેલાં વાદળાંની સત્તા એ જ સૂર્યની સત્તા છે; તો પણ એ મેઘ સૂર્યને આચ્છાદાન કરે છે. અગ્નિમાંથી ઉત્પન્ન થયેલા ધૂમ્રની સત્તા જેમ અગ્નિની સત્તાથી ભિન્ન નથી તો પણ જેમ ધૂમ્ર અગ્નિને ઢાંકે છે; તેવી જ રીતે આત્માની સત્તાથીજ સત્તા ભોગવતા આ કોશ આત્માને ઢાંકે છે.

હવે આત્માનું પંચ કોશથી વ્યકિતરેકપણું કહીએ. તલવાર વગેરે પદાર્થો અને તેનાં ઢાંકનારાં મિયાન વગેરે સાથે જ રહે છે તેથી એ બધાંનો તલવાર વગેરેનાં નામથી જ વ્યવહાર કરવામાં આવે છે. તો પણ ખરી રીતે જોતાં જેમ તલવાર વગેરે એ મ્યાન વગેરેથી ભિન્ન છે, તેવી જ રીતે આત્મા પંચકોશથી અભિન્ન છે એવો વ્યવહાર થાય છે છતાં વસ્તુતઃ આત્મા તેનાથી વ્યતિરિકત (એ વિનાનો–એનાથી પૃથક્) છે.

શિષ્ય:–આત્મા અને કોશની એકતા માનવાનો વ્યવહાર છે, તેથી તેઓનો પરસ્પર સંબંધ છે એમ કહેવું જોઈએ; પણ આત્માનો કોઇ સાથે સંબંધ નથી; વળી એને તો શાસ્ત્રમાં નિરંજન કહ્યો છે, ત્યારે એનું રહસ્ય શું ?

ગુરુ:-સંબંધ અનેક પ્રકારના છે. તર્કશાસ્ત્રના સિદ્ધાન્તમાં [1]સમવાય સંબંધ અને [2]સંયોગ સંબંધ એમ બે પ્રકારના સંબંધ છે.

**ત્રણ પ્રકારના સંબંધ**

અવયવ અને અવયવીનો, ગુણ અને ગુણીનો, ક્રિયા અને ક્રિયાવાનનો, જાતિ અને વ્યકિતનો તથા વિશેષ અને નિત્ય દ્રવ્યનો સંબંધ સમવાય સંબંધ કહેવાય છે, આત્મા અને પંચકોશની

**સમવાય સંબંધ**

---

૧ કદી પણ જુદા ન થઈ શકે તેવો સંબંધ.

૨ જુદા પાડી શકાય તેવો, બંનેનું સ્વતંત્ર અસ્તિત્વ ટકી રહે તેવો સંબંધ.

અવયવ અને અવયવી વગેરેના સંબંધમાં ગણુના થતી નથી તેથી એમાં સમવાય સંબંધ નથી.

**સંયોગ સંબંધ**

શિષ્યઃ-ત્યારે નગારું અને તેના પર મારવાની દાંડીનો જેવો સંયોગ સંબંધ છે, તેવો એ કેમ ન કહેવાય ?

ગુરુ:-આત્માને દ્રવ્ય તરીકે માનવામાં આવતો નથી તેથી એવો સંબંધ સંભવી શકતો નથી.

શિષ્ય:-ત્યારે આત્મા અને કોશોનો કઈ જાતનો સંબંધ કહી શકાય ?

**અધ્યાસ સંબંધ**

ગુરુ:-રજ્જુમાં સર્પનો, છીપમાં રૂપાનો, થાંભલામાં પુરુષનો, તેમ જ આકાશમાં નીલરંગના ભાસ જેવો એ [1]અધ્યાસ સંબંધ છે.

શિષ્ય:-આ અધ્યાસ એકતર અધ્યાસ ( એક પદાર્થનો અન્ય પદાર્થ ઉપર ) છે કે અન્યોન્ય અધ્યાસ ( એક બીજાનો પરસ્પર ) છે ?

ગુરુ:-અહંકાર અને આત્મા એ બન્ને મળીને એકજ પ્રત્યય ( જ્ઞાન )નો વિષય બને છે તેથી એ અન્યોન્ય (પરસ્પર) અધ્યાસ છે.

શિષ્ય:-આત્મા અને અન્નમય કોશનો અન્યોન્ય અધ્યાસ કેવી રીતે છે ?

**આત્મા અને અન્નમય કોશ**

ગુરુ:-" હું મનુષ્ય, હું દેવ, હું સ્ત્રી, હું પુરુષ, " " હું જન્મ્યો, હું જીવું છું, હું વધું છું, હું બદલાઉં છું, હું નબળો પડું છું, હું હવે મરી જઇશ, " તેમજ " હું બાલક, હું કુમાર, હું

---

૧ એક વસ્તુમાં તેના સાદશ્યપણાને લીધે કોઇ તેના જેવી જ અન્ય વસ્તુની થતી ભ્રાન્તિને લીધે થતો સંબંધ.

યુવક, હું વૃદ્ધ" "હું બ્રાહ્મણ, હું ક્ષત્રિય, હું વૈશ્ય, હું શૂદ્ર," "હું બ્રહ્મચારી, હું ગૃહસ્થ, હું વાનપ્રસ્થ, હું સંન્યાસી;" "હું આન્ધ્રદેશી, હું દ્રાવિડી, હું કર્ણાટકી;" "હું વત્સગોત્રી, હું કૌશિકગોત્રી; હું રામ, હું કૃષ્ણ, હું શંકર, હું મહાદેવ" "હું દીક્ષિત, હું શાસ્ત્રી," "હું યોદ્ધો, હું ભોક્તા" એવા અન્નમય કોશના વિકારી ધર્મોનો આત્મામાં અધ્યાસ થાય છે, અને આત્મામાં રહેલાં સત્, ચિત્, અને આનન્દનો મારું શરીર છે (સત્), **દેખાય** છે (ચિત્) **વ્હાલું** લાગે છે (આનંદ)" એવો અન્નમય કોશમાં અધ્યાસ થાય છે; આવી રીતે અન્નમય કોશ અને આત્માનો અન્યોન્ય અધ્યાસ છે.

શિષ્ય:–હવે પ્રાણમય કોશ અને આત્માનો અન્યોન્ય અધ્યાસ સમજાવો.

**આત્મા અને પ્રાણમય કોશ**

ગુરુ:–હું ભૂખ્યો છું, હું તરસ્યો છું, હું બળવાન છું, હું વીર્યવાન છું, હું ક્રિયાવાન છું, હું વક્તા છું, હું જનાર છું, હું દાતા છું, હું મલોત્સર્ગ કરનાર છું, હું આનન્દ ભોગવનાર છું, હું મૂગો છું, હું લંગડો છું, હું ઠુંઠો છું, હું નપુંસક છું, એવા પ્રાણમય કોશના વિકારોનો આત્મામાં અધ્યાસ કરાય છે અને આત્માના સત, ચિત અને આનન્દનો મારા પ્રાણ છે (સત્), **દેખાય** છે (ચિત્) અને **વ્હાલા** લાગે છે (આનંદ) એવા અસ્તિ,ભાતિ અને પ્રિયનો પ્રાણમય કોશમાં અધ્યાસ થાય છે. આમ પ્રાણમય કોશ અને આત્માનો અન્યોન્ય અધ્યાસ છે.

**આત્મા અને મનોમય કોશ**

હવે મનોમય કોશ અને આત્માના અન્યોન્ય અધ્યાસનું વર્ણન કરીએ. હું સંકલ્પવાન, હું વિકલ્પવાન, હું શોકવાન, હું મોહવાન, હું કામી, હું લોભી, હું સાંભળનાર,

હું સ્પર્શ કરનાર, હું જોનાર, હું આપનાર, હું સૂંઘનાર, હું બહેરો, હું આંધળો એવી રીતે મનોમય કોશના વિકારોનો આત્મામાં અધ્યાસ થાય છે અને મારું મન ઠીક છે ( સત્ ) દેખાય છે ( ચિત્ ) અને પ્રિય છે ( આનંદ ) એવા આત્માના સત્ ચિત્-આનંદ-ધર્મોનો મનોમય કોશમાં અધ્યાસ થાય છે, આમ મનોમય કોશ અને આત્માનો અન્યોન્ય અધ્યાસ છે.

હવે વિજ્ઞાનમય કોશ અને આત્માના અન્યોન્ય અધ્યાસનું વર્ણન સાંભળ.

**આત્મા અને વિજ્ઞાનમય કોશ**

હું કર્તા, હું બુદ્ધિમાન, હું ઉહાપોહચતુર, હું એકપાઠી, હું લોકાન્તર-ગામી, હું રાગી, હું દ્વેષી, હું શ્રોત્રિય, હું પંડિત, હું વિરકત, હું ભક્ત, હું ઉપાસક, હું જ્ઞાની આવી રીતના વિજ્ઞાનમય કોશના વિકારોનો આત્મામાં અધ્યાસ કરાય છે; અને આત્માના સત્-ચિત્-આનંદ લક્ષણોનો મારી બુદ્ધિ છે ( સત્ ) દેખાય છે ( ચિત્ ) અને પ્રિય લાગે છે ( આનંદ ) એવી રીતે વિજ્ઞાનમય કોશ અને આત્માનો અન્યોન્ય અધ્યાસ છે.

હવે આનંદમય કોશ અને આત્માના અન્યોન્ય અધ્યાસનું વિવેચન કરીએ.

**આત્મા અને આનંદમય કોશ**

હું ભોકતા, હું સુખી, હું સંતુષ્ટ, હું સાત્વિક, હું રાજસ, હું તામસ, હું જડ, હું મૂઢ, હું શૂન્ય, હું દુષ્ટ, હું મોહિત, હું અવિવેકી, હું ભ્રાન્ત એવા આનન્દમય કોશના વિકારોનો આત્મામાં અધ્યાસ થાય છે અને આત્માના સચ્ચિદાનંદ ધર્મોનો મારૂં અજ્ઞાન છે ( સત્ )

**દેખાય છે ( ચિત ) અને સુખ છે–( આનંદ )** એનો આનંદમય કોશમાં અધ્યાસ કરાય છે. આવી રીતે આનંદમય કોશ અને આત્માનો અન્યોન્ય અધ્યાસ છે.

આમ પાંચ કોશ અને આત્માનો અન્યોન્ય અધ્યાસનો સંબંધ છે એમ જણાય છે.

શિષ્ય :–એ અધ્યાસ કયાંથી અને કેવી રીતે આવ્યો ?

ગુરુ :–આ આત્મા છે અને આ પાંચ કોશ છે, એવી રીતે સમ્યક્ પ્રકારે. એના વિભાગ કરી શકે તેવા જ્ઞાનના અભાવમાંથી ઉત્પન્ન થયેલા અવિવેકને લીધે એ આવ્યો છે.

**અધ્યાસનું મૂલ અવિવેક.**

શિષ્ય :–ત્યારે કોશો અને આત્માનો વિવેક કેવી રીતે થાય ?

ગુરુ :–સાંભળ; સંસારમાં પશુ પુત્ર, મિત્ર, સ્ત્રી, ગૃહ, ધન, ધાન્ય વગેરે આપણા જ્ઞાનના વિષય ( દૃશ્ય ) હોવાથી આત્મા સંભવતાં નથી; તેની પેઠે "આ મારૂં શરીર, આ મારા પ્રાણ, આ મારૂ ધન, આ મારી બુદ્ધિ, આ મારૂં અજ્ઞાન" એ બધાં પણ "આ મારૂં" એવી રીતે ઓળખાતાં હોવાથી શરીરરૂપી પાંચ કોશો આત્મા ન હોતાં પશુ વગેરેની પેઠે પૃથક્ હોવાથી અનાત્મા જ કહેવાય છે. આમ કોશ તથા આત્મા પૃથક્ પૃથક્ છે એ યુકિત વડે સિદ્ધ થયું.

આત્મા શરીરરહિત છે એવું પ્રતિપાદન કરનારી "अशरीरं वा वसन्तं नप्रियाप्रिये स्पृशतः" શ્રુતિઓ છે. ઉપર કહેલા પશુ વગેરેના ક્ષય વૃદ્ધિ વગેરે વિકારો તેના દૃષ્ટારૂપ ધણીને સ્પર્શ કરતા નથી

એવો અનુભવ બધાને હોય છે; તેમ શરીરાદિ પંચકોશોના વિકારો દ્રષ્ટા આત્માને (મને) કદી પણ સ્પર્શ કરતા નથી એવો અનુભવ છે.

શિષ્ય :–પરંતુ હે સ્વામિન્ ! આપે આપેલાં પશુ વગેરેનાં દૃષ્ટાંત તો શરીરની બહારનાં હોવાથી તે સમજવાં સ્હેલાં છે, પણ દાર્ષ્ટાન્ત (કોશો) તો અંદરનાં હોવાથી મારી બુદ્ધિથી ઓળખાતાં નથી; વળી આ પાંચ કોશ પશુઓની પેઠે પૃથક્ ન દેખાતાં તપાવેલા લોખંડી ગોળામાં જેમ અગ્નિ અને લોખંડ એક દેખાય છે, તેમ આત્માની સાથે એકરૂપ દેખાય છે. આવી રીતે દૃષ્ટાંત (પશુ વગેરે) અને દાર્ષ્ટાન્ત (કોશ) માં બહુ તફાવત જણાય છે.

વળી આત્મા તો સ્વપ્રકાશ છે, તેથી તેનાથી એનું પૃથક્ જ્ઞાન થાય છે એમ કેમ કહેવાય ?

**આત્માની સ્વ-પ્રકાશતા.**

ગુરુ :–સાંભળ, દૃષ્ટિ બે પ્રકારની છે; એક બાહ્ય દૃષ્ટિ એટલે સ્થૂલ નેત્ર અને બીજી આન્તર દૃષ્ટિ એટલે સૂક્ષ્મ બુદ્ધિ; બાહ્ય દૃષ્ટિ (નેત્ર)થી ન જાણી શકાય એવા પદાર્થોનું આન્તર દૃષ્ટિ (બુદ્ધિ)થી જ્ઞાન પ્રાપ્ત થાય છે. બાહ્ય પદાર્થો જેવા કે વીણામાંથી એના સ્વરોનું, તપ્ત જલમાંથી અગ્નિનું, અને પુષ્પમાંથી સુગંધનું જેમ સ્થૂલ દૃષ્ટિ (નેત્ર)થી પૃથક્ (જુદા) પણું જોઈ શકાતું નથી, પણ શ્રોત્રાદિ સૂક્ષ્મ જ્ઞાનેન્દ્રિયો વડે બુદ્ધિમાન્ પુરુષ "આ વીણાતંત્રી છે, અને આ સ્વર છે," "આ જલ છે અને આ અગ્નિ છે," "આ પુષ્પ છે અને આ સુગન્ધ છે," એમ પૃથક્તા કરીને વીણા વગેરેમાંથી તેના સ્વર વગેરેની

પૃથક્તાનું સરલતાથી જ્ઞાન મેળવી શકે છે; તેમજ વળી દૂધ અને જલના વિભાગ કરવા બીજાને માટે મુશ્કેલ હોવા છતાં પણ હંસને માટે તે સ્હેલું છે; તેવી જ રીતે આ બન્ને દૃષ્ટાન્તોમાં

**હંસક્ષીર ન્યાય**

સમજવાનું છે. આત્માના સકાશ ( સમીપ–નિકટ )પણાને લીધે સ્થૂલ બુદ્ધિવાળાને પંચકોશની પૃથક્તા સમજવી ( કરવી ) અઘરી હોવા છતાં પણ સૂક્ષ્મબુદ્ધિવાળાને સ્હેલાઈથી થઈ શકે એવી છે.

હે પુત્ર ! હવે તું ( વેદાન્ત ) સિદ્ધાન્તવચન સાંભળ; અત્યાર સુધી કલ્પાન્તરની વાસના વડે યુકત થયેલા જે લોકો છે,

**પંચકોશની પરમાર્થ દૃષ્ટિથી અવાસ્તવતા**

તેઓની દૃષ્ટિએ પ્રપંચના વ્યવહારનો અંગીકાર ( અધ્યારોપ ) કરીને આ પાંચ કોશ અને તેનો વિવેક વગેરે કહ્યું; પરંતુ પરમાર્થની દૃષ્ટિએ વિચાર કરી જોતાં આત્મામાં પંચકોશનું અસ્તિત્વ જ નથી.

શિષ્ય :–એ કેવી રીતે ?

ગુરુ :–જેવી રીતે રજ્જુમાં સર્પ, છીપમાં રૂપું, સ્થાણુ ( ઠુંઠું–થાંભલા )માં પુરુષ અને આકાશમાં નીલિમા, એ બધું ભ્રાન્તિને લીધે પ્રતીતિમાત્ર છે; સ્વરૂપમાં એની સત્તા નથી; ત્રિકાલમાં પણ એ આરોપિત કરેલા સર્પ વગેરેની વાસ્તવતા નથી; તેવી જ રીતે આત્મામાં પંચકોશ પણ આરોપિત જ છે; વાસ્તવિક નથી. જે આરોપિત હોય છે તે સંસારમાં અસત જ મનાય છે. દષ્ટાંત તરીકે ( આકાશમાં ) ચંદ્ર એક જ હોવા છતાં પણ નેત્રદોષને લીધે કોઇ એમાં બે ચંદ્રનું આરોપણ કરે છે, તેમ પંચકોશ પણ આત્મામાં આરોપિત થયેલા હોવાથી મિથ્યાભૂત છે.

શિષ્ય :—પણ આરોપિત સર્પ વગેરે પદાર્થોના અધિષ્ઠાનનું જ્ઞાન થાય કે તરત જ પ્રતીત થતા પદાર્થોનું જ્ઞાન બંધ થાય છે; પણ આ પંચકોશ તો આત્મજ્ઞાન થયા પછી પણ પ્રતીયમાન રહે છે, અને નાશ પામતા નથી, તો પછી એનું આરોપિતપણું છે એમ કેમ કહેવાય ?

ગુરુ :—સાંભળ; સંસારમાં પ્રાતિભાસિક સત્, વ્યાવહારિક સત્, અને પારમાર્થિક સત્ એમ ત્રણ પ્રકારનું સત્ છે; અને ઈશ્વરસૃષ્ટિ અને જીવસૃષ્ટિ એમ બે પ્રકારની સૃષ્ટિ છે. છીપમાં રૂપા વગેરેના સર્વ અધ્યાસના જેવી સમસ્ત જીવસૃષ્ટિ છે; અને એ પ્રાતિભાસિક સત્ કહેવાય છે. એ જીવસૃષ્ટિનાં અધિષ્ઠાનભૂત આકાશ વગેરે સર્વ વ્યાવહારિક સત્ છે, અને એ સર્વ ઇશ્વરસૃષ્ટિ છે. એ ઇશ્વરસૃષ્ટિનું પણ અધિષ્ઠાનભૂત જે બ્રહ્મ છે તે પારમાર્થિક સત્ છે અને એજ નિત્ય છે. વ્યાવહારિક સત્ વ્યવહારનો ક્ષય (નાશ) થતાં સુધી રહે છે; પ્રાતિભાસિક સત્ પ્રતિભાસનો ક્ષય થાય ત્યાં સુધી રહે છે; પ્રાતિભાસિક સત્ અને વ્યાવહારિક સત્ એ બન્ને અધ્યસ્તપણાને લીધે સમાન હોવા છતાં સત્તાની દૃષ્ટિથી સમાન નથી. કારણ કે જો વ્યાવહારિક સત્ પણ પ્રાતિભાસિક સત્ની પેઠે અધિષ્ઠાન (બ્રહ્મ) નું જ્ઞાન થાય એટલે તરત જ નાશ પામે તો આત્મજ્ઞાનીઓ અને જીવન્મુક્તો જ ક્યાંથી પ્રાપ્ત થાય ? અને એમ થાય તો જ્ઞાનનો ઉપદેશ અને

**સત્‌ની ત્રિવિધતા; ઇશ્વરસૃષ્ટિ અને જીવસૃષ્ટિ**

**પ્રાતિભાસિક સત્‌નો જ્ઞાનથી ક્ષય;**

**વ્યાવહારિક સત્‌નો દેહપર્યન્ત સદ્‌ભાવ.**

ગુરુશિષ્યપરમ્પરા પણ કયાંથી રહે ? વળી જ્ઞાનીઓના વ્યવહારનો લોપ થાય એટલે અજ્ઞાનીઓને ઉપદેશ પ્રાપ્ત કરવાનું જ અશકય થઈ પડે ! તેથી જેવી રીતે માટીમાં અધ્યસ્ત થયેલો કાંઠો, ગળું, પેટ, વગેરે આકારનો ઘડો કુંભારની ( એ ) કૃતિ નાશ પામે ત્યાં સુધી રહે છે, તેવી જ રીતે આત્મામાં અધ્યસ્ત થયેલા પાંચ કોશ મિથ્યા છે એવું જાણનાર જ્ઞાનીને પણ પ્રારબ્ધક્ષય પર્યન્ત બળેલા કાપડના આકારની પેઠે પ્રતીત થાય છે એમ સમજ.

क्रिं बहुना ? વિશેષ શું કહું ? ( વેદાન્ત શાસ્ત્રનો ) આજ સિદ્ધાન્ત છે; માટીમાં આરોપિત થયો ઘડો એના નામરૂપનો બાધ કર્યા પછી પણ કેવલ માટી ( રૂપે ) જ જેવી રીતે સત્યપણે ( ખરી રીતે ) અવશેષ રૂપે રહે છે, તેવી જ રીતે આત્મામાં આરોપિત થયેલા પાંચકોશ પણ આત્મજ્ઞાન વડે બાધિત થયા પછી સચ્ચિદાનંદરૂપ આત્મા જ એક સત્યપણે અવશેષ રૂપે રહે છે, એમ જાણે છે તે જ આત્મજ્ઞાની છે; તે જ બ્રહ્મજ્ઞાની છે; એને જ વિદેહમુકિત પ્રાપ્ત થાય છે એમ સમસ્ત ઉપનિષદો ડંકો વગાડીને કહે છે.

# એકાદશ વર્ણક

હવે આ એકાદશ વર્ણકમાં આત્માના સત્, ચિત્, અને આનંદરૂપપણાનું ચોથું લક્ષણ કહીએ.

શિષ્ય :-આત્માનું સત્-રૂપ, ચિત્-રૂપ, અને આનંદ-રૂપ

**આત્માની સત્-ચિત અને આનંદરૂપતા.**

કેવી રીતે સિદ્ધ થાય છે?

ગુરુ:-ત્રિકાલમાં પણ જેનો કોઇનાથી બાધ ન થતાં જે એકરૂપે રહે, તે સતનું લક્ષણ છે, અને એ લક્ષણ આત્મામાં છે.

શિષ્ય:-એમાં કાંઈ પ્રમાણ છે?

**સત્‌નું વિવેચન.**

ગુરુ:-આ પ્રાપંચિક સૃષ્ટિની પૂર્વે "સત્ માત્ર હતું" "આત્મામાંથી આકાશ થયું." ઈત્યાદિ વેદાન્તશાસ્ત્રનાં વાક્યો એમાં પ્રમાણ છે. વળી મનુષ્ય માત્રને એવો અનુભવ થાય છે એ પણ પ્રમાણ છે.

શિષ્ય:-ધનાઢય, દરિદ્ર, કર્મી, ભકત, મુમુક્ષુ, એમ બધા મનુષ્યોને શું એવો અનુભવ થતો હશે?

ગુરુ:-હા, સાંભળ. "મેં પૂર્વજન્મમાં સત્પાત્રોને જે કાંઇ આપ્યું છે, તેથી આ જન્મમાં હું ઐશ્વર્યનો અનુભવ કરૂં છું. આ જન્મમાં જો કાંઇ આપું તો એનો આવતા જન્મમાં અનુભવ કરીશ," એવો ધનાઢય પુરૂષને અનુભવ હોય છે. "મેં પૂર્વજન્મમાં સત્પાત્રને કશું એ નહોતું આપ્યું, તેથી આ જન્મમાં હું દરિદ્રતા ભોગવું છું; આ જન્મમાં હું કાંઈ નહિ આપું તો આગલા જન્મમાં પણ દરિદ્રતા જ ભોગવવી પડશે" એવો દરિદ્રનો અનુભવ હોય છે. "પૂર્વજન્મમાં મેં સત્કર્મોનું અનુષ્ઠાન કર્યું હતું તેથી એ વાસનાથી આ જન્મમાં પણ હું સત્કર્મના અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થઇશ, અને તેનાથી ભાવી જન્મમાં પણ સ્વર્ગમાં દેવપદ પ્રાપ્ત થશે," એવો કર્મીઓનો અનુભવ હોય છે. "પૂર્વજન્મમાં મેં ભગવાનની ઉપાસના કરી હતી તેથી એ જ વાસના વડે આ

જન્મમાં પણ મારામાં ભગવદ્દભકિત છે, અને એના વડે જ ભાવિ જન્મમાં વૈકુંઠાદિ લોકમાં હું સાલોક્યાદિ મુક્તિ અનુભવીશ" એવો ભકતનો અનુભવ હોય છે. "અનેક જન્મમાં ઈશ્વરાર્પણ બુદ્ધિથી મેં કર્મો કર્યાં છે, તેને લીધે આ જન્મમાં વિવેક વગેરે ચાર સાધન, શ્રી સદ્દગુરુ, શ્રવણાદિ ત્રણ સાધન અને આત્મજ્ઞાન મને પ્રાપ્ત થયાં છે, અને હવે પછી મારે (ભાવિ) જન્મ નથી, હું કૃતકૃત્ય છું." એવો મુમુક્ષુને અનુભવ થાય છે. આવી રીતે મનુષ્ય માત્રને ત્રણે કાલમાં "હું છું" એવો અનુભવ છે, એ ઉપરથી જણાય છે કે આત્મામાં અધ્યસ્ત થયેલા દેહનો જ નાશ થાય છે, આત્માનો કદી પણ નાશ થતો નથી. તેથી આત્મા ત્રિકાલમાં પણ અબાધિતપણે અને એક રૂપે વિદ્યમાન રહેતો હોવાથી આત્માની સત્-રૂપતા સિદ્ધ થાય છે.

શિષ્ય: હે સ્વામી ! અનુભવથી આત્માનું સત્-રૂપપણું કહ્યું, પણ યુકિતથી કેવી રીતે સિદ્ધ થાય છે?

ગુરુ:-સાંભળ, યુકિતથી વિચાર કરી જોતાં પણ આત્માની સત્‌રૂપતા સિદ્ધ થાય છે. આ સંસારમાં આપણે વિદ્યમાન છીએ કે નહિ એમ વિચાર કરતાં આપણે વિદ્યમાન છીએ એવું સમજાય છે; કારણ કે સર્વને "હું આ સંસારમાં છું." એવો અનુભવ થાય છે; અને આપણે દેહધારી છીએ કે દેહરહિત એમ વિચારતાં સર્વને શરીર છે તેથી દેહરહિત નહિ, પણ દેહધારી છીએ એવું જણાય છે. વળી આ શરીર શાથી આવી મળ્યું છે એમ વિચાર કરતાં નિશ્ચય થાય છે કે એ કર્મમાંથી ઉત્પન્ન થયું છે.

શિષ્ય:-એ કર્મ આપણું કે અન્ય કોઈનું?

ગુરુ :-આપણું જ છે એમ કહેવું જોઈએ. એક ( વ્યકિત ) ના કર્મથી બીજાને સ્વર્ગપ્રાપ્તિ થતી હોય એવું ફલ અનુભવી શકાતું નથી. નહિ તો એકના કર્મથી બીજો સ્વર્ગાદિની પ્રાપ્તિ કરી શકે. દષ્ટાન્ત તરીકે બ્રાહ્મણના યજ્ઞથી શૂદ્રને સ્વર્ગ પ્રાપ્ત થાય અને પૂર્વ બ્રહ્મર્ષિ શુકદેવે કરેલી સમાધિ ( મોક્ષ )થી આપણને બધાને વિદેહમુકિત થવી જોઇએ. પણ ( પણ એમ જણાતું નથી ) એટલા માટે આપણા કર્મથી જ આપણું શરીર બન્યું છે એમ કહેવું જોઈએ.

શિષ્ય :-ત્યારે આ શરીરને ઉત્પન્ન કરનારાં કર્મો આ જન્મમાં કર્યાં છે કે પૂર્વજન્મમાં કર્યાં હશે ?

ગુરુ :-વિચાર કરતાં સમજાય છે, કે પૂર્વ જન્મમાં કર્યાં છે એમ જ કહેવું જોઈએ. આ જન્મનાં કર્મથી આ શરીર ઉત્પન્ન થયું છે એમ માનીએ તો ( કર્મના ) પહેલાં આ ( શરીર ) નો અભાવ હતો તેથી આ ( શરીર )ને આ ( શરીર ) નું જ કારણ માની શકાતું નથી. પૂર્વ જન્મમાં કર્મ કરતી વખતે આપણે વિદ્યમાન હતા કે નહિ, એમ વિચાર કરતાં સમજાય છે કે આપણે વિદ્યમાન ન હોઇએ, તો કર્મ કરવાનું જ બની શકે નહિ. તે વખતે આપણું શરીર હતું કે નહિ એમ પૂછીએ તો શરીર પણ હતું એમ નક્કી થાય છે; કારણ કે શરીર ન હોય તો કર્મ કરી શકાતાં નથી. એ શરીર પણ તેનાથી પૂર્વજન્મનાં કરેલાં કર્મથી બનેલું, એ શરીર તેની પહેલાં કરેલાં કર્મથી બનેલું, એમ વિચારી જોતાં નિર્ણય થાય છે કે તે પહેલાંના જન્મમાં કરેલાં કર્મથી ઉત્પન્ન થયેલું હોવું જોઇએ. આવી રીતે પુનઃ પુનઃ વિચાર કરી જોતાં કર્મ અને શરીરનું પ્રવાહરૂપે અનાદિપણું

સિદ્ધ થાય છે. એ બન્ને ( શરીર અને કર્મ ) ને ધારણ કરનારો આત્મા આકાશની પેઠે સાક્ષાત્ મુખ્ય અને સ્વરૂપે પણ અનાદિ છે એમ સિદ્ધ થાય છે. આવી રીતે ભૂતકાલ અને વર્તમાનકાલમાં યુકિતથી એ સત્ રૂપ છે એમ સિદ્ધ થાય છે.

હવે ભવિષ્યકાલમાં પણ આત્માનું સત્ રૂપ યુકિતથી સિદ્ધ કરીએ. આ પહેલાનાં જન્મોમાં શ્રવણ મનન વગેરે ( સાધન ) ન કરતાં મુખ્ય બુદ્ધિ વડે કર્મનું જ અનુષ્ઠાન કરવાથી આ જન્મ અને શરીર પ્રાપ્ત થયાં છે. હવે આ જન્મમાં કરેલાં કર્મ આ પછીનો બીજો જન્મ અપાવશે. તેમાં કરેલાં કર્મથી ત્યાર પછીનો જન્મ પ્રાપ્ત થશે; એમ પુનઃ પુનઃ વિચાર કરતાં કર્મ અને શરીરના પ્રવાહનો ભવિષ્યત કાલમાં અન્ત જ આવે એમ નથી. તત્ત્વજ્ઞાનથી જ્યારે કર્મ ક્ષીણ થાય છે, ત્યારે જ શરીર ઉત્પન્ન થતું નથી. તે બન્નેની સાથે સંબંધ ધરાવનાર આત્મા બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધી, શરીરનાં ઉત્પત્તિ અને નાશનો અનુભવ કરતો કરતો શરીરની સ્થિતિ કાલે સુખદુઃખ અનુભવતો સ્થાવર પદાર્થ પર્યન્ત અધોલોકમાં, અને બ્રહ્મલોક પર્યંત ઉર્ધ્વ-લોકમાં પરિભ્રમણ કર્યા કરે છે; પણ નષ્ટ થતો નથી.

તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયા પછી અવિદ્યા, કામ અને કર્માદિનો પણ નાશ થવાથી દુઃખના કારણનો પણ અભાવ થાય છે, ત્યારે એ સ્વસ્વરૂપના આનંદનો અનુભવ કરતો વિદેહમુકિતમાં સુખપૂર્વક સ્થિતિ કરે છે. આવી રીતે ભવિષ્યકાલમાં પણ આત્મા કદાપિ અસત્ સિદ્ધ થતો થથી; કિંતુ યુકિત વડે સદા સત્ રૂપે જ સિદ્ધ થાય છે. આવી રીતે ત્રિકાલમાં આત્મા તો વિદ્યમાન રહે છે; તેમ જ પરમાર્થ દૃષ્ટિએ એ અબાધિત છે. તેથી એની એકરૂપતાને

લીધે એનું સત્-રૂપ સિદ્ધ થયું. અનેક પ્રલયો થાય છે ત્યારે, તેમ જ અનેક પ્રપંચ ( સૃષ્ટિ ) નો નાશ થયા છતાં પણ એ સ્વયં અવિનાશી રહે છે, એમ શ્રુતિ, યુકિત અને અનુભવ દ્વારા આપણે જોયું. તેમ જ એમ પણ જણાયું કે સૃષ્ટિ, સ્થિતિ અને સંહાર કેવલ પ્રપંચ ( સૃષ્ટિ )નો જ થાય છે, પણ આત્માનો થતો નથી. તેથી ત્રણે કાલમાં એકરૂપપણા અને અબાધિતપણા વડે આત્મા સત્-રૂપ છે એમ જાણજે.

શિષ્ય :-હવે આત્માના ચિત્-રૂપપણામાં કૈં પ્રમાણ છે કે?

**ચિતનું વિવેચન**

ગુરુ :-સૂર્ય વગેરે અન્ય સાધનોની અપેક્ષા રાખ્યા વિના પોતે સ્વયં-પ્રકાશમાન હોવાથી પોતાનામાં આરોપિત થયેલા સમસ્ત જડ પદાર્થોને જે પ્રકાશે તે ચિત્-રૂપ કહેવાય છે; અને આત્મામાં એ ચિત્-રૂપપણાનું લક્ષણ છે.

શિષ્ય :-કેવી રીતે?

ગુરુ :-ગાઢ અંધકારમાં પણ આત્મા અન્ય ( પ્રકાશ ) ની અપેક્ષા રાખ્યા વિના સ્વયં પ્રકાશિત રહે છે; તેમ જ પોતાનામાં આરોપિત કરેલાં બાલ્ય, યૌવન અને વૃધ્ધાવસ્થા, તેમજ એ અવસ્થઓનાં કામકાજને પણ અન્ય ( પ્રકાશ ) ની અપેક્ષા રાખ્યા વિના સારી રીતે પ્રકાશે છે, તેથી આત્મા ચિત રૂપ છે એમ સિદ્ધ થાય છે.

શિષ્ય :-આપણામાં સર્વજ્ઞતા ન હોવાથી સર્વ પદાર્થોને આપણે પ્રકાશિત કરીએ છીએ એમ કેમ કહેવાય?

ગુરુ :-આન્તર અને બાહ્ય એમ પ્રપંચ બે પ્રકારનો છે. એ

બન્ને પ્રકારનો પ્રપંચ આપણા વડે જ પ્રકાશિત થાય છે. આપણે એના વડે પ્રકાશિત થતા નથી.

શિષ્ય :–તે કેવી રીતે ?

ગુરુ :–સાંભળ, કહું છું. પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ એ પંચભૂતો; શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયો; પંચીકરણ પામેલાં એ પંચભૂતો, સમસ્ત બ્રહ્માંડ. ચતુર્દશ ભુવનો, ચાર પ્રકારનાં સ્થૂલ શરીર ( જરાયુજ, અંડજ, સ્વેદજ, ઉદ્‌ભિજજ ), વિવિધ પ્રકારનાં નામ, રૂપ, ગુણ, ધર્મ, વિકાર અને શકિતને આશ્રયે રહેલો એ બાહ્ય પ્રપંચ તથા તેના અનેક પ્રકારે વિભકત થયેલા બીજા અવાન્તર ભેદોને પ્રમાણો વડે આપણે જાણીએ છીએ, પણ એ ( પ્રપંચ ) આપણને જાણતો નથી. ઉપરાંત અન્તર્મુખ થઇને વિચાર કરી જોતાં સિદ્ધ થાય છે કે ઉલટા આપણે એ બાહ્ય પ્રપંચને પ્રકાશિત કરીએ છીએ.

શિષ્ય :–ત્યારે આન્તર પ્રપંચને આપણે કેવી રીતે પ્રકાશિત કરીએ છીએ.

ગુરુ :–તે પણ સાંભળ. અન્નમય કોશથી માંડીને જીવન્મુકિત પર્યન્તનો આન્તર પ્રપંચ પણ ભિન્ન ભિન્ન રીતે અનેક પ્રકારનો છે. "આ અન્નમય, આ પ્રાણમય, આ મનોમય, આ વિજ્ઞાનમય, આ આનન્દમય, આવી રીતે પંચકોશ." "આ સ્થૂલ શરીર, આ સૂક્ષ્મ શરીર, આ કારણ શરીર એમ આ ત્રણે શરીર," "આ છ ભાવ વિકાર, આ છ કોશ, આ છ ઉર્મિઓ, આ અંધાપો, આ મંદ દૃષ્ટિ, આ ચપલતા, આ રાગ, આ દ્વેષ, આ ત્રણ પ્રકારનાં કરણ, આ અંતઃકરણ." "આ જાગ્રત, આ સ્વપ્ન,

આ સુષુપ્તિ એમ ત્રણ પ્રકારની અવસ્થાઓ;" "આ જ્ઞાનેન્દ્રિય પંચક, આ કર્મેન્દ્રિય પંચક, આ પ્રાણપંચક, આ ઉપપ્રાણપંચક, આ મન, આ બુદ્ધિ, આ ચિત્ત, આ અહંકાર, આ સંકલ્પ, આ નિશ્ચય, આ અવધાન, (ચિંતન), આ અભિમાન, આ વિશ્વ, આ તૈજસ, આ પ્રાજ્ઞ," એવી અવસ્થાઓવાળો," તેમજ "આ પ્રાતિભાસિક, આ વ્યાવહારિક, આ પારમાર્થિક, આ સાત્વિક, આ રાજસ, આ તામસ, આ સુખ, આ દુઃખ, આ જ્ઞાન, આ અજ્ઞાન, આ પ્રિય, આ અપ્રિય, આ ઉપેક્ષા, આ સાધનચતુષ્ટય, આ મૈત્રિચતુષ્ટય, આ અષ્ટાંગ યોગ, આ શ્રવણ, આ મનન, આ નિદિધ્યાસન, આ સમાધિ," તેમજ "આ પ્રમાણ, આ પ્રમેય, આ પ્રમાતા, આ ત્રિતાપ, આ આધિ, આ વ્યાધિ, આ આરોગ્ય, આ ભક્તિ, આ વૈરાગ્ય, આ મન્દ, આ તીવ્ર, આ તીવ્રતર, આ સગુણ ઉપાસના, આ મનોનાશ, આ વાસનાક્ષય, આ વિદેહમુક્તિ, આ જીવન્મુક્તિ." એવી રીતે વિવિધ પ્રકારનાં નામરૂપ, ગુણવિકાર અને શક્તિને આશ્રયે રહેલા આ સમસ્ત આન્તરપ્રપંચને પૃથક્ પૃથક્ જુદો પાડીને આપણે જાણી શકીએ છીએ; એ આન્તર પ્રપંચ આપણને જાણી શકાતો નથી, સમ્યક્ દૃષ્ટિથી વિચાર કરી જોતાં, આ આન્તર પ્રપંચને આપણે જાણીએ છીએ, તેથી આત્માના ચિત્–લક્ષણના સદ્‌ભાવને લીધે એ ચિતરૂપ છે એમ સિદ્ધ થાય છે.

**આત્માને જાણવાનું સાધન મન**

શિષ્ય :–એ ચિત્ રૂપ આત્માને તો કોઈ જાણી શકતું નથી, એમ આપે પહેલાં કહ્યું હતું એનું કેમ? મન વડે સકલ પદાર્થોનું જ્ઞાન થાય છે, તો પછી આત્માને પણ મન વડે જાણી શકાતો હશે!

ગુરુ :–સાંભળ, મન ઉત્પત્તિ વિનાશવાળા તથા સંકલ્પરૂપ, પરિચ્છિન્ન અને ઘડાની પેઠે પંચભૂતનું કાર્ય છે; તેમ જ કામાદિ વિકારથી કલુષિત થયેલું અને સ્મૃતિ વિસ્મૃતિવાળું છે. એવા મનને જડ અને પોતાના પ્રકાશ વિનાનું જાણવું જોઇએ. એ મન પણ ચિત્ વડે ઓળખાય છે તેથી આવી જાતનું જડ મન સ્વપ્રકાશ ચિત્-સ્વરૂપ આત્માને કેવી રીતે જાણે? કોઇ પણ રીતે ન જ જાણી શકે એમ સમજ.

શિષ્ય :–ત્યારે "मनसैवानुद्रष्टव्यम् " મનવડે એનું દર્શન થાય છે." એવું શાસ્ત્ર વાકય છે એનો શું અર્થ ?

ગુરુ :–સાંભળ. અગ્નિમાં તપાવ્યા પછી સુવર્ણમાં ચળકાટ આવે છે, એવો વ્યવહાર છે. પણ સુવર્ણમાં જણાતો ચળકાટ કાંઇ અગ્નિમાંથી નવો પ્રાપ્ત થતો નથી, કિંતુ અગ્નિમાં તપાવવાથી સુવર્ણનો મેલ નીકળી જાય છે અને સુવર્ણનો પૂર્વસિદ્ધ ચળકાટ સ્વયંપ્રકાશિત થાય છે, કાંઈ નવો ચળકાટ ઉત્પન્ન થતો નથી. જો એ ( ચળકાટ ) નવો નીકળે છે એમ કહીએ તો ભઠ્ઠીમાં પડેલા ઘડાને પણ એવો ચળકાટ અગ્નિથી પ્રાપ્ત થવો જોઇએ; પણ એમ દેખાતું નથી. એ પ્રમાણે આત્માકારે પરિણામ પામેલું મન, આત્માના પ્રતિબિમ્બની સાથે એક થઈને સતરૂપી આત્માને આવરણ કરી રાખનાર ( ઢાંકી રાખનાર ) મિથ્યાભૂત અનાદિ અજ્ઞાનનો બાધ કરે છે, એટલે તે અજ્ઞાનનો નિરાસ થતાં સ્વરૂપ-ભૂત આત્મા સ્વયં જ પ્રકાશિત થાય છે. એ ઉપરથી "મનવડે જ એનું દર્શન થઈ શકે છે." એમ કહેવાનું શાસ્ત્રનું તાત્પર્ય છે, અને તેથી આત્મા જ મનને જાણે છે, નહિ કે મન આત્માને ઓળખે છે, એમ સિદ્ધ થાય છે.

શિષ્ય :–એ જરા વિશેષ સ્પષ્ટ કરીને સમજાવો.

ગુરુ:-સાંભળ: દીપકથી અન્ધકારનો નાશ થઈ શકે તેમ હોય તેવા સ્થળમાં કોડીયું, તેલ અને વાટ ત્રણે જૂદાં જૂદાં પડયાં હોય તો અન્ધકારનો નાશ કરી શકતાં નથી; અન્ધકારનો વિરોધી અગ્નિ તત્ત્વરૂપે સર્વત્ર પરિપૂર્ણ હોવા છતાં પણ, એ સાધનોની સહાયતા વિના કેવલ એકલો જ પોતાની મેળે એ અંધકારનો નાશ કરી શકતો નથી, પરંતુ એ ત્રણે ( કોડીઉ, તેલ અને વાટ )ની સાથે સંબંધ પામેલો અગ્નિ દીપક નામ ધારણ કરીને અંધકારનો બાધ કરે છે. એવી જ રીતે અહિં પણ કોડીઆરૂપી શરીરમાં કર્મરૂપી તેલથી, ભીંજાવેલા વાટરૂપી મનમાં, અગ્નિરૂપ આત્મા આરૂઢ થાય છે, તેની સાથે અભેદરૂપ બનીને જીવનામ ધારણ કરે છે, અને ભિન્ન ભિન્ન વિષયના આવરણ કરનાર અજ્ઞાનરૂપ અંધકારનો નિરાસ કરીને, દીપક જેમ ઘટાદિ પદાર્થોને પ્રકાશે છે, તેમ બાહ્ય અને આભ્યન્તર પદાર્થોને પ્રકાશિત કરે છે; તેથી હે પુત્ર ! દીપકનો પ્રકાશ પોતાના પ્રકાશથી પોતાને પ્રકાશવા ઉપરાંત જેમ એના સંબંધમાં આવનાર પદાર્થોને પણ પ્રકાશિત કરે છે, તેમ સ્વપ્રકાશમાન આત્મા પણ પોતાના ચૈતન્ય વડે અંતઃકરણમાં આરૂઢ થઈને પોતાના સંબંધમાં આવનાર બાહ્ય તેમ જ આભ્યન્તર પદાર્થોને પ્રકાશિત કરે છે: આવી રીતે આત્માનું ચિત્-રૂપ સિદ્ધ થાય છે.

**આનન્દનું વિવેચન**

હવે આનન્દ-રૂપતાનું વર્ણન કરીએ. જે સુખ નિત્ય, નિરુપાધિક અને નિરતિશય ( પૂર્ણ ) હોય છે, તે આનન્દ કહેવાય છે; અને એ જ આત્માનું સ્વરૂપ છે. પણ પુષ્પમાળા, ચંદન તથા વનિતા વગેરે વિષયોમાંથી ઉત્પન્ન થનારૂં સુખ અનિત્ય, ઉપાધિવાળું અને અતિશયતાવાળું હોવાથી એ આત્મ-

સ્વરૂપનો આનંદ કહેવાતું નથી. તેથી પૂર્વોકત આનંદ જ આત્માનું સ્વરૂપ છે.

શિષ્ય :–તે કેવી રીતે ?

ગુરુ :–સુષુપ્તિના આનંદમાં તે સુખનાં લક્ષણ વિદ્યમાન હોય છે, તેથી તે આનંદ હું છું એમ તું જાણ.

શિષ્ય :–સુષુપ્તિમાં દુઃખની નિવૃત્તિ દેખાય છે પણ આપ કહો છો તેવા આનંદનો અનુભવ થતો નથી, તેથી એ સુષુપ્તિમાં આનંદનાં લક્ષણનો કેવી રીતે વિચાર સંભવે ?

ગુરુ :–આ જગતમાં સૂઈને ઉઠેલો પુરુષ "હું આટલો વખત સુખપૂર્વક સૂતો હતો" એમ સુષુપ્તિમાં આત્માના સુખના સદ્‌ભાવની સાક્ષી પૂરે છે. તેથી સુષુપ્તિમાં સૌને આનંદનો સ્વાનુભવ હોય છે.

શિષ્ય :–ત્યારે આપનાં કહેલાં નિત્યપણું, નિરુપાધિકપણું, અને નિરતિશયપણું એ ત્રણે લક્ષણો સુષુપ્તિના આનંદમાં સિદ્ધ થતાં હોય તો તે કેવી રીતે થાય છે એ સમજાવશો !

**આત્માનું નિરુપાધિકપણું.**

ગુરુ :–પ્રથમ નિરુપાધિકપણું કહું છું. પુષ્પમાળા, ચંદન અને વનિતા વગેરે વિષયો ઉપાધિ કહેવાય છે, અને એમાંથી પ્રાપ્ત થતું સુખ ઔપાધિક કહેવાય છે. એવા ઉપાધિઓમાંથી કોઈપણ ઉપાધિ સુષુપ્તિમાં દેખાતો નથી, પણ સુખનો તો સર્વને અનુભવ થાય છે; તેથી સુષુપ્તિમાં નિરુપાધિક આનંદ હોય છે, એમ જાણવું જોઈએ.

શિષ્ય :–તેનું નિરતિશયપણું કેવી રીતે સમજાય ?

ગુરુ :–મનુષ્યના આનંદથી માંડીને હિરણ્યગર્ભના આનંદ સુધીના અગીઆર પ્રકારના આનંદ છે, તે એકથી સો ગણા વિશેષ છે, તેથી તેઓના આનંદ અતિશયતાવાળા કહેવાય છે. એ બધામાં બ્રહ્માનંદ ઉત્કૃષ્ટ, નિરવધિક, તેમ જ તેના પોતાના આનંદથી અધિકતાનો અભાવ હોવાથી એનું નિરતિશયપણું ( શાસ્ત્રમાં ) કહ્યું છે. સમસ્ત મનુષ્યો "સુષુપ્તિનું સુખ એ જ ( સાચું ) સુખ છે, વિષયજન્ય સુખ એ કાંઈ સુખ નથી" એમ સ્ત્રીપુત્રાદિકથી પ્રાપ્ત થતાં સુખનો પણ ત્યાગ કરીને કોમલ શય્યા વગેરે સાધનો પ્રયત્નથી મેળવે છે, અને સુષુપ્તિનું સુખ ભોગવે છે. એનો અનુભવ કરતી વખતે સૌંદર્યવતી મોહિની સ્ત્રી જગાડવા આવે તો પણ તેને મારી બેસે છે. તે વખતે તેમને બીજી કશી ઇચ્છા હોતી નથી. પુનઃ ઉઠીને પણ એ જ આનંદનું સ્મરણ રાખીને વળી પાછો એનો એજ અનુભવ કરવા માટે સૂઈ જાય છે. આ ઉપરથી સુષુપ્તિના આનંદમા નિરતિશયપણું છે એમ સમજાય છે.

**આત્માનું નિરતિશયપણું.**

શિષ્ય :–હવે નિત્યપણું સમજાવો.

ગુરુ :–જાગ્રત અને સ્વપ્નનાં સુખનો અનેક રૂપે અનેક વિષયો દ્વારા પૃથક્ પૃથક્ અનુભવ થતો હોવાથી એ પરિચ્છિન્ન છે અને એ ઉપરથી એની અનિત્યતા સિદ્ધ થાય છે. સુષુપ્તિનું સુખ તો એકરૂપ અને પૂર્ણ છે. તેમ એ વિષયજન્ય પણ નથી તેથી નિત્ય છે.

**આત્માનું નિત્યપણું**

શિષ્ય :–એ જો નિત્ય હોય તો જાગ્રત અને સ્વપ્નમાં પણ

એનો અનુભવ થવો જોઇએ, પણ એ વખતે એનો અનુભવ થતો નથી!

ગુરુ:–જાગ્રત અને સ્વપ્નમાં પણ એ સુખ છે ખરું, કિંતુ (વિષય) વૃત્તિઓ વડે ઢંકાઇ રહેલું હોવાથી અનુભવમાં આવતું નથી.

શિષ્ય:–કારણભૂત આનંદને કાર્યરૂપ અંતઃકરણની વૃત્તિઓ કેવી રીતે આવૃત કરી (ઢાંકી) શકે?

ગુરુ:–સૂર્યને વાદળાં, અગ્નિને ધૂમાડો અને રજજુને સર્પ જેમ આવૃત કરી રાખે (ઢાંકે) છે, તેમ કાર્યભૂત હોવા છતાં પણ અંતઃકરણની વૃત્તિઓ બ્રહ્માનંદને આવૃત્ત કરે છે. જેવી રીતે અગ્નિ અને સૂર્ય રાખ અને ધૂમસવડે મૂઢ બાલકની દૃષ્ટિએ આચ્છાદિત જેવાં દેખાય છે, તો પણ વિવેકીની દૃષ્ટિએ તે આવૃત્ત હોતાં નથી. તેવી રીતે સુષુપ્તિનો બ્રહ્માનંદરૂપ આનંદ જાગ્રત તથા સ્વપ્નાવસ્થામાં બહિર્મુખ પુરુષોને આવૃત્ત જેવો દેખાય છે, પણ વિવેકી અન્તર્મુખ પુરૂષોને લાગતો નથી. બ્રહ્માનંદ જ પોતાનું સ્વરૂપ હોવાથી તેઓને તો ત્રણે કાલમાં એ એકરૂપે જ પ્રતીત થાય છે. આથી બ્રહ્માનંદથી અભિન્ન એવા સુષુપ્તિના આનંદનું નિત્યપણું સિધ્ધ થાય છે.

આવી રીતે બ્રહ્માનંદનાં નિરુપાધિક, નિરતિશય, અને નિત્ય એ ત્રણ પ્રકારનાં લક્ષણોનો આપણને અનુભવ થાય છે, તેથી આપણું સ્વરુપ આનંદરૂપ છે; અને શ્રુતિ, યુકિત તથા અનુભવથી સત્–ચિત્–આનંદનાં લક્ષણો આપણામાં સિધ્ધ થતાં હોવાથી આપણા આત્માનું સચ્ચિદાનંદ બ્રહ્મપણું સિધ્ધ થાય છે.

શિષ્ય :–આપણે સચ્ચિદાનંદ સ્વરૂપ છીએ, એવો અનુભવ કેવી રીતે ઉત્પન્ન થાય ?

**શ્રવણ, મનન અને નિદિધ્યાસન**

ગુરુ :-છ પ્રકારનાં લિંગ દ્વારા વેદાન્ત શાસ્ત્રના તાત્પર્યનું ગુરુમુખથી શ્રવણ, સાવધાનતા (એકાગ્રતા) પૂર્વક શ્રવણ પ્રમાણે મનન, અને મનન અનુસાર નિદિધ્યાસન કર્યા પછી "સચ્ચિદાનંદ બ્રહ્મ હું જ છું." એવું દીર્ઘકાલ રહે તેવું જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, એ પરોક્ષ જ્ઞાન કહેવાય છે.

**પરોક્ષ અને અપરોક્ષ જ્ઞાન**

ત્યાર પછી આ પરોક્ષ જ્ઞાનનાં સાધન પણ છુટી જાય; "હું કર્તા, આ મારૂં કર્મ, આ મારી જાતિ, આ મારો વર્ણ, આ મારો આશ્રમ" એવું સર્વ અભિમાન છોડી દેવાય; "હું બ્રહ્મ છું–अहं ब्रह्मास्मि બ્રહ્મ જ હું છું ब्रह्मैवाहस्मि" એવો અનુભવ, એને માટેના પ્રયત્ન, એમાં કર્તૃત્વબુદ્ધિનો ત્યાગ, તેમ જ સુષુપ્તિ અવસ્થાના જેવો તુષ્ણી ( શાંત ) ભાવ પ્રાપ્ત થાય. પાણીમાં મીઠું ગળી જાય તેમ બ્રહ્મમાં લીન થયેલા અંતઃકરણવાળા, નિર્વિશેષ સ્થિતિમાં રહેનારા આવા મહાત્માને નિર્વિશેષજ્ઞાન સ્વયંભૂ સ્ફુરી આવે, એ જ અપરોક્ષ અનુભવ ( જ્ઞાન ) કહેવાય છે.

આવો અનુભવ જ્યારે થાય છે, ત્યારે એ પુરુષ પોતાના આત્માના અનુભવરૂપ અને આનંદસ્વરૂપ બને છે. એ આનંદનો મહિમા તો એ પોતે જ જાણે, અન્ય કોઇ નહીં. તેમ જ આનંદનું પ્રતિપાદન કરનારૂં વેદાન્તશાસ્ત્ર પણ જાણતું નથી. એનું

વાણીથી વર્ણન થઈ શકતું નથી. આનંદનો અનુભવ કરનાર તે પુરૂષ જ કેવળ એ આનંદનો અનુભવ કરી શકે છે. સુષુપ્તિના આનંદની પેઠે અન્યની પાસે એનું એ વર્ણન કરી શકતો નથી. મનથી એનું સ્મરણ કરી શકતો નથી; હે પુત્ર! તારો સ્વાનુભવ પણ તું જ અનુભવી શકે.

**ગુરુમાં ઇશ્વરની પ્રત્યક્ષતા.**

જે ઇશ્વર કૃપા કરીને ગુરુરૂપે પ્રત્યક્ષ થઈને તને ઉપદેશ કરે છે, તે ગુરુરૂપ ઇશ્વર પણ એ આવો છે એમ કહેવા શકિતમાન નથી. હે તાત! એમ તું સ્વાનુભવને જાણતાં છતાં પણ અજાણ્યાની પેઠે આનંદરૂપ બનીને સ્થિતિ કર.

## દ્વાદશ વર્ણક

આ દ્વાદશ વર્ણકમાં ગુરૂદેવ કૃપાપૂર્વક આત્માનાં અખંડાર્થ તથા રહસ્ય સમજાવે છે.

**આત્માની અખંડ અર્થતા**

શિષ્ય :-હે સ્વામી! અત્યાર સુધીના અગીઆર વર્ણકોમાં આપે ઉપદેશ કરેલા અર્થ વડે દેહાદિ પંચકોશમાંથી अहम्-मम-હું અને મારું" એવી આત્મીયપણાની બુદ્ધિ હતી એ તો ગળી ગઇ. બુદ્ધિને પ્રકાશિત કરનાર સચ્ચિદાનંદ સ્વરૂપ જે બ્રહ્મ તે જ હું છું" એવું આત્મજ્ઞાન આવ્યું. સમસ્ત સંશયો નાશ પામ્યા, તથાપિ પુનઃ જે એક સંશય રહ્યો છે, તે કહું છું તે કૃપા કરીને સાંભળો, આ

આત્મા સત્-રૂપ, ચિત્-રૂપ અને આનંદ-રૂપ છે એમ આપે કહ્યું, ખરૂં ને! પણ એ ત્રણ પ્રકારનાં રૂપ પ્રતિપાદન કરનારાં ત્રણ પદો ભિન્ન ભિન્ન ભેદવાળા ત્રણ અર્થનું પ્રતિપાદન કરે છે કે, એ ભિન્ન ભિન્ન અર્થવાળાં છે, એમ કેવલ મને જ ભાસે છે? એટલા માટે ભિન્ન ભિન્ન અર્થ પ્રતિપાદન થતો હોય એમ જણાતાં આ સત્, ચિત્ અને આનંદ એ ત્રણ પદનો અખંડ અર્થ કેવી રીતે સિદ્ધ થાય છે એ સમજાવો તો ઠીક.

શિષ્યનું આવું વચન સાંભળીને ગુરૂદેવ ઉપદેશ કરે છે.

ગુરુઃ—હે પુત્ર! અખંડ અર્થ શું એમ પૂછે છે તો સાંભળ.

**દેશ, કાલ અને વસ્તુ-પરિચ્છેદ.**

દેશપરિચ્છેદ, કાલપરિચ્છેદ અને વસ્તુ-પરિચ્છેદ એમ ત્રણ પ્રકારના પરિચ્છેદ વિનાનો જે અપરિચ્છિન્ન અર્થ હોય એ અખંડ કહેવાય છે એમ પહેલાં સમજ.

શિષ્યઃ—ત્યારે એ અખંડના ત્રણ લક્ષણવાળા અર્થો શા માટે કહ્યા?

ગુરુઃ—આકાશના પણ વ્યાપકપણાને લીધે એ દેશપરિચ્છેદથી રહિત છે; એની અખંડમાં અતિવ્યાપ્તિ ન થાય એટલા માટે એમાં કાલપરિચ્છેદ છે એમ કહ્યું છે. આકાશ ઉત્પત્તિ-વિનાશવાળું હોવાથી એમાં કાલપરિચ્છેદ છે, એથી અખંડમાં એની અતિવ્યાપ્તિ થવાનો સંભવ નથી. દેશ અને કાલ, એ બે પરિચ્છેદથી જ એ (આત્મા) રહિત છે એમ કહીએ તો કાલની અતિવ્યાપ્તિ થાય છે; (કારણ કે કાલ પણ કાલપરચ્છિેદથી રહિત છે.) કાલમાં જેમ દેશપરિચ્છેદ નથી, તેમ પોતે પોતાને પરિચ્છિન્ન ન કરી શકે

એટલા માટે એમાં કાલપરિચ્છેદ નથી; અને તેથી એમાં વસ્તુ-પરિચ્છેદ પણ નથી એમ કહ્યું છે. કારણ કે કાલના કરતાં બીજી વસ્તુઓનો સદ્ભાવ છે, તેથી એમાં વસ્તુપરિચ્છેદ છે. પરંતુ આ આત્મા તો વ્યાપક છે તેથી દેશપરિચ્છેદથી રહિત છે. નિત્ય છે તેથી કાલપરિચ્છેદથી રહિત છે. અદ્વિતીય છે, તેથી વસ્તુપરિચ્છેદથી રહિત છે—એમ ત્રણે લક્ષણો એમાં સિદ્ધ કરવા માટે એ અખંડનાં ત્રણે લક્ષણો કહ્યાં છે એમ સમજ.

**આત્મા અને દેશ-પરિચ્છેદ.**

શિષ્ય :—આત્મા અખંડ છે એમ આપે ઉપર પ્રમાણે અખંડ અર્થનાં લક્ષણો આત્મામાં કહી બતાવ્યાં; પણ મને એ આત્મામાં દેખાતાં નથી; કારણ કે આ દેશમાં રહું છું, પેલા દેશમાં રહું છું, એવો સર્વને અનુભવ થાય છે, તેથી એ દેશ-પરિચ્છેદ રહિત હોય એમ જણાતું નથી. હું અમુક વર્ષે જન્મ્યો. આજથી દશ વર્ષ પછી મરીશ. એવા અનુભવથી એમ જણાય છે કે એ કાલપરિચ્છેદથી રહિત છે એમ જણાતું નથી. હું બ્રાહ્મણ નથી, હું ક્ષત્રિય નથી. આવા અનુભવોને લીધે આત્મામાં વસ્તુપરિચ્છેદ નથી એમ પણ કહી શકાય એમ નથી; તો પછી આત્મા ત્રણે પરિચ્છેદથી રહિત છે એમ આપે કેમ કહ્યું ?

ગુરુ :—પહેલાં મેં તને એકાદશ વર્ણકમાં આત્મા અને અનાત્માનાં લક્ષણો કહ્યાં હતાં તે વખતે આત્મા પરિપૂર્ણ છે, અને અનાત્મા પરિચ્છન્ન છે; સમસ્ત દશ્યપ્રપંચ અધ્યસ્ત છે, એવો ઉપદેશ કર્યો છે તે યાદ હશે છતાં પણ હજુ આત્માનાં લક્ષણોના વિષયમાં શંકા કરે છે, આ ઉપરથી તું શિષ્ય છે કે કોઇ પ્રતિવાદી છે એવો સંદેહ ઉત્પન્ન થાય છે. જો તું શિષ્ય

હોય તો અમે હજુ કૃપા કરશું: જો પ્રતિવાદી હોય તો ક્ષમા કરીને મૌન ધારણ કરશું અથવા ક્રોધથી શાપ આપશું.

શિષ્ય :–આપનો કોપ વાદીને ફલીભૂત થાય ખરો કે?

ગુરુ :-શિષ્યને ઉપદેશ નિમિત્તે કરેલો અનુગ્રહ જો ફલીભૂત થાય છે, તો વાદી પ્રતિ કરેલો નિગ્રહ પણ ફલીભૂત થવો જોઇએ. સંસારમાં નિગ્રહ અને અનુગ્રહના સામર્થ્યવાળા ઇશ્વર અને બ્રહ્મજ્ઞાનીમાં કશો યે ભેદ નથી એમ જાણજે.

શિષ્ય :–ત્યારે હે સ્વામી! હે સદ્ગુરો! હું તો આપનો કૃપાપાત્ર થયેલો શિષ્ય છું. મને તો આ એક સંદેહ થયો છે એ પૂછું છું.

ગુરુ :–એમાં જો કુતર્ક ન હોય તો સાંભળ, આ દેશ, કાલ અને વસ્તુના ત્રણ પરિચ્છેદ વસ્તુતઃ દેહ ( અનાત્મા )ના છે. પરિપૂર્ણ પ્રત્યક્ આત્મામાં એ ત્રણ પરિચ્છેદ છે જ નહિ.

શિષ્ય :-પ્રત્યક્ આત્મસ્વરૂપ પરિપૂર્ણ બ્રહ્મમાં દેશપરિચ્છેદ નથી એમ શી રીતે કહેવાય?

ગુરુ :–"ઘડો છે, વસ્ત્ર છે, ભીંત છે, કોઠાર છે" તેમજ "પૃથ્વી છે, જલ છે, તેજ છે, વાયુ છે, આકાશ છે," એવી રીતે ભૂતભૌતિક પ્રપંચમાં સત્ રૂપનો અનુભવ થતો હોવાથી આત્માનું વિભુત્વ ( સદ્ભાવની વ્યાપકતા ) સિદ્ધ થાય છે. આવી રીતે સર્વવ્યાપક આત્મામાં દેશપરિચ્છેક નથી.

આવી જ રીતે પૂર્વોક્ત યુકિત અનુસાર આત્મા અનાદિ છે

**આત્મા અને કાલ-પરિચ્છેદ.**

તેથી એમાં ભૂતકાલનો પરિચ્છેદ નથી. નિત્ય હોવાથી એમાં ભવિષ્યત્ કાલનો પરિચ્છેદ નથી. આમ ભૂતકાલ અને ભવિષ્યત કાલની સાથે સંબંધ ધરાવનાર હોવાથી આત્મા એક જ છે અને તેથી એમાં વર્તમાન કાલનો પરિચ્છેદ પણ સંભવતો નથી.

શિષ્ય :–ત્યારે આત્મા વસ્તુપરિચ્છેદથી કેવી રીતે રહિત છે ?

**આત્મા અને વસ્તુ-પરિચ્છેદ.**

ગુરુ :–આત્મા સર્વ (વસ્તુઓ)નો આત્મા (સ્વરૂપ–પોતાપણું) હોવાથી એમાં વસ્તુપરિચ્છેદ નથી.

શિષ્ય :–વસ્તુઓ કઇ ?

**સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદ.**

ગુરુ :-સજાતીય ભેદ, વિજાતીય ભેદ અને સ્વગત ભેદવાળી એમ ત્રણ પ્રકારની વસ્તુઓ છે. એક વૃક્ષનો બીજા વૃક્ષથી ભેદ હોય તે સજાતીય ભેદ છે; વૃક્ષનો પત્થર વગેરેની સાથેનો ભેદ વિજાતીય ભેદ છે; અને વૃક્ષના પોતાનાં પત્ર, પુષ્પ, ફલ વગેરેની સાથેના ભેદને સ્વગત ભેદ કહે છે. આ ત્રણે પ્રકારના ભેદોનો આત્મામાં અભાવ હોવાથી આત્મા ભેદશૂન્ય (રહિત) છે; તેથી આત્મામાં વસ્તુપરિચ્છેદ પણ નથી.

શિષ્ય :–આત્મામાં સજાતીય, વિજાતીય, અને સ્વગત ભેદ નથી એમ નહિ કહી શકાય, કારણ કે ચૈતન્ય એક જ હોવા છતાં બ્રહ્મચૈતન્ય, ઇશ્વરચૈતન્ય, કૂટસ્થચૈતન્ય, અને જીવચૈતન્ય, એવી રીતે પૃથક્ પ્રથક્ છે, તેથી એમાં સજાતીય ભેદ છે. બ્રહ્મ આત્મસ્વરૂપ અને પ્રપંચ અનાત્મ સ્વરૂપ એમ બન્ને છે, તેથી વિજાતીય ભેદ સિદ્ધ છે, બ્રહ્મમાં સત્, ચિત્ અને આનંદ એમ ત્રણ લક્ષણો

જણાતાં હોવાથી એમાં સ્વગત ભેદ પણ છે. આવી રીતે ત્રણે ભેદ હોવા છતાં પણ આત્મામાં ત્રણે ભેદ નથી એમ કેમ કહી શકાય ?

**આત્મા અને સજાતીય ભેદ.**

ગુરુ :–સાંભળ, આકાશ એક જ હોવા છતાં પણ ઉપાધિના ભેદને લીધે મહાકાશ, મેઘાકાશ, ઘટાકાશ અને જલાકાશ (ઘડાના જલમાં પ્રતિબિંબિત થયેલું આકાશ), એમ (ચાર) ભેદવાળું પ્રતીત થાય છે, તેવી જ રીતે કેવલ એક જ ચૈતન્ય માયાની ઉપાધિને લીધે બ્રહ્મ અને ઈશ્વર, તથા અવિદ્યાની ઉપાધિને લીધે કૂટસ્થ અને જીવ એમ પ્રતીત થાય છે. વિચાર કરી જોતાં એમાં સજાતીય ભેદ જણાતો નથી.

**આત્મા અને વિજાતીય ભેદ.**

વિજાતીય ભેદ કેવી રીતે નથી એ પણ સાંભળ; જેમ રજ્જુની સત્તા વિના સર્પની સત્તા નથી; આકાશની સત્તા વિના નીલ-વર્ણની સત્તા નથી, તેવી રીતે આત્માની સત્તા વિના અનાત્માની સત્તા જ નથી. અધિષ્ઠાનની સત્તા વિના સમસ્ત આરોપિત કરેલાની સત્તા કેવલ મિથ્યા જ છે. મિથ્યા એટલે જેમ વન્ધ્યાના પુત્ર અને સસલાના શીંગની પેઠે ત્રિકાલમાં જેનું અસ્તિત્વ ન હોય તે. પરમાર્થ દૃષ્ટિથી જોતાં અનાત્માનું અસ્તિત્વ જ નથી તેથી આત્મામાં વિજાતીય ભેદ નથી.

**આત્મા અને સ્વગતભેદ.**

હવે સ્વગત ભેદ કેમ નથી તે કહું છું. ‘આત્મા, સાક્ષી, કૂટસ્થ, પારમાર્થિક, પ્રાજ્ઞ, બ્રહ્મ, સત્, ચિત્, આનંદ, નિત્ય, એક, પરિપૂર્ણ” ઇત્યાદિ વિધિવાક્યોનાં અને “અસ્થૂલ, અનાણુ, અદ્વૈત

અચિન્ત્ય, અવિકારી, અવિનાશી, અકર્ત્તા, અકારયિતા " ઈત્યાદિ નિષેધ વાકયોનાં નામોનું તેના સ્વરૂપનો ભેદ સિધ્ધ કરી બતાવવામાં નહિ, પણ એક જ નિર્વિશેષ એવા આત્મસ્વરૂનો બોધ કરવામાં તાત્પર્ય છે. કારણ કે આત્મા નિર્વિશેષ અને નિરંશ છે; તેથી સ્વગત ભેદ પણ નથી એમ નક્કી જાણજે.

**સત્-ચિત્-આનંદ પર્યાય નથી.**

શિષ્ય :-સત્, ચિત્ અને આનંદ પદોનો ભિન્ન ભિન્ન અર્થ (વસ્તુ-પદાર્થ-ચીજ) પ્રતિપાદિત થાય છે, તેથી હસ્ત, કર અને પાણિ-એવા હાથ માટેના ત્રણ પર્યાય શબ્દોનાં જેવાં એ પદ તો નથી; "પણ પત્ર, પુષ્પ અને ફલવાળું વૃક્ષ છે" એમાં પત્ર વગેરે પદોથી પ્રતિપાદિત થયેલા વૃક્ષમાં ભેદ છે, તેવી જ રીતે એ ત્રણ પદોથી પ્રતિપાદત થતા આત્મામાં એવો ભેદ કેમ ન કહેવાય ?

ગુરુ: -"રાતો, ગરમ અને પ્રકાશવાળો દીપક છે" એમ ત્રણ ત્રણ શબ્દોવાળા દીપકમાં જેમ સ્વગત ભેદ નથી, તેમ આત્મા સત્-ચિત્ અને આનંદરૂપ છે એમ કહેવામાં પણ એમાં સ્વાગત ભેદ નથી.

શિષ્ય :-તો પછી "વૃક્ષ પત્ર, પુષ્પ અને ફલરૂપ છે" એ વાકયમાં પણ સ્વગત ભેદ નથી એમ કેમ કહેવાય ?

ગુરુ :-એમાં તો સમસ્ત વૃક્ષને "પત્રપુષ્પફલ"નું નામ આપી શકાતું નથી. વૃક્ષના એક પ્રદેશને પત્રરૂપ, અન્ય પ્રદેશને પુષ્પરૂપ અને ત્રીજા કોઇ પ્રદેશને ફલરૂપ નામ આપવામાં આવે છે તેથી એમાં સ્વગત ભેદ છે. " સત્-ચિત્-આનંદરૂપ આત્મા"

એ વાકયમાં તો આત્માનું સર્વાંશે સત્–ચિત્–આનંદરૂપ પ્રતિપાદિત થાય છે, તેથી "રાતો, ગરમ, પ્રકાશવાળો દીપક છે"' એમાં જેમ રતાશ, ગરમી અને પ્રકાશ સર્વાંશે પ્રતિપાદિત થનારા દીપકમાં સ્વાગત ભેદ નથી, તેમ આત્મામાં પણ નથી.

**ત્રણ લક્ષણનું તાત્પર્ય.**

શિષ્ય :–એમ હોય તો શ્રુતિ આત્મા સત્–રૂપ છે, ચિત્–રૂપ છે, અને આનંદરૂપ છે એમ પુનઃ પુનઃ ઉપદેશ કરે છે એનું શું કારણ? એક જ (લક્ષણના) ઉપદેશથી આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય એમ નથી?

ગુરુ :-તને શ્રુતિનું તાત્પર્ય સમજાવું તે સાંભળ. આત્મામાં રહેલા સત્-રૂપનો જગતમાં, ચિત્ રૂપનો બુદ્ધિ વગેરે જડમાં, અને આનંદરૂપનો પુત્રભાર્યા વગેરેમાં; અને તેનાથી ઉલટું જગતમાં રહેલા અસતરૂપનો, બુદ્ધિ વગેરેમાં રહેલા જડરૂપનો અને પુત્ર-ભાર્યા વગેરેમાં રહેલા દુઃખરૂપનો સચ્ચિદાનંદ આત્મામાં ભ્રાન્તિ અને અવિદ્યાને લીધે પરસ્પર આરોપ થયેલો છે; તેથી "સમસ્ત જગત સત્ય છે, બુદ્ધિ વગેરે ચૈતન્ય છે, પુત્રભાર્યા વગેરે આનંદ-રૂપ છે, અને હું નાશવાન છું, હું જડ છું, દુઃખી છું" એવી ભ્રાન્તિમાં બધાં ભ્રમણ કરે છે. એ ભ્રાન્તિની નિવૃત્તિ થાય એટલા માટે માતાના જેવી (હિતકારિણી) શ્રુતિઓ (પોતાના વત્સલ) જીવોને આ પ્રમાણે ઉપદેશ કરે છે:

**અખંડ અર્થમાં શ્રુતિપ્રમાણ.**

"હે જીવો! તમે સચ્ચિદાનંદરૂપ છો." એવો બોધ થાય એટલા માટે આત્મા સત્ રૂપ છે અનૃતરૂપ નથી. ચિત્-રૂપ છે જડ નથી. આનંદરૂપ છે દુઃખરૂપ નથી." એવો ભ્રાન્તિના નિવારણ

માટે સદુપદેશ કરે છે. સચ્ચિદાનંદ શબ્દથી શ્રુતિ આત્માનો ભેદ સમજાવતી નથી. સંસારમાં કેટલાએક મતવાદીઓ "આત્માનો સત્-રૂપ ધર્મ છે, ચિત્ અને સુખરૂપ ગુણો છે, અને તેથી આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ નથી" એમ કહે છે. તેનું નિવારણ કરવા માટે શ્રુતિ કહે છે કે "આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે" એમ સમજવું જોઈએ.

શિષ્ય :-આપે શ્રુતિનું તાત્પર્ય એવું જ છે એમ કેમ જાણ્યું ?

ગુરુ :-સમસ્ત શ્રુતિઓનું એક અખંડ અર્થ ( વસ્તુ-તત્ત્વ ) પ્રતિપાદિત કરવાનું જ તાત્પર્ય છે, એમ ઉપક્રમ, ઉપસંહાર વગેરે છ પ્રકારનાં લિંગોવડે નિશ્ચય કરી શકાય છે, તેથી શ્રુતિની માન્યતા સમજાય છે.

**અખંડ અર્થમાં યુક્તિમાણ.**

શિષ્ય :-હે સ્વામી ! એવી રીતે શ્રુતિદ્વારા અખંડ અર્થ સિધ્ધ થયો, હવે યુકિતદ્વારા પણ સિધ્ધ કરો તો બહુ કૃપા થશે.

**સત્ અને ચિત્નો અભેદ.**

ગુરુ :-સાંભળ, એ સત્ કાં તો સ્વયંપ્રકાશિત હોવું જોઇએ અથવા કોઇ અન્યદ્વારા પ્રકાશિત થાય છે એમ માનવું જોઈએ. એ પોતાની મેળે પ્રકાશિત થાય છે એમ માનીએ તો સત્ જ ચિત્ છે એમ નક્કી થાય છે. જો કોઇ અન્યદ્વારા પ્રકાશિત થાય છે એમ કહીએ તો એ સતને પ્રકાશિત કરનાર જે અન્ય વસ્તુ છે તે સત્થી વિલક્ષણ છે કે કોઇ અન્ય સત્ છે એવો પ્રશ્ન ઊભો થાય છે. સત્થી એ કોઈ વિલક્ષણ વસ્તુ ( અસત્ ) છે એમ માનીએ તો સસલાના શીંગના જેવા ( સત્થી વિલક્ષણ પદાર્થ)

અસતથી એ સત પ્રકાશિત થાય છે એમ કહેવું એ અસંભવિત છે. જો અન્ય કોઇ સત્ એ સતને પ્રકાશે છે એમ કહીએ તો એ પક્ષમાં એ બીજું સત્ પોતે પોતાને પ્રકાશે છે કે કોઇ અન્ય સતદ્વારા પ્રકાશિત થાય છે એવો વિકલ્પ ઊભો થાય છે. એના ઉત્તરમાં પણ જો એમ કહીએ કે અન્ય સત્ સ્વયં પોતાને પ્રકાશે છે તો એ સત્ જ ચિત્ છે, એમ નિર્ણય થાય છે, અને અન્ય વડે પ્રકાશિત થાય છે એમ કહીએ તો પ્રથમની પેઠે વળી પાછો વિકલ્પ આવીને ઊભો રહે છે. અને આમ ( ઉપરાઉપર ) વિકલ્પો કર્યા કરીએ તો આત્માશ્રય દોષ, અન્યોન્યાશ્રય દોષ, ચક્રકાપત્તિ દોષ, અનવસ્થા ાષ,–એવા અનેક દોષ ઉપસ્થિત થાય છે. એટલા માટે એ ( સત ) સ્વયંપ્રકાશિત છે એમ નક્કી થાય છે.

એ સત્ સ્વયંપ્રકાશ છે તેથી સત્ એજ ચિત્ છે અને ચિત્ એજ સત્ છે એમ એ બન્ને એક જ છે. વળી સત્નું પણ કોઇ અન્ય સત્ છે એવો વેદમાં કોઇપણ સ્થલે ઉલ્લેખ જણાતો નથી, તેથી સત્ સ્વયંપ્રકાશિત છે એમ નિશ્ચય થયો, અને સત્ એજ ચિત્ છે એમ સિધ્ધ થયું.

શિષ્ય –એ સ્વયંપ્રકાશમાન સતનું આનંદસ્વરૂપ કેવી રીતે સિધ્ધ થાય છે.

**સત્ચિત્નો આનન્દ સાથે અભેદ.**

ગુરુ :–પ્રથમ તો એ કે સત્ અદ્વૈત છે તેથી એ જ આનંદરૂપ છે. વળી જે આનંદ હોય તે પરિપૂર્ણ હોવો જ જોઇએ, એ પૂર્ણતા અલ્પમાં સંભવી શકે નહિ. અદ્વૈત સતમાં જ એ પૂર્ણતા સંભવિત છે, દ્વૈતમાં નહીં.

ગુરુ :-સત્ અદ્વૈત કેવી રીતે છે ?

ગુરુ :-હે પુત્ર ! સત્માં દ્વૈતપણું (દ્વિતીયતા) માનીએ તો એ સતથી એ દ્વૈતપણું કોઈ અન્ય સત છે કે સતથી વિલક્ષણ (અસત) છે ? પ્રથમ પક્ષ સંભવતો નથી કારણ કે શાસ્ત્ર, યુક્તિ અને અનુભવથી એ સિધ્ધ થતો નથી. બીજો પક્ષ અંગીકાર કરીએ તો એ અન્ય દ્વૈતને સતથી વિલક્ષણ (અસત્) માનવામાં સસલાના શીંગના જેવો (મિથ્યા) સ્વરૂપનો અભાવ હોવાથી એનું સદ્વિતીયપણું જ કહી શકાતું નથી. આવા બે વિકલ્પો વિના કોઇ ત્રીજો વિકલ્પ ઊભો થતો નથી. એક સત્ના કરતાં બીજા કોઈ સત્ના અભાવે એ (પ્રથમનું) સત્ અદ્વૈત જ સિધ્ધ થાય છે. એ (અદ્વૈત છે તેથી) એનાથી એની પૂર્ણતા સિધ્ધ થાય છે; તે (પૂર્ણતા)થી સ્વપ્રકાશ સત એજ આનંદ છે એમ સિધ્ધ થાય છે. આમ યુક્તિથી પણ સત, ચિત્, અને આનંદ એ ત્રણ પદોના અર્થનું અખંડપણું છે એમ સમજી લે.

હવે અનુભવથી એ અર્થનું અખંડપણું સિધ્ધ કરીએ.

**અખંડ અર્થમાં અનુભવપ્રમાણ**

પૂર્વે એકાદશ વર્ણકમાં પણ એ અખંડાર્થતા સમજાવી છે, તથાપિ દૃઢતા થાય એટલા માટે ફરી કહી સંભળાવું છું, તે લક્ષ્યપૂર્વક સાંભળ. સુષુપ્તિ અવસ્થામાં બધાને કેવલ અદ્વિતીય (અદ્વૈત) સુખનો જ અનુભવ થાય છે. જાગ્રત અને સ્વપ્નના જેવું એ સુખ ભિન્ન ભિન્ન પ્રકારનું નથી, કિંતુ એકરૂપ અને નિર્બાધ છે. (બાધિત ન થાય તેવું, જાય નહિ તેવું, નિત્ય, અવિનાશી) તેથી એ સુખ અદ્વૈત જ છે. તે અવસ્થામાં સૂર્યાદિ આલોક (પ્રકાશ આપનારા પદાર્થ)ની અપેક્ષા રહેતી નથી.

તેથી સુષુપ્તિના આનંદમાં સ્વયંપ્રકાશપણું છે અને તેને લીધે એ ચિત્-રૂપ છે, એમ સિધ્ધ થાય છે.

શિષ્ય :-એ સુષુપ્તિના આનંદના સ્વયંપ્રકાશપણામાં કાંઇ પ્રમાણ છે કે ?

ગુરુ :-સૂઇને ઉઠેલા પુરુષને "આટલા વખત સુધી હું સુખપૂર્વક સૂતો હતો" એવું સ્મરણ થાય છે. પૂર્વે અનુભવ કરેલાનું જ સ્મરણ થાય છે એવો નિયમ હોવાથી સુષુપ્તિમાં સુખનો અનુભવ હતો, એમ કહેવું જોઇએ. તે સમયે અનુભવનાં કારણરૂપ ઈન્દ્રિયો વગેરેનો અભાવ હોવાથી તે અનુભવ સુષુપ્તિ અવસ્થાના આનંદના સ્વયંપ્રકાશપણાને લીધે જ થાય છે, એમ માની લે.

શિષ્ય :-સુષુપ્તિના અનુભવમાં સુખ પ્રકાશે છે, તેમ અજ્ઞાનની પણ ખબર પડે છે, ત્યારે એ સુખ અને અજ્ઞાન-એ બેમાં સ્વયંપ્રકાશ વસ્તુ કઇ ?

ગુરુ :-વિચાર કરતાં જણાય છે કે સુખ જ સ્વયંપ્રકાશ વસ્તુ છે; અજ્ઞાન નહીં. કારણ કે અજ્ઞાન આવરણ સ્વરૂપ હોવાથી એમાં પ્રકાશનો અભાવ હોય છે; તેથી સુષુપ્તિમાં આત્મસ્વરૂપ સુખ જ સ્વપ્રકાશ હોઈને એમાં આરોપિત થયેલા અજ્ઞાનને પણ એજ પ્રકાશિત કરે છે. આમ અનુભવ પરથી પણ એ સુખ સ્વપ્રકાશ છે, તેથી સત્, ચિત્, આનંદ પદોનું અખંડાર્થપણું સિદ્ધ થાય છે.

આવી રીતે શ્રુતિ, યુક્તિ અને અનુભવથી આત્મામાં સ્વગત-ભેદ પણ નથી; અને તેથી સજાતીય, વિજાતીય તેમજ સ્વગત ભેદોનો અભાવ હોવાથી એમાં વસ્તુ-પરિચ્છેદ પણ નથી. દેશ, કાલ અને વસ્તુ ત્રણેના પરિચ્છેદનો અભાવ હોવાથી આત્મા

પરિપૂર્ણ છે એમ સિધ્ધ થયું, અને એ ઉપરથી એનું અખંડ તથા એકરસપણું પણ સિધ્ધ થયું.

હે પુત્ર! પરિપૂર્ણ અને આનંદરૂપ આત્મામાં દુઃખ આગન્તુક છે. તે દુઃખનું કારણ શરીર, શરીરનું કારણ કર્મ, કર્મનું કારણ રાગદ્વેષાદિ, રાગદ્વેષાદિનું કારણ અભિમાન, અભિમાનનું કારણ અવિવેક, અને અવિવેકનું કારણ અજ્ઞાન છે એમ જાણીને એ અજ્ઞાનનો જ્ઞાનથી જ બાધ કરવો જોઇએ. એ જ્ઞાન વિચારથી આવે છે. આત્મા સત્ય, જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. દેહાદિ પ્રપંચ અનૃત, જડ અને દુઃખરૂપ છે અને એ પ્રપંચ અધ્યારોપ છે એમ વિચાર કરીને તત્ અને त्वम् પદ વાકયમાંથી ઉત્પન્ન થનારા જ્ઞાનથી સ્વાત્માનું अहं ब्रह्मास्मि એવું પરોક્ષજ્ઞાન અને તેના અનુભવથી ઉત્પન્ન થતું સાક્ષાત્કાર-રૂપ અપરોક્ષ જ્ઞાન

**જ્ઞાન તથા જ્ઞાનીની શ્રેષ્ઠતા**

જે પ્રાપ્ત કરે છે,તે પછી ચંડાલ હોય કે દ્વિજ હોય, પણ તે ગુરુ છે, એવો મારો મત છે, અને કુટીચક, બહૂદક અને હંસ સંન્યાસીઓ કરતાં પણ અધિક પૂજનીય છે એવું શ્રી ભગવત્પાદ આચાર્ય ( શંકર )ના વચનથી સિધ્ધ થાય છે. એજ પરમહંસ છે એમ માનીને તું પણ મારી પાસેથી ઉપર પ્રમાણે જે શ્રવણ કર્યું, તે પ્રમાણે મનન, નિદિધ્યાસન અને સાક્ષાત્કાર કરીને નિત્ય, શુધ્ધ, બુધ્ધ, મુકત, સત્ય, પરમાનન્દ, અદ્રય બ્રહ્મરૂપે સ્થિતિ કર. એ સ્થિતિ પ્રાપ્ત થાય ત્યાં સુધી જ આચાર્યનું કથન અને શિષ્યનું શ્રવણ રહે છે, ત્યાર પછી તો નથી કૈં કહેવાનું કે નથી કૈં શ્રવણ કરવાનું. " ૐ "

સમાપ્ત